# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

દીપિકા પાદુકોણે 'પરીક્ષા પે ચર્ચા 2025'માં વિદ્યાર્થીઓને ટિપ્સ આપી, કહ્યું...



પેજ-09

રોહિત શર્માએ દુનિયાના 77 ખેલાડીઓને આપ્યું ટેન્શન !

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 17.00 |
| વડોદરા | 33.00 | 17.00 |
| સુરત | 33.00 | 19.00 |

પેજ 5



સેન્સેક્સ 122 પોઇન્ટ ઘટી 76,171 પર બંધ નિફ્ટી રિયલ્ટીમાં 2.74%નો ઘટાડો


13 FEBRUARY-2025 THURSDAY


ટ્રમ્પે વિદેશમાં ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓને સ્થગિત કર્યા : વિદેશી....



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76171.08 | ▼ | 122.52 |
| નિફ્ટી | 23045.25 | ▼ | 026.55 |
| સોનું | 85,380.00 | ▼ | 143.00 |
| ચાંદી | 95,162.00 | ▲ | 594.00 |


વર્ષ-14 । અંક-86 । વિક્રમ સંવત-2081 । મહા વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ચૂંટણીમાં રેવડી કલ્ચર પર ભડકી સુપ્રીમ કોર્ટ : ચૂંટણી વખતે રેવડીઓની જાહેરાત કરવી એ ખોટું

# મફતની યોજનાઓને કારણે લોકો કામ કરવા તૈયાર નથી

## ફ્રીબીઝ પર સુપ્રીમ કોર્ટ કેન્દ્ર અને ચૂંટણીપંચને નોટિસ આપી ચૂકી છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટનું માંનવું છે કે, મફતની રેવડી આપવાના કારણે લોકો કામ કરવા તૈયાર નથી. બુધવારે શહેરી વિસ્તારોમાં બેઘર થયેલા લોકો સંબંધિત કેસની સુનાવણી દરમિયાન કોર્ટ આ આકરી ટિપ્પણી કરી હતી. હાલમાં, આ મામલાની સુનાવણી 6 અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવી છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે શહેરી વિસ્તારોમાં બેઘર લોકો માટે ઘરના અધિકાર સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. તે દરમિયાન જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, ' આ દુર્ભાગ્યપૂર્ણ છે કે, મફત સુવિધાઓને કારણે લોકો કામ કરવા તૈયાર નથી. તેમને મફત રાશન મળી રહ્યું છે અને કોઈ કામ કર્યા વિના પૈસા પણ મળી રહ્યા છે.' સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભારત સરકાર શહેરી ગરીબી નાબૂદી મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે, જે શહેરી ગરીબો અને બેઘર લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવશે. કોર્ટે એટર્ની જનરલને આ યોજનાને લાગુ કરવામાં કેટલો સમય લાગશે અને તેમાં કયા પાસાઓનો સમાવેશ કરવામાં આવશે તેની તપાસ કરવા પણ કહ્યું છે. સુપ્રીમ કોર્ટે મફત રાશનના વિતરણ પર ટિપ્પણી કરી છે આ પહેલી વાર નથી જ્યારે કોર્ટે મફત વસ્તુઓ પર કડક ટિપ્પણી કરી હોય. આ પહેલા, 9 ડિસેમ્બર 2024ના રોજ, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા મફત રાશનના વિતરણ પર કડક ટિપ્પણી કરી હતી.



### તેઓ પણ સમાજની મુખ્યધારામાં જોડાય

ખંડપીઠે વધુમાં કહ્યું હતું કે, 'અમે તેમના પ્રત્યેની તમારી ચિંતાને સમજીએ છીએ, પરંતુ શું એ વધુ સારું નહીં રહે કે તેઓ પણ સમાજની મુખ્યધારામાં જોડાય અને તેમને પણ દેશના વિકાસમાં યોગદાન આપવાની તક મળે?' એટર્ની જનરલ આર. વેંકટરમણીએ બેન્ચને જણાવ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નાબૂદી મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે. જેના અંતર્ગત શહેરી વિસ્તારોમાં બેઘર થયેલા લોકોને આશ્રય આપવાની વ્યવસ્થા સહિત વિવિધ મુદ્દાઓનું સમાધાન કરવામાં આવશે.' ખંડપીઠે એટર્ની જનરલને કેન્દ્ર સરકાર પાસે શહેરી ગરીબી નાબૂદી મિશનને લાગુ કરવામાં કેટલો સમય લાગશે તેનો જવાબ માંગવાનો નિર્દેશ આપ્યો છે.

### મફત વસ્તુઓ પર સુપ્રીમ કોર્ટમાં 2 મુખ્ય અરજી...

**ઓક્ટોબર 2024:** અરજદાર શશાંક જે શ્રીધરે કહ્યું- મફત ભેટોને લાંચ ગણવી જોઈએ સોમવારે (14 ઓક્ટોબર)ના રોજ અરજદાર શશાંક જે શ્રીધરના વકીલ બાલાજી શ્રીનિવાસન દ્વારા CJI ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેંચ સમક્ષ આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે વિધાનસભા અથવા સામાન્ય ચૂંટણીઓ દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મફત યોજનાઓનાં વચનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 હેઠળ લાંચ અથવા મત માટે પ્રલોભન તરીકે ગણવામાં આવવું જોઈએ.

**જાન્યુઆરી 2022:** ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયે પીઆઈએલ દાખલ કરી ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાય મફત ભેટો સામે પીઆઈએલ સાથે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. ઉપાધ્યાયે પોતાની અરજીમાં ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મતદારોને આપવામાં આવતી મફત ભેટો અથવા ભેટોનાં વચનો પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી છે. આમાં એવી માગ કરવામાં આવી છે કે ચૂંટણીપંચે આવા પક્ષોની માન્યતા રદ કરવી જોઈએ.

# કુંભમાં 50 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી

### માનવ મહેરામણ, આસ્થાનો મહાકુંભ અને માઘી પૂનમ... મુસ્લિમોએ ભક્તો પર પુષ્પવર્ષા કરી



પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ 2025 અંગે યુપીના સીએમ યોગી આદિત્યનાથે કહ્યું, 'આ નવું ઉત્તર પ્રદેશ છે.' ઉત્તર પ્રદેશમાં 25 કરોડની વસતી છે અને ગઈકાલ સુધીમાં 50 કરોડ લોકો ડૂબકી લગાવી ચૂક્યા છે. બાગપતમાં, સીએમ યોગી આદિત્યનાથે કહ્યું, 'આજે, માઘી પૂનમના અવસર પર, કરોડો લોકો પ્રયાગરાજ મહાકુંભમાં ડૂબકી લગાવી રહ્યા છે.' આ નવું ઉત્તર પ્રદેશ છે, જેની વસતી 25 કરોડ છે અને ગઈકાલ સુધીમાં, પ્રયાગરાજમાં 50 કરોડ લોકો ડૂબકી લગાવી ચૂક્યા છે. પરંતુ કેટલાક લોકોને આ કામ ગુપ્ત રીતે કરવાની આદત હોય છે. તેમણે કોરોના વાયરસની રસી લીધી પણ દુનિયાને રસી ન લેવાનું કહેતા રહ્યા. તેમણે ગુપ્ત રીતે સંગમમાં ડૂબકી લગાવી અને પાછા આવ્યા પણ જનતાને ડૂબકી ન લગાવવાનું કહી રહ્યા છે.

### બે શીખની હત્યા મામલે 40 વર્ષે ન્યાય

# 1984ના રમખાણનો કેસ : કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમાર દોષિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

1984ના શીખ વિરોધી રમખાણોથી સંબંધિત સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યાના કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ નેતા સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા છે. આ મામલો પહેલી નવેમ્બર-1984નો છે, જેમાં પશ્ચિમ દિલ્હીના રાજનગર વિસ્તારમાં બે શીખો સરદાર જસવંત સિંહ અને સરદાર તરૂણ દીપ સિંહની હત્યા કરવામાં આવી હતી. તે દિવસે સાંજે લગભગ ચાર વાગ્યે હિંસાખોરોની એક ભીડે લોખંડના સળીયા અને લાકડીઓ લઈને પીડિતોના ઘર પર હુમલો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ દેશભરમાં શીખ વિરોધી રમખાણો ફેલાયા હતાં. રાજધાની દિલ્હીમાં પણ મોટે પાયે શીખોની હત્યા થઇ હતી. શીખવિરોધી રમખાણોની તપાસ કરનાર નાણાવટી પંચના એક રિપોર્ટમાં સજ્જન કુમારની ભૂમિકા ઉપર સવાલ ઉઠાવ્યાં બાદ સીબીઆઈએ 2005માં આ મામલો ફરીથી ખોલ્યો હતો અને સજ્જન કુમાર, કેપ્ટન ભાગમલ, મહેન્દ્ર યાદવ, ગિરધારી લાલ, કૃષ્ણ ખોખર અને બલવંત ખોખર વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.



### પૂર્વ સાંસદ સજ્જન કુમાર ભીડનું નેતૃત્વ કરી રહ્યા હતા : ફરિયાદીનો આરોપ

ફરિયાદીના જણાવ્યા મુજબ, કોંગ્રેસના તત્કાલીન સાંસદ સજ્જન કુમાર ભીડનું નેતૃત્વ કર્યું હતું. સજ્જન કુમાર પર આરોપ છે કે, તેમણે હુમલા કરવા માટે ભીડને ભડકાવ્યા હતા, ત્યારબાદ બંને શીખોને ઘરમાં જ જીવતા સળગાવી દેવાયા હતા. ભીડે ઘરમાં તોડફોડ, લૂંટફાટ અને આગ ચાંપી હતી.

### ફારુક અબ્દુલ્લાહનું મોટું નિવેદન

## દિલ્હીમાં AAPના પરાજય બાદ કહ્યું ઘણીવાર ભૂલ થઈ જાય છે

(એજન્સી) જમ્મુ-કાશ્મીર । તા. 12

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ I.N.D.I.A. ગઠબંધનના ભવિષ્યને લઈને નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લાહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ગઠબંધનની સ્પિરિટ પહેલાં હતી એ જ છે, પરંતુ ઘણીવાર આપણાથી ભૂલ થઈ જાય છે. જેમ કે દિલ્હીમાં થયું. જો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થઈ ગયું હોત તો પરિણામ કંઈક અલગ જ આવ્યું હોત. એક ન્યૂઝ એજન્સી સાથે વાત કરતાં નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષે કહ્યું કે, મને એ નથી ખબર કે કોંગ્રેસ અને AAP વચ્ચે ગઠબંધન કેમ ન થઈ શક્યું, પરંતુ ગઠબંધનમાં સામેલ તમામ નેતાઓ સાથે મળીને તેની ચર્ચા કરીશું. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ અગાઉ પણ I.N.D.I.A. ગઠબંધન અંગે નિવેદન આપ્યું હતું.



## અનમોલ બિશ્નોઇ અને ગોલ્ડી બ્રાર સહિત અમેરિકામાં છૂપાયેલા 10 ભારતીય મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર્સ રડારમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારતીય સુરક્ષા એજન્સીઓ ટુંક સમયમાં જ અમેરિકામાં રહેતા 10 મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર્સની યાદી અમેરિકન સુરક્ષા એજન્સીઓને સોંપી શકે છે. સૂત્રોના અનુસાર, આ યાદીમાં ગોલ્ડી બ્રાર, અનમોલ બિશ્નોઈ સહિત અન્ય ગેંગસ્ટર્સના નામ સામેલ છે. જો કે, ગત વર્ષ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ગુનાહિત મામલાઓમાં સહયોગ સમજૂતી હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સમજૂતી હેઠળ બંને દેશ એક-બીજાના અહીં છૂપાયેલા ગુનેગારો પર ગાળિયો કસવા અને તેમની માહિતી આપ-લે કરવા માટે પ્રતિબદ્ધ છે.



**મોદીના પ્રવાસ સાથે કોઈ લેવાદેવા નથી :** ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકન પ્રવાસ દરમિયાન ચર્ચામાં આવ્યો છે, પરંતુ સૂત્રોનું કહેવું છે કે, આ યાદી જાહેર કરવા સાથે વડાપ્રધાન મોદીના પ્રવાસને કોઈ સીધો સંબંધ નથી. આ કાર્યવાહી ભારત અને અમેરિકા વચ્ચે પહેલાથી જ એકબીજાની સહમતીનો ભાગ છે, જેને હવે લાગૂ કરાઈ રહી છે.

**ઉચ્ચ-સ્તરીય બેઠકો બાદ લેવાયો નિર્ણય :** ગત એક વર્ષમાં ભારત અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે આ મુદ્દે અનેક મહત્ત્વની બેઠકો થઈ ચૂકી છે. બંને દેશોની સુરક્ષા અધિકારીઓ વચ્ચે આ સહમતી બની હતી કે ગુનેગારો વિરૂદ્ધ સંયુક્ત કાર્યવાહી કરવામાં આવશે, જે હેઠળ હવે ભારતીય એજન્સીઓ માહિતી સોંપવાની પ્રક્રિયાને અંતિમ રૂપ આપી રહી છે. અમેરિકન સુરક્ષા એજન્સીઓની યાદીમાં સામેલ ગેંગસ્ટર્સની તપાસ કરશે. ગુનેગારોના પ્રત્યાર્પણને લઈને આગળની કાયદાકીય પ્રક્રિયા શરૂ થશે. બંને દેશ સંયુક્ત રીતે આ ગુનેગારો પર ગાળિયો કસવાની રણનીતિ બનાવશે. ભારત અને અમેરિકા વચ્ચે ગુનેગાર અને સુરક્ષા સહયોગને વધુ મજબૂત કરવા માટે આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આવનારા દિવસોમાં આ કાર્યવાહીને લઈને વધુ મોટા નિર્ણય લેવાઈ શકે છે.

## 13 વર્ષ પછી ઈન્ડિયાની ઈંગ્લેન્ડ સામે ક્લીન સ્વીપ

### અમદાવાદમાં ટીમ ઈન્ડિયાની 142 રનથી ભવ્ય જીત, ઈંગ્લેન્ડની કારમી હાર




(એજન્સી) અમદાવાદ । તા. 12

ભારતે ત્રીજી વનડેમાં ઈંગ્લેન્ડને 142 રનના મોટા માર્જિનથી હરાવ્યું. આ સાથે ટીમે ODI શ્રેણી 3-0થી ક્લીન સ્વીપ કરી. ઈંગ્લેન્ડે બુધવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટોસ જીતી બોલિંગ કરવાનું પસંદ કર્યું. ભારતે 356 રન બનાવ્યા. જવાબમાં અંગ્રેજી ટીમ 34.2 ઓવરમાં 214 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતીય ઓપનર શુભમન ગિલે સદી ફટકારી. શ્રેયસ અય્યરે 78, વિરાટ કોહલીએ 51 અને કેએલ રાહુલે 40 રન બનાવ્યા હતા. હર્ષિત રાણા, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને અર્શદીપ સિંહે 2-2 વિકેટ લીધી. ઈંગ્લેન્ડ તરફથી એક પણ બેટ્સમેન ફિફ્ટી ફટકારી શક્યો નહીં, આદિલ રશીદે 4 વિકેટ લીધી.

### ગિલ અને કોહલી વચ્ચે મહત્ત્વપૂર્ણ ભાગીદારી

ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરુઆત સારી રહી હતી. જો કે, કેપ્ટન રોહિત શર્મા માત્ર બે બોલ રમીને એક બોલમાં આઉટ થઇ ગયો હતો. ત્યાર બાદ શુભમન ગિલ અને વિરાટ કોહલીએ ઈનિંગને સંભાળતા મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. બંને ખેલાડીઓએ બીજી વિકેટ માટે 107 બોલમાં 116 રન કર્યા હતા. ત્યારબાદ ગિલ અને શ્રેયસ અય્યર વચ્ચે 93 બોલમાં 104ની ભાગીદારી થઇ હતી. કેએલ રાહુલે 29 બોલમાં 40 રન બનાવ્યા હતા. ભારતીય ટીમ 50 ઓવરમાં 356 રન બનાવવામાં સફળ રહી હતી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ઈંગ્લેન્ડની ટીમનું ક્લીન સ્વીપ થાય છે નહી? હાલ ભારત સીરિઝમાં 2-0થી આગળ છે.

### સરકાર એક નવું બિલ લાવશે... ખોટા કાગળીયા કરીને ઘુસવા બદલ 7 વર્ષ સુધીની કેદ અને 10 લાખ સુધીનો દંડ

# ભારતમાં વિઝા-પાસપોર્ટ વિના એન્ટ્રી સામે કડક નિયમો બનાવાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

એવું લાગે છે કે સમગ્ર વિશ્વમાં પ્રવાસીઓને લઈને ધીમે ધીમે નવા અને કડક નિયમો બનાવવામાં આવશે. અમેરિકાએ હાલમાં શું કર્યું તે હવે આખી દુનિયાએ જોયું છે. ભારત પણ આ અંગે કડક પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર વિઝા-પાસપોર્ટ વિના ભારતમાં એન્ટ્રી પર કડક કાયદો લાવવા જઈ રહી છે. જો કોઈ વિદેશી નાગરિક માન્ય પાસપોર્ટ કે વિઝા વિના ભારતમાં પ્રવેશ કરે છે, તો તેને પાંચ વર્ષ સુધીની જેલ અને 5 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. જો કોઈ વિદેશી ખોટા કાગળીયા કરીને ભારતમાં ઘુસે છે, તો તેને અહીંથી કાઢી મુકવામાં આવશે. આ ઉપરાંત, 2 વર્ષની જેલની સજા થઈ શકે છે, જેને 7 વર્ષ સુધી વધારી શકાય છે. તેમજ, 1 લાખ રૂપિયાથી 10 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

**હાલમાં, ગેરકાયદેસર પ્રવેશ માટે 5 વર્ષની સજા અને દંડ લાદવામાં આવે છે :** હાલમાં, અમાન્ય પાસપોર્ટ અથવા વિઝા સાથે મુસાફરી કરતા વિદેશીઓને 5 વર્ષ સુધીની જેલ અને દંડ કરવામાં આવે છે. નકલી પાસપોર્ટ સાથે પ્રવેશ કરનારાઓ માટે વધુમાં વધુ 8 વર્ષની જેલ અને 50,000 રૂપિયાના દંડની જોગવાઈ છે. જેને સરકાર સંસદના બજેટ સત્રમાં રજૂ કરશે. તેનો હેતુ ઈમિગ્રેશન અને વિદેશીઓ સંબંધિત વિષય પર બનાવેલા ચાર અલગ અલગ નિયમોને એકીકૃત કરવાનો છે. નવા નિયમો અમલમાં આવ્યા પછી, ફોરેનર્સ એક્ટ 1946, પાસપોર્ટ એક્ટ 1920, ફોરેનર્સ રજિસ્ટ્રેશન એક્ટ 1939 અને ઈમિગ્રેશન (કારકિર્દી લાયબિલિટી એક્ટ) 2000માં સુધારો કરીને એક વ્યાપક કાયદો બનાવવામાં આવશે.



### નવા બિલને ચાર મુદ્દાઓમાં સમજો

» નવા બિલમાં, ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા કોઈપણ વિદેશી વ્યક્તિ વિશેની માહિતી પણ ફોરેનર રજિસ્ટ્રેશન અધિકારીઓ સાથે શેર કરવામાં આવશે. આ નિયમ એવી બધી હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ અને અન્ય મેડિકલ સંસ્થાઓને પણ લાગુ પડશે જેમાં રહેણાંક સુવિધાઓ છે.

» બિલના પ્રસ્તાવ મુજબ, જો કોઈ વિદેશી નાગરિક નિર્ધારિત વિઝા મુદત કરતાં વધુ સમય માટે અહીં રહે છે, વિઝા નિયમોનું ઉલ્લંઘન કરે છે અથવા કોઈપણ પ્રતિબંધિત વિસ્તારમાં જાય છે, તો તેને 3 વર્ષની જેલ, 3 લાખ રૂપિયાનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

» જો કોઈ વિદેશી પાસે માન્ય પાસપોર્ટ કે વિઝા ન હોય તો, તેને લાવનાર વ્યક્તિ જવાબદાર ગણાઈ શકે છે. ઈમિગ્રેશન અધિકારી વિદેશીને લાવનાર વ્યક્તિ પર 5 લાખ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે. જોકે, તેમને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવશે. જો દંડ ચૂકવવામાં ન આવે, તો લાવનાર વ્યક્તિને અટકાયતમાં લઈ શકાય છે. આમાં વિમાન, જહાજો અથવા પરિવહનના અન્ય માધ્યમોનો સમાવેશ થઈ શકે છે.

» પ્રસ્તાવિત બિલ કેન્દ્ર સરકારને વિદેશીના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા, તેને ભારત છોડતા અટકાવવા, કોઈપણ વિસ્તારમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવા, પોતાના ખર્ચે ભારતની બહાર મુસાફરી કરવા અને તેના ફોટો-બાયોમેટ્રિક્સ લેવાની મંજૂરી આપે છે.

# પાંચ વર્ષ બાદ સૌરાષ્ટ્રમાં સિંહોની વસ્તીમાં વધારો થયો હોવાનો સંકેત : મે મહિનામાં સિંહોની ગણતરી થશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પ્રથમ વખત સીસીટીવી મારફતે પણ સિંહોની મૂવમેન્ટને ગણતરી માં ઉમેરાશે સૌરાષ્ટ્ર ના ૩૫૦૦૦ સ્કવેર કી.મી. ક્ષેત્રમાં કવાયત કરશે જંગલ વિભાગ બીટ ગાર્ડ ની ભૂમિકા મહત્વની બની જશે ! પ્રથમ વખત જામનગર જીલ્લાનો સમાવેશ રાજકોટ એશિયન સિંહોના એક માત્ર કિંગડમ સમાન સૌરાષ્ટ્રમાં હવે દર પાંચ વર્ષે યોજાતી સિંહોની વસ્તી ગણતરી અગામી મેં માસમાં પ્રારંભ થશે તો અગાઉની અનેક વસ્તી ગણતરી કરતા તે અલગ અને વધુ સચોટ હશે અને સમગ્ર વસ્તી ગણતરી સમયે વાઈલ્ડ લાઈફ ઈન્ડીયાના નિરીક્ષકો પણ હાજર રહેશે ગુજરાત માં જંગલ વિભાગ દ્વારા યોજાતી વસ્તી ગણતરી એક મોડેલ જેવી શ્રેષ્ઠ બની રહે છે. અને હવે તેમાં સીસીટીવી પણ ઉમેરાશે પરંપરાગત સિંહોની રૂબરૂ ગણતરીની સાથે આ સીસીટીવી થી સમગ્ર પ્રક્રિયા વધુ સજ્જ હશે અને ગણતરી પ્રકિયા પુરી થયા બાદ તેના વિડીયો રેકોર્ડિંગ ચકાસીને સમગ્ર પ્રક્રિયા ફુલપ્રુફ બનાવશે - એપ્રિલ - મેં માસમાં પુર્ણિમાના સમયમાં આ ગણતરી યોજાશે ચંદ્ર ના ભરપૂર પ્રકારના કારણે તે વધુ સરળ બને છે. ઉપરાંત ગીરના જંગલ ક્ષેત્ર માં વસતા દિપડા અને અન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી પણ સમયાંતરે થાય છે. દેશમાં પ્રોજેક્ટ ટાઈગર અને પ્રોજેક્ટ લેવોર્ડ સાથે જોડાયેલા વાઈલ્ડ લાઈફ



ઈન્સ્ટીટયુટના અધિકારીઓ સિંહોની વસ્તી ગણતરીમાં સહાયક પણ બનશે જો કે ફોરેસ્ટ વિભાગના કેટલાક અધિકારીઓ વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટના નિષ્ણાતો ની હાજરી સિંહોની સંખ્યા અંગે કેટલાક મુદ્દાઓ પર ઉભા કરી શકે તે ચિંતા દર્શાવી ચુક્યા છે. ૨૦૨૦ માં પણ વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ સિંહોની વસ્તી ગણતરીમાં જોડાયા હતા પણ તેઓને બાદમાં હાજર રહેવાની મંજૂરી અપાઈ ન હતી તેમનાં કેટલાંક રીસર્ચ પ્રોગ્રામ પણ રદ કરાયા હતા ૨૦૨૦ ની વસ્તી ગણતરી મુજબ સિંહોની સંખ્યા ૫૨૩ માંથી વધીને પાંચ વર્ષ માં ૬૭૪ નોંધાઈ હતી જે ૨૦% જેટલી વસ્તી વધી હોય તેવું નોંધાયું હતું અને એ અત્યારે સુધીનો સૌથી મોટો વધારો હતો હવે વધુ સ્પષ્ટ ચિત્ર મેળવ્યું સિંહોની જેમ અવરજવર છે તે હાઈવે - ગ્રામીણ માર્ગો અને અન્ય સ્થળો એ પણ સીસીટીવી મૂકાશે અનેક સિંહોના ગળામાં રેડિયો કોલર છે. જેથી તેની મૂવમેન્ટ પરથી અન્ય સિંહોને પણ ટ્રેસ કરી શકાશે આ માટે ડાયરેક્ટ બીટ વેરીફીકેશન સિસ્ટમ અપનાવાય છે. ૨૦૨૦ ના વર્ષથી આ પધ્ધતિ અપનાવાઈ છે. જંગલ ખાતામાં અને ખાસ કરીને સિંહ અભ્યારણ માં બીટ- ગાર્ડ ની ભૂમિકા સૌથી મહત્વની છે. તેઓ સિંહોની સૌથી નજીક હોય છે. અને સિંહો પણ તેમને ઓળખતા હોય છે. આ વર્ષે સૌરાષ્ટ્ર ના ૩૫, ૦૦૦ સ્કવેર કિલોમીટરમાં આ વસ્તી ગણતરી થશે જેમાં પ્રથમ વખત જામનગર જીલ્લાનો પણ સમાવેશ કરાયો છે. સિંહો સૌરાષ્ટ્રના વધુને વધુ વિસ્તારમાં ફેલાતા જાય છે. સૌરાષ્ટ્રના તમામ ૯ જીલ્લામાં સિંહોની હાજરી નોંધાઈ છે.

## જાફરાબાદ તાલુકાના તમામ ટીબી પેશન્ટને પોષણ યુક્ત કિટ વિતરણ કરવામાં આવ્યું




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાષ્ટ્રીય ટીબી નાબુદી કાયૅક્રમ અંતર્ગત ટીબિ મુક્ત ભારત અભિયાન હેઠળ તાલુકા હેલ્થ કચેરી જાફરાબાદ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર જાફરાબાદ ખાતે ટીબી ના દર્દી ઓને પોષણ યુક્ત આહાર કિટ અપાય.અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની દ્વારા દર મહિને દર્દી ને પોષણ યુક્ત કિટ આપવા આવે છે.આ કાયૅક્રમ માં અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની માંથી.એડમ હેડ વિનિત રાણા સાહેબ સી.એચ. આર.લીડ લાલજી ગજ્જર.તેમજ અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની દ્વારા પુરતો સહકાર આપવામા આવીયો છે.આ કાયૅક્રમ ને સફળ બનાવવા તાલુકાના હેલ્થ ઓફિસર ડો. ટાંક સાહેબ શ્રી તેમજ સિનિયર ટ્રીટમેન્ટ સુપર વાઈઝર સંદિપ ભાઈ જોષી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે.

## ચેકિંગના પગલે ભૂ માફિયાઓ નવા નવા પેંતરા અજમાવી રહ્યા છે, પરંતુ કલેકટર મેહુલ કે. દવેની આગેવાનીમાં તંત્ર કડક ચેકિંગ થકી તેમના દરેક પડકારને પહોંચી વળવા સજ્જ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લામાં પાછલા ઘણા સમયથી ખનીજ ચોરી અટકાવવાના પ્રયાસોના ભાગરૂપે કલેકટર ગાંધીનગર તથા ભૂસ્તર તંત્રની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. રાત દિવસ કડકમાં કડક ચેકિંગ દ્વારા ખનીજ માફિયાઓને તંત્રની મજબૂત ટીમ માત આપી રહી છે, આ ચેકિંગના પગલે ભૂ માફિયાઓ નવા નવા રસ્તાઓ શોધી રહ્યા ,છે પરંતુ તંત્ર તેમના દરેક પડકારને પહોંચી વળવા સજ્જ છે,ત્યારે કલેકટરએ કડક વલણ દાખવતા જિલ્લામાં ખનીજ ચોરી કરતા ઇસમોમાં ફરી એકવાર ફફડાટ ફેલાયો છે.જેને અનુલક્ષીને કલેક્ટર, ગાંધીનગર મેહુલ દવેના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ની ક્ષેત્રીય ટીમ દ્વારા કરવામાં આવતી સતત બિનઅધિકૃત ખનીજ ખનન, વહન અને સંગ્રહ અન્વયેની કામગીરી દરમ્યાન સાદીરેતી તથા સાદી માટી ખનિજના બિનઅધિકૃત વહન/ખનન સબબ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ ગાંધીનગર



જીલ્લાના સરગાસણ ચોકડી ખાતે ખનિજ ભરી વહન કરતા ત્રણ ડમ્પર વાહનો બિનઅધિકૃત વહન કરતા સીઝ કરવામાં આવેલ છે.જેમાં વાહન નં- GJ-07-VW-6259 તથા GJ-16-AU-7760 ના વાહન માલિક દ્વારા સાદીમાટી ખનીજનું રોયલ્ટી પાસમાં દર્શાવેલ ડેસ્ટીનેશનથી અન્ય જગ્યાએ ડમ્પ કરવા અંગે બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવેલ. જ્યારે વાહન ડમ્પર નં- GJ-01-FT-4142 માં સાદીરેતી ખનીજનું રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવેલ છે.માઈન્સ સુપરવાઈઝર આર.આર.બુખારી દ્વારા સેક્ટર ૧૦, ગાંધીનગર ખાતેથી સાદીમાટી ખનિજનું પરમીટ/પરવાનગી વગર બિનઅધિકૃત ખનન માટે એક એક્સેવેટર મશીન સીરીયલ નં-Q401D01250 અને પાંચ ડમ્પર પૈકી વાહન નં GJ-18-BT-1451 જપ્ત કરી મશીન દ્વારા કરાયેલા સાદીમાટી ખનિજના બિનઅધિકૃત ખનનવાળા વિસ્તારની માપણી હાથ ધરવામાં આવી છે.એજ રીતે તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ગાંધીનગર તાલુકાના ફતેપુરા સાબરમતી નદીપપટ્ટ વિસ્તારમાં સાદીરેતી ખનીજનું બિનઅધિકૃત ખનન/વહન અન્વયે ૦૧ જે. સી.બી. મશીન તથા ૦૧ ડમ્પર વાહન જપ્ત કરવામાં આવેલ છે.

## વાઘોડિયા તાલુકાના રોપા ગામે બે બાઇક સામ સામે અથડાતાં એકનું મોત નિપજ્યું

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના રોપા ગામે બે બાઈક સામસામે અથડાતાં એકનું મોત નિપજ્યું હતું જ્યારે બીજા ને નાની મોટી ઈજા પહોંચતા નજીક ના દવાખાને ખસેડાયો હતો સંજય રાજુભાઇ પરમાર ઉ વર્ષ 27 કે જેઓ મૂળ ખારવા તાલુકો ગરબાડા જિલ્લા દાહોદ ઓ રોપા ગામે કન્સલ્ટન્સ સાઈટ પર કડીયા કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા તેઓ પોતાની મોટરસાયકલ પર તેઓનાં મિત્ર દિપ જયેન્દ્ર ભાઈ ઠક્કર ઉ વર્ષ 26 લ ઈ ને વાઘોડિયા પોતાના કામ અર્થે આવેલ હતાં વાઘોડિયા થી પોતાનું કામ પતાવીને રોપા ગામે આવેલ સાઈટ જવા રવાના થતી વેળાએ રોપા ગામ નજીક સામેથી પુરપાટ ગફલત ભરી ડ્રાઈવ કરી આવતી એક બાઈક સાથે અકસ્માત થતાં બાઈક ચાલક સંજયભાઈ પરમાર ફંગોળાઈ જતાં તેઓનું ઘટના સ્થળે મૃત્યુ નીપજયું હતું જયારે બાઈક પાછળ બેઠેલા તેઓનાં મિત્ર દિપ જયેન્દ્ર ભાઈ ઠક્કર ને નાની મોટી ઈજાઓ પહોંચતા 108 મારફતે નજીક હોસ્પિટલ માં ખસેડાયા હતા અકસ્માત અંગેની જાણ કન્સ્ટ્રકટર્સ કોન્ટ્રાકટર ને થતાં ઘટનાસ્થળે દોડી આવી વાઘોડિયા પોલીસ ને જાણ કરતા વાઘોડિયા પોલીસે અકસ્માત સર્જી ને ભાગી ગયેલ અજાણ્યા બાઈક ચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધી ને આગળ તપાસ હાથ ધરી છે.

## માધવનગર ગામ ખાતે બાઇક ચોરીની ફરીયાદ

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના ના વડોદરા નજીક આવેલ માધવનગર ગામે ઘર આંગણે પાર્ક કરેલ ટી વી એસ કંપની ની રાઈટર બાઇક ની ચોરી થતાં વાઘોડિયા પોલીસ મથકે ફરીયાદ નોંધવામાં પામી છે માધવનગર ગામે હાઉસિંગ સોસાયટીના મકાન નં 33 માં રહેતા વસંત શાંતીલાલ પટેલ વ્યવસાય કોન્ટ્રાક્ટ નો ધંધો કરે છે પોતાની કાળા કલરની ટીવીએસ કંપની ની રાઈટર બાઈક કિ રૂપિયા 1,16 લાખની પાર્ક કરી હતી જે બાઈક ની ચોરી થતાં વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે બાઈક ચોરી અંગેની ફરીયાદ દાખલ થવા પામી છે

## ખેલ મહાકુંભ 3.0 જિલ્લા કક્ષાની લોન ટેનિસ સ્પર્ધાનું આયોજન ડી.બી .પારેખ સાર્વજનિક હાઇસ્કુલ સંખેડા ખાતે કરાયું

કમલેશ પટેલ | સંખેડા

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તેમજ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી છોટાઉદેપુર, રમત ગમત કચેરી છોટાઉદેપુર તથા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડાનાં સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૩.૦ જિલ્લા કક્ષાની લોનટેનિસ સ્પર્ધા ભાઈઓ તથા બહેનો માટે સ્પર્ધાનું આયોજન તારીખ 12/02/2025ના રોજ ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા ખાતે કરવામાં આવ્યુ હતું . જેમાં મોટી સંખ્યામાં રમતવીરો હાજર રહી પોતાનામાં રહેલી શક્તિને બહાર લાવી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું શાળાના



આચાર્યશ્રી ચિરાગ શાહ દ્વારા મેડિકલ ટીમ , ૧૦૮ સેવા તેમજ પધારેલ તમામનું અભિવાદન કરી રમશે ગુજરાત જીતશે ગુજરાતનાં સુત્ર સાથે જીવનમાં પણ રમતોનું મહત્વ સમજાવી ઉત્સાહભેર કૌશલ્ય સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્ય અને રાષ્ટકક્ષા સુધી પ્રતિભાને પ્રદર્શિત કરી સફળતા પ્રાપ્ત કરી પોતાનું નામ રોશન કરવાનું આહવાન કર્યું હતું અને શુભેચ્છા પાઠવી હતી .સ્પર્ધામાં આવનાર તમામ રમતવીરો માટે ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર સ્પર્ધાનું સંચાલન વ્યાયામ શિક્ષક શ્રી મુકેશભાઈ પરમાર, કુસ્તી કોચ અલ્પેશભાઈ બારોટ તથા ખો ખો કોચ શૈલેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, પ્રથમ અને દ્રિતીય સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડી રાજ્ય કક્ષાએ છોટાઉદેપુર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં ડસ્ટબીન ખરીદીમાં ગેરરીતિ આચરવામાં આવેલ હોવાના આક્ષેપ સાથે તપાસની માંગ કરાઈ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં ડસ્ટબીન ખરીદીમાં ગેરરીતિ આચરવામાં આવેલ હોય તેવા આક્ષેપ ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ મંત્રી મનીષ મારકણા દ્વારા કરવામાં આવી રહ્યા છે.તેમજ આ અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ મંત્રી મનીષ મારકણાએ ડાંગ જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે.ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ મંત્રી મનીષ મારકણા એ ગુજરાત સરકારની "મેરી પંચાયત" નામની એપ્લિકેશનમાં દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતના થયેલ/બાકી રહેલ કામોની વિગતો જોઈ હતી. ત્યારે દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામોમાં જાહેર સ્થળો અને સ્કુલો અને આંગણવાડી પર કચરાપેટીના સાધનો (ડસ્ટબીન) ની 15 માં નાણાંપંચ (ગ્રામ્ય કક્ષા)માં વર્ષ 2020-21 ની કામગીરી બાબતનો ઉલ્લેખ થયો હતો.જેથી મનીષભાઈએ "મેરી પંચાયત" એપ્લિકેશનમાં ઉપરોક્ત બાબતે તપાસ કરતા એમાં કોઈ ફોટા અને ખરીદી બાબતે કોઈ જાણકારી ન હતી. જેથી મનીષભાઈએ રૂબરૂ દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતના ગામોમાં તપાસ કરી હતી.ત્યારે ગામોમાં ડસ્ટબીન ફિટ/લાગેલી હતી. ત્યાં અમુક ગામના લોકો પાસે પૂછપરછ કરી ત્યારે ગામના લોકો દ્વારા કહેવામાં આવેલ આ ડસ્ટબીન ઘણા સમય પહેલા ફિટ/લગાવેલી છે. ત્યારે મનીષભાઈએ માહિતી અધિકાર અધિનિયમ 2005 હેઠળ દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયત પાસેથી માહિતી માંગેલ હતી. ત્યારે માહિતી આધિકારી દ્વારા મનીષભાઈને લેખિતમાં જણાવેલ કે, વર્ષ 20-21માં ડસ્ટબીન બાબતે કોઈ ખરીદી કરવામાં આવેલ નથી.જેથી મનીષભાઈને આ બાબતે વધુ શંકા જતા મનીષભાઈએ પ્રથમ અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરેલ ત્યારે પ્રથમ અપીલ આધિકારી પાસે દલીલ કરેલ અને મનીષભાઈને ખોટી માહિતી અને ગેરમાર્ગે દોરેલ હતા.જેના તમામ પ્રુફ સાથે રજૂઆત કરેલ ત્યારે પ્રથમ અપીલ આધિકારી દ્વારા તાત્કાલિક દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં વર્ષ 2020-21 ની ડસ્ટબીન બાબતે તપાસ કરી મનીષભાઈને માહિતી પુરી પાડેલ હતી.જે માહિતી જોતા પણ વિચારમાં પડી ગયા કે દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં વર્ષ 2020-21 ની ડસ્ટબીન ઘણા સમય પેલાજ ફિટ/લાગી ગઈ છે.ત્યારે આ ડસ્ટબીન બાબતે કોઈ ટેન્ડર પ્રક્રિયા નથી થઈ અને હાલમાં ડસ્ટબીન બાબતે ટેન્ડર પ્રક્રિયા કરેલ છે.ત્યારે જો આ અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તો ડસ્ટબીન ખરીદીનો ભ્રસ્ટાચાર બહાર ખુલો પડી શકે છે.દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં વર્ષ 20-21 ની ડસ્ટબીન કઈ એજન્સીએ લગાવી હતી અને કોના આદેશથી કામગીરી કરવામાં આવેલ છે.દીવાનટેંમ્બરૂન ગ્રામ પંચાયતમાં 2020-21 ની ડસ્ટબીનનું ટેન્ડરમાં કઈ એજન્સીઓએ ટેન્ડર ભરેલ છે.અને કઈ એજન્સીને કામગીરી નક્કી કરવામાં આવશે

### સેંજળધામમાં પાટોત્સવ, સમૂહલગ્ન અને ભોજલરામ જગ્યાને શ્રી ધ્યાનસ્વામી બાપા એવોર્ડ અર્પણ

## દેહાણ્ય જગ્યાઓએ 'દેહ'ની 'આણ્ય' સાથે સમાજસેવા કરે છે: પુ.મોરારિબાપુ

સેંજળધામ (તખુભાઈ સાંડસુર દ્વારા)

સેંજળધામ તા સાવરકુંડલા ખાતે માઘ પૂર્ણિમાનો પાટોત્સવ, સાધુ સમાજની દિકરીઓના સમૂહલગ્ન અને ધ્યાન સ્વામીબાપા એવોર્ડ અર્પણ સમારોહ આજે યોજાયો. આજે પુ ભોજલરામ બાપુ ફતેપુર તા અમરેલી દેહાણ્ય જગ્યાને આ એવોર્ડ એનાયત થયો. આ પ્રસંગે પુ. મોરારિબાપુએ કહ્યું કે, આપણી દેહાણ્ય જગ્યાઓએ 'દેહ'ની 'આણ્ય' સાથે સમાજની સેવા કરી છે.આપણી આધ્યાત્મિક ધાર્મિક ચેતના અને પરંપરામાં દેહાણ્ય જગ્યાઓનું મોટું પ્રદાન રહેલું છે, તેમ જણાવી પુ. મોરારિબાપુએ આવાં સ્થાનોની સમાધિઓ પૂજનિય ગણી. જડ એટલે સ્થિર સમાધિ, ચેતન સમાધિ, જળ સમાધિ, ભૂમિ સમાધિ, નિર્વિકલ્પ સમાધિ સાથે આદ્ય જગદગુરુ શંકરચાર્યજીનાં સૂત્રો મુજબ વાણી વિવેક, અપરિગ્રહ, કોઈ પાસે અપેક્ષા ન હોવી... વગેરે જીવતી




પ્રતિભાઓની સમાધિ ગણાવી. પુ.મોરારિબાપુએ આપણી દેહાણ્ય જગ્યાઓએ 'દેહ'ની પોતાનાં શરીરની 'આણ્ય' એટલે કે જાતનાં ભોગે, તમામ પરિસ્થિતિ સામનો કરવાં સાથે સમાજની સેવા કરી છે. આવી જગ્યાઓની આ વંદના થઈ રહી હોવાનું જણાવ્યું. પુ ભોજલરામ બાપાની જગ્યા ( ભોજલધામ ફતેપુર ) માટે મહંત પુ. ભક્તિરામબાપુને પુ. મોરારિબાપુનાં શુધ્ધ હસ્તે પુ. ધ્યાનસ્વામી બાપા એવોર્ડ અર્પણ થયો. જેમાં રું 1.25 લાખની સન્માન રાશી,સુત્ર માલા અને પ્રશસ્તિ પત્ર એનાયત થયાં.આ સમારોહમાં વિવિધ જગ્યાએઓના સંતો મહંતો પણ સામેલ થયા. સમારોહનું સંચાલન કરનાર શ્રી હરિશ્ચંદ્રભાઈ જોષીએ ધ્યાનસ્વામી બાપા સન્માન ઉપક્રમનો સંદર્ભ ને સન્માનિત જગ્યાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.માઘ પૂર્ણિમા પર્વે પાટોત્સવનુ આયોજન તથા સાધુ સમાજની 39 દિકરીઓના સમૂહલગ્નનું પણ સુંદર આયોજન થયુ.પુ. ધ્યાનસ્વામી બાપા ટ્રસ્ટના પ્રમુખ શ્રી તુલસીદાસબાપુ હરિયાણીએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની ભુમિકા આપી હતી. સન્માન સમારોહ પ્રસંગે શ્રી દુર્ગાદાસબાપુ (સાયલા), શ્રી જાનકીદાસબાપુ (કમિઝળા), શ્રી લલિત કિશોરશરણબાપુ (લીંબડી ) વગેરેએ પ્રાસંગિક વક્તવ્યમાં પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. આ સમારોહમાં પુ. રઘુરામબાપા (વીરપુર), પુ. વિજયબાપુ ( સતાધાર ) તથા પુ. ભક્તિરામબાપુ ( સાવરકુંડલા) શાંતિબાપુ (સેંજળ )તેમજ મોટી સંખ્યામાં સંતો, મહંતો અને મહાનુભાવો જોડાયાં હતાં.

## આહવા મહિલા પોલીસ કોન્સ્ટેબલના ઘરમાંથી જ દિન-દહાડે 77 હજાર રૂપિયાની ચોરી થતા ખળભળાટ

સુશીલ પવાર | ડાંગ

ડાંગના આહવા ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે બજાવતા મહિલાના ઘરમાંથી અજાણ્યા ચોર ઈસમે 77 હજાર રૂપિયાની ચોરી કરેલ હોવાની ઘટના સામે આવતા,પંથકમાં ચકચાર મચી જવા પામેલ છે.આહવા પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયશ્રીબેન આનંદભાઈ બાગુલ (રહે. વેરિયસ કોલોની, આહવા તા.આહવા જી.ડાંગ)નાઓ રાબેતા મુજબ પોતાની નોકરી પર ગયા હતા.અને તેમનો દીકરો આદર્શ વાળ કાપવા માટે આહવા ટાવરમાં ગયેલો હોવાથી તેમણે ચાવી ડોર બેલ પાસે મૂકી હતી.જોકે તેઓ બપોરે જમવા માટે પરત ઘરે આવ્યા ત્યારે ઘરના પાછળના ભાગે રસોડાનો દરવાજો ખુલ્લો હતો. અને બારી પણ અડધી ખુલ્લી જોવા મળી હતી.ત્યારે ઘરમાં કોઈ ઘુસેલ હોય તેમ લાગતા તેમણે લાકડાનો કબાટ ખોલીને જોયો હતો ત્યારે લોક પણ તૂટેલો હતો. જે બાદ કબાટની તપાસ કરતા કબાટમાં મુકેલ રોકડ 77 હજાર રૂપિયા જોવા મળ્યા ન હતા. જોકે અન્ય કીમતી ચીજ વસ્તુઓ સહી સલામત જોવા મળી હતી. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ઘરમાં પ્રવેશ કરીને 77 હજાર રૂપિયાની ચોરી કરેલ હોવાનું જણાઈ આવ્યું હતુ.આ બનાવને પગલે મહિલા કોન્સ્ટેબલે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.હાલમાં આહવા પોલીસની ટીમે ચોરીનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઊંઝા સ્ટેશન પર એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલ સ્થાપિત

(એજન્સી) ઊંઝા | તા. 12

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં સ્થિત મહેસાણા-પાલનપુર રેલવે સેક્શન પર ડબલિંગની કામગીરી દરમિયાન ઊંઝા રેલવે સ્ટેશન પર માલવાહક ટ્રાફિકને ધ્યાનમાં રાખીને નવું ટર્મિનલ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. આ ટર્મિનલને અસરકારક આકાર આપવાનો શ્રેય અમદાવાદ ડિવિઝનના વર્તમાન સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અન્નુ ત્યાગીને જાય છે, જેમણે પોતાની કાર્યક્ષમતા અને દૂરંદેશીથી આ નવી યોજનાની ચર્ચા કરી અને તેને એક નવું પરિમાણ આપ્યું અને રેલ્વે બોર્ડ દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર, તેને એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ટર્મિનલ રેલવે અને વેપાર બંને માટે આવનારા સમયમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. ઊંઝા તાલુકો જે મહેસાણા જિલ્લા હેઠળ આવે છે વિવિધ પ્રકારના મસાલા અને કૃષિ ઉત્પાદન જેમ કે જીરું,



વરિયાળી, ધાણા, સરસવ, મેથી, ઈસબગુલ, રાઈ વગેરેના વેપાર માટે પ્રખ્યાત છે. પરંતુ, અત્યાર સુધી અહીંના ખેડૂતો તેમનો ઉત્પાદિત માલ ગુજરાતની બહાર સક્રિયપણે મોકલી શકતા ન હતા. આ મુખ્ય કારણ હતું. યોગ્ય વાહન વ્યવહારનો અભાવ પરંતુ જેવું ઊંઝામાં વેપારીઓને માહિતી મળી કે ઊંઝા માં એક નવું રેલ ટર્મિનલ સ્થપાઈ રહ્યું છે જે કન્ટેનર ના માધ્યમ થી માલસામાનની હેરફેરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સકારાત્મક ભૂમિકા ભજવશે, તો ખેડૂતો અને વેપારીઓ સૌ ખુશ થઈ ગયા. હવે તેમનું ઉત્પાદન માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં પરંતુ દેશ-વિદેશમાં પણ સરળતાથી ઉપલબ્ધ થશે. આનાથી માત્ર સારા ભાવ જ નહીં પરંતુ રેલવેને વધારાની આવક પણ થશે. શરૂઆતમાં મેસર્સ અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ અને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશને ઊંઝાથી કન્ટેનર ટ્રેનની કામગીરી શરૂ કરવામાં રસ દર્શાવ્યો હતો. આ બંને કંપનીઓ હાલમાં વાર્ષિક 65,000 કન્ટેનર (TEUs) સુધીના કાર્ગોને હેન્ડલ કરવાની વિશાળ ક્ષમતા ધરાવે છે, ખાસ કરીને મુન્દ્રા પોર્ટ પર પરિવહન માટે. આ પગલાથી ઊંઝાને મુખ્ય લોજિસ્ટિક્સ અને નિકાસ હબ તરીકે વધુ મજબૂત બનાવશે. અત્યાર સુધી, ઊંઝાની આજુબાજુ કોઈ પણ કન્ટેનર રેલ ટર્મિનલ નહોતું, જેના કારણે મોટાભાગનો માલ સડક માર્ગે વહન થતો હતો. પરંતુ હવે ઊંઝા ખાતે વિશિષ્ટ રીતે કન્ટેનર રેલ ટર્મિનલની સ્થાપના સાથે, આ પ્રદેશ ઉત્તરીય વિસ્તારો માટે મુખ્ય લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી આવે તેવી શક્યતા છે.

## ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ -૨૦૨૪ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવા ફક્ત એક મહિનો બાકી છે ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

(એજન્સી) ગાંધીનગર | તા. 12

રાજ્યની તમામ હોસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-2024 અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેના ભાગરૂપે જ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તા. ૧૨મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હોસ્પિટલ્સ એ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં એટલે કે તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યભરની ૧૬,૬૯૮ આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ નોંધણી થઈ છે. જે પૈકી ૧૪,૬૪૭ આરોગ્ય સંસ્થાઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં ૧,૮૮૨ સરકારી, ૫,૨૬૮ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૨,૦૨૮ એલોપેથી, ૧,૬૨૨ આયુર્વેદિક તેમજ ત્રણ હજારથી વધુ હોમિયોપેથી હોસ્પિટલ અને ક્લિનિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૫૬૬ ક્લિનિકલ લેબ, ૨૮૬ ઈમેજિંગ સેન્ટર, ૪૦ બ્લડ બેંક અને ૩૯ જેટલી યૂનાની સંસ્થાઓએ આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે. રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રેક્ટિશનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે. જે હેતુથી જ રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાયું છે. આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન થશે તેમજ હિતધારક ભાગીદારી અને ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. કાયદા હેઠળ, નોંધણી ફરજીયાત છે અને માન્ય તબીબી પદ્ધતિઓ માટે જ મંજૂર છે. જે તાત્કાલિક આરોગ્ય પરિસ્થિતિઓમાં વધુ સારા સંચાલન અને નોંધણીમાં સુધારો લાવશે. આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિકસેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે. એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ એક્ટ હેઠળ ક્લિનિક/કન્સલ્ટિંગ રૂમ/પોલીક્લિનિક/હોસ્પિટલ/સ્ટેન્ડએલોન લેબ અને અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટને પણ નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ફાર્મમાં કામ કરનારે રાત્રે બે વાર ટકોર પણ કરી હતી: કોર્ટે આરોપી કીર્તનના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

# લક્ઝુરિયસ ફાર્મમાં નબીરા કીર્તને ત્રણ બોટલ દારૂ લાવીને પાર્ટી કરી હોવાનો ખુલાસો



(એજન્સી) સુરત તા 12

સુરતમાં આઉટર રીંગ રોડના વાલક બ્રિજ પર ગત સાત ફેબ્રુઆરીના રોજ રાત્રે કારથી રફતારનો આતંક મચાવી બે સગા ભાઈઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. આરોપી કારચાલક કીર્તન ડાખરા હાલ બે દિવસના રિમાન્ડ પર છે. ત્યારે આજે કીર્તનને જે ફાર્મ હાઉસમાં દારૂની પાર્ટી કરી હતી ત્યાં તપાસે લઈ જવામાં આવ્યો હતો. 50 લાખથી વધુની કિંમતના લક્ઝુરિયસ ફાર્મમાં નબીરા કીર્તને ત્રણ બોટલ દારૂ લાવીને પાર્ટી પણ કરી હતી. રાત્રિના સમયે ચાલતી પાર્ટીના કારણે ફામમાં કામ કરી રહેલા વ્યક્તિઓ દ્વારા બે વાર ટકોર પણ કરવામાં આવી હતી. બે નિર્દોષ ભાઈઓ કાળનો કોળિયો બની ગયા હતા ગત શુક્રવારે રાત્રે કાપોદ્રામાં હીરાના પેકેટ બનાવવાનું કારખાનું સાથે સંકળાયેલા 20 વર્ષીય કીર્તન મનોજ ડાખરા (રહે. વિઠ્ઠલનગર, કાપોદ્રા)એ દારૂ અને રફતારના નશામાં ગોઝારો અકસ્માત સર્જ્યો હતો. કીર્તન તેના મિત્ર પ્રિન્સ સાથે કામરેજના યુનિવર્સલ વિકેન્ડ હોમ્સ ગ્રુપ એન્ડ વિલ્લામાં કોલેજિયન્સના ગ્રુપે રાખેલી પાર્ટીમાં ગયો. પાર્ટીમાંથી વહેલા નીકળેલી યુવતી અને જૈમીશના બાઇક બગડતાં તે તેમને ઘરે મૂકવાના ઈરાદે જે કારમાં આવ્યો હતો તે હેક્સા કારમાં બેસાડી પોતાની સાથે ધ્રુવ નામના યુવકને લઈને નીકળ્યો હતો. કારે વાલક પાટિયા પાસે તાપી બ્રિજ પર ઓવરસ્પીડને કારણે ડિવાઈડર કૂદી સામેથી આવતી પાંચ બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બે નિર્દોષ ભાઈઓ કાળનો કોળિયો બની ગયા હતા. બીજા ચાર વ્યક્તિઓને પણ પહોંચી હતી અને ત્રણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.કારચાલક કીર્તન ડાખરા 30 કલાક બાદ પોલીસની પકડમાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આ સાથે જ તેને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે પાંચ દિવસના રિમાન્ડ માગ્યા હતા અને કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જેના પગલે આજે આરોપી કીર્તનને જે યુનિવર્સલ વિકેન્ડ હોમ્સ ગ્રુપે એન્ડ વિલ્લા ફાર્મ હાઉસમાં દારૂ પાર્ટી કરી હતી ત્યાં તપાસ અર્થે લઈ જવામાં આવ્યો હતો. દારૂ પાર્ટી કોણે કોણે કરી હતી અને દારૂ ક્યાંથી લાવ્યો હતો તે અંગેની કીર્તન એ પોલીસને સમગ્ર માહિતી જણાવી હતી.

**કીર્તન ઝૂંપડા જેવી દુકાનેથી ત્રણ દારૂની બોટલ લાવ્યો હતો :** કીર્તન અને ધ્રુવ બંને સુરતથી પોતાની ટાટા હેક્સા કારમાં કામરેજના યુનિવર્સલ વિકેન્ડ હોમ્સ ગ્રુપ એન્ડ વિલ્લા પહોંચ્યા હતા. ત્યારબાદ કીર્તનની કારમાં જ કામરેજના ગામમાં આવેલા એક ઝૂંપડા જેવી દુકાનેથી ત્રણ જેટલી દારૂની બોટલ લઈને પરત ફાર્મ ખાતે આવ્યા હતા. ત્યારબાદ રાત્રિના સમયે દારૂની પાર્ટી શરૂ કરવામાં આવી હતી. આ મામલે ફાર્મમાં કામ કરતા વ્યક્તિનું પણ નિવેદન લેવામાં આવ્યું છે. જેમાં જણાવ્યું હતું કે, રાત્રિના સમયે પાર્ટી ચાલતી હતી તે રીતે બૂમ બરાડા પાડી રહ્યા હતા અને અપશબ્દો પણ બોલી રહ્યા હતા. જેથી રાત્રિના સમયે બે વાર ટકોર પણ કરવામાં આવી હતી.

# બોયફ્રેન્ડે લગ્નની ના કહેતા યુવતી હાઈટેન્શન લાઈન પર ચડી : દિલ્હીથી યુવકને મળવા સુરત આવીને ઝઘડો થયો

(એજન્સી) સુરત તા 12

સુરતના મોરાભાગળ વિસ્તારમાં યુવતીને તેના પ્રેમીએ લગ્ન કરવાની ના પાડતા યુવતી આપઘાત કરવા હાઈટેન્શન ટાવર ઉપર ચઢી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગે સ્થળે પહોંચી યુવતીનું મહામુસીબતે રેસ્ક્યૂ કરી નીચે ઉતારી હતી. ઉલ્લેખનીય છે કે, યુવતી મુળ ઓડિશાની રહેવાસી છે અને દિલ્હી તે કામ કરે છે અને ત્યાંથી તે પોતાના પ્રેમીને મળવા સુરત આવી હતી. અહીં હોટલમાં રોકાણ બાદ બોયફ્રેન્ડે અને ગર્લફ્રેન્ડ વચ્ચે લગ્નની વાતને લઈને ઝઘડો થયો હતો અને યુવકે લગ્ન કરવાની ના પાડતા યુવતીએ સુસાઇડ કરવાનો પ્રયાસ કર્યો હતો. બોયફ્રેન્ડ સાથે ઝઘડો થતા સુસાઇડ કરવાનો પ્રયાસ આ અંગેની મળતી માહિતી મુજબ, દિલ્હીથી યુવતી સિંગણપર વિસ્તારમાં રહેતા તેના પ્રેમીને મળવા માટે આવી હતી. ગઈકાલ રાતે તેઓ બન્ને હોટલમાં રોકાયા હતા. સવારે યુવતી અને તેનો પ્રેમી હોટલમાં જમવા માટે ગયા હતા, તે દરમિયાન તેમના વચ્ચે લગ્નની બાબતને લઈને માથાકૂટ થઈ હતી. યુવતી હોટલમાં જમી રહી હતી, ત્યારે તેનો સામાન અને રૂપિયા લઈને તેનો પ્રેમી ફરાર થઈ ગયો કિનારે કોઝવે પાસે જઈને હાઈટેન્શન ટાવર ઉપર ચઢી ગઈ હતી.

યુવતીને સમજાવી સેફ્ટી બેલ્ટ યુવતી હાઈટેન્શન લાઈન પર ચડી હોવાનો કોલ મળતાની સાથે જ અમે ઘટનાસ્થળ ઉપર પહોંચી ગયા હતાં. યુવતી ટાવરના ચોથા પીલર ઉપર હતી.



**લગ્ન કરવાની વાત કરતા ભાગી ગયોઃ યુવતી :** આ મામલે યુવતીએ જણાવ્યું હતું કે, હું દિલ્હીથી મારા પ્રેમીને મળવા માટે સુરત આવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી હું તેની સાથે પ્રેમમાં હતી. અમારી વચ્ચે શારીરિક સંબંધો પણ બંધાયા હતા. સુરત આવીને તેની સાથે લગ્ન કરવાની વાત કરતા તે મારો સામાન લઈને ભાગી છુટ્યો હતો. આખરે મેં જીવન ટૂંકાવવાનું નક્કી કરી લીધું હતું. જેથી હું હાઈટેન્શન ટાવર ઉપર ચઢી હતી.

## કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં નવાં મહેમાન આવ્યાં, એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત કેવડિયા ઝૂમાંથી 6 સાબર લવાયાં

(એજન્સી) વડોદરા તા 12

એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ કેવડિયા પ્રાણી સંગ્રહાલયલમાંથી 4 માદા અને 2 નર સાબર લવાયાં હતાં. વડોદરાથી ગોલ્ડન ફેજન્ટની જોડી સોંપાઈ, આગામી સપ્તાહમાં 4 કાળિયાર હરણ લવાશે

કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં કેવડિયાથી 4 માદા અને 2 નર સાબરને લાવવામાં આવ્યાં છે. એનિમલ એક્ચેન્જ પ્રોગ્રામ અંતર્ગત વડોદરાએ ગોલ્ડન ફેજન્ટની એક જોડી આપી છે. ઉલ્લેખનીય છે કે, 35 દિવસ અગાઉ કમાટીબાગમાં રીંછ, વરુ, ઝરખ, જંગલી કૂતરાં અને શિયાળની જોડી લવાઈ હતી. આગામી સપ્તાહમાં 4 સફેદ કાળિયાર હરણ પણ લવાશે. માટીબાગ ખાતેનાં પ્રાણીસંગ્રહાલયમાં નવાં 6 સાબરોને લાવવામાં આવ્યાં છે. એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત કેવડિયા પ્રાણી સંગ્રહાલયમાંથી 2 નર અને 4 માદા સાબરોને સોમવારે વડોદરા લવાયાં હતાં. જેની સામે વડોદરાથી ગોલ્ડન ફેજન્ટની એક જોડી કેવડિયાને અપાઈ છે. 6 સાબર તંદુરસ્ત છે અને આગામી સમયમાં તેમના બ્રીડિંગથી નવી બ્લડ લાઈન શરૂ થશે. 35 દિવસ અગાઉ કમાટીબાગના પ્રાણી સંગ્રહાલયમાં 9 પ્રાણીઓને લાવવામાં આવ્યાં હતાં. જેમાં શિયાળ, વરુ, ઝરખ અને જંગલી કૂતરાઓની જોડી લવાઈ હતી. જ્યારે વર્ષો બાદ એક રીંછનું પણ પ્રાણી સંગ્રહાલયમાં આગમન થયું હતું. સોમવારે લવાયેલાં 6 સાબર બાદ હવે આગામી સપ્તાહમાં 4 કાળિયાર હરણ પણ લાવવામાં આવશે, તેવી જાણકારી મળી છે.

2021માં ખરવો મુવાસ રોગથી 13 સાબરનાં મોત થયાં હતાં આધારભૂત સૂત્રો મુજબ વર્ષ 2021માં પ્રાણી સંગ્રહાલયમાં 14 પૈકીનાં 13 સાબરનાં મોત થયાં હતાં. તે સમયે ખરવો મુવાસનો રોગ થતાં 13 સાબર સંક્રમિત થયાં હતાં. જ્યારે એક બચ્ચું બચી ગયું હતું. તે સમયે જુવાન માદાઓને અલગ રાખી અન્ય ઝૂમાંથી સાબર લાવી બ્રીડિંગ થકી નવી બ્લડ લાઈન શરૂ કરવાનું આયોજન હતું.

## છેડતીની શંકાએ બે સગા ભાઈઓને છરીથી રહેંસી નાખ્યા

(એજન્સી) રાજકોટ તા 12

રાજકોટમાં સોમવાર (10 ફેબ્રુઆરી)ની રાત્રિએ ડબલ મર્ડરની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. આર્યનગરમાં એક જ મકાનમાં બે પરપ્રાંતીય શખ્સોએ છેડતીની શંકાએ બે સગાભાઈઓને આડેધડ છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યા હતા. જેમાં નાના ભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મોટાભાઈને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે, ટૂંકી સારવાર બાદ તેનું પણ મૃત્યુ નીપજતાં બનાવ બેવડી હત્યામાં પલટાયો હતો. પોલીસે મૃતક યુવકની પત્નીની ફરિયાદના આધારે આજે (11 ફેબ્રુઆરી) બન્ને સાળો-બનેવીને ઝડપી યાઙ્યાં છે. બન્ને આરોપીને ઝડપી કાર્યવાહી શરૂ કરી છેઃ ACP ACP આર. એ. બારીયાએ જણાવ્યું હતું કે, બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં ગોવિંદ બાગ શાકમાર્કેટ પાસે દિપકભાઈના મકાનમાં ભાડે રહેતા અમીનાબેન અમિતભાઈ જૈનની ફરિયાદ આવી હતી. જેમાં ઉપરના મકાનમાં રહેતાં અમિત જૈન અને તેના સગા ભાઈ વિકી જૈનની નીચેના મકાનમાં રહેતા છોટુ શંકર અને તેના બનેવી વિજયે અમીત અને વિકી જૈનની છરીના ઘા મારી હત્યા કરી હતી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મૃતક અમિતના ભાઈ આકાશની પત્ની ગઈકાલે તેને છોડીને પોતાના પિયર રિસામણે ચાલી ગઈ હતી, તેને કારણે ગઈકાલે બપોરના સમયે આકાશ બુમાબૂમ કરતો હતો. ત્યારબાદ ઉપર નીચે રહેતા બંને પરિવારનું ટોયલેટ કોમન હોવાથી ગઈકાલે રાત્રે 9:00 વાગ્યા આસપાસ અમિત જૈન નીચે કોમન ટોયલેટમાં હતો.


**EMMBI INDUSTRIES LIMITED**
CIN : L17120DN1994PLC000387
Regd. Off.: 99/2/1 & 9, Madhuban Industrial Estate, Madhuban Dam Road, Rakholi Village, U.T. of Dadra & Nagar Haveli and Daman & Diu, Silvassa - 396230 | Tel : +91 22 4672 5555
Fax : +91 22 4979 0304; Email : info@emmbi.com; Website : www.emmbi.com

**EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2024**
Pursuant to Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015

Rs. In Millions (Except per share data)

| Sl No. | Particulars | 3 Months Ended 31.12.2024 | Preceeding 3 Months Ended 30.09.2024 | Corresponding 3 Month Ended 31.12.2023 | Year to date figures for current period from 01.04.2024 to 31.12.2024 | Year to date figures for previous period from 01.04.2023 to 31.12.2023 | For the Year Ended 31.03.2024 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1 | Total Revenue from Operations | 1,208.31 | 1,197.96 | - | 3,476.22 | - | - |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items#) | 22.87 | 21.93 | - | 65.06 | - | - |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#) | 22.87 | 21.93 | - | 65.06 | - | - |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | 17.00 | 15.74 | - | 47.62 | - | - |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 17.00 | 15.74 | - | 47.62 | - | - |
| 6 | Equity Share Capital | 184.74 | 176.90 | - | 184.74 | - | - |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | - | - | - | - | - |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing & discontinued operations) - | | | | | | |
| | 1. Basic: | 0.94 | 0.89 | - | 2.65 | - | - |
| | 2. Diluted: | 0.88 | 0.82 | - | 2.48 | - | - |

**The key data relating to unaudited standalone financial results of Emmbi Industries Limited for the Quarter and Nine Months Ended December 31, 2024 is as under:**

Rs. In Millions (Except per share data)

| Sl No. | Particulars | 3 Months Ended 31.12.2024 | Preceeding 3 Months Ended 30.09.2024 | Corresponding 3 Month Ended 31.12.2023 | Year to date figures for current period from 01.04.2024 to 31.12.2024 | Year to date figures for previous period from 01.04.2023 to 31.12.2023 | For the Year Ended 31.03.2024 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1 | Total Income from Operations | 1,208.31 | 1,197.96 | 1,061.24 | 3,476.22 | 3,185.66 | 4,425.43 |
| 2 | Net Profit (Loss) for the period/ year before tax (after Exceptional and / or Extraordinary items#) | 23.46 | 23.48 | 24.05 | 67.19 | 70.40 | 98.02 |
| 3 | Net Profit (Loss) for the period/year after tax (after Exceptional &/or Extraordinary items#) | 17.58 | 17.29 | 23.71 | 49.76 | 54.38 | 99.47 |
| 4 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 17.58 | 17.29 | 23.21 | 49.76 | 52.88 | 101.10 |

Notes:
a The Unaudited Financial Results have been reviewed and recommended by Audit Committee and approved by the Board of Directors in its meeting held on 12th February, 2025.
b The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (www.bseindia.com, www.nseindia.com and www.emmbi.com).
c # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.
d Subsidiary company, Zastian PTE. Limited, was newly incorporated during the second quarter. Accordingly, the requirement for comparative information, for periods before quarter ending September 2024, is not applicable.
e Due to exercise of option on conversion of 7,83,333 warrants, equivalent number of new equity shares have been allotted resulting in increase of paid up share capital of Rs. 78,33,330.

Date: 12th February, 2025
Place: Mumbai

For and on behalf of the Board
For **Emmbi Industries Limited**
Sd/-
**Makrand Appalwar**
(Managing Director)
DIN : 00171950


## ત્રણ અધિકારીઓએ શોકોઝ નોટિસનો જવાબ આપ્યો

# કેદારનાથ મોત મામલે અધિકારીઓ જવાબદારીમાંથી છટક્યા

(એજન્સી) સુરત તા 12

**CONTENTS OF THE MEMORANDUM OF ASSOCIATION OF THE COMPANY AS REGARDS ITS OBJECTS:** For information on the main objects and other objects of our Company, see *"History and Corporate Structure"* on page 220 of the Red Herring Prospectus and Clause III of the Memorandum of Association of our Company. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Issue. For further details, see the section *"Material Contracts and Documents for Inspection"* on page 399 of the Red Herring Prospectus.

**LIABILITY OF MEMBERS AS PER MOA:** The Liability of the members of the Company is Limited.

**AMOUNT OF SHARE CAPITAL OF THE COMPANY AND CAPITAL STRUCTURE:** The Authorized share capital of the Company is ₹15,00,00,000 divided into 1,50,00,000 Equity Shares of ₹ 10/ each. The issued, subscribed and paid-up share capital of the Company before the Issue is ₹ 9,49,63,330 divided into 94,96,333 Equity Shares of ₹ 10/ each. For details of the Capital Structure, see "Capital Structure" on the page 84 of the Red Herring Prospectus.

**NAMES OF THE SIGNATORIES TO THE MEMORANDUM OF ASSOCIATION OF THE COMPANY AND THE NUMBER OF EQUITY SHARES SUBSCRIBED BY THEM:**

| ORIGINAL SIGNATORIES | | | CURRENT PROMOTERS | | |
|---|---|---|---|---|---|
| Name of Promoters | Face Value (₹) | No. of Shares | Name of Promoters | Face Value (₹) | No. of Shares |
| Mr. Devi Singh Kachhwaha | 10.00 | 500 | Mr. Navneetkumar Radheshyam Somani | 10.00 | 32,92,602 |
| Mr. Satya Prakash Heda | 10.00 | 500 | Mr. Sunilkumar Radheshyam Somani | 10.00 | 32,75,975 |
| Mr. Navneetkumar Radheshyam Somani | 10.00 | 1,50,000 | Mr. Rajan Sunilkumar Somani | 10.00 | 3,83,313 |
| Mr. Sunilkumar Radheshaym Somani | 10.00 | 1,50,000 | M/s. Navneet R Somani HUF | 10.00 | 10 |
| Ms. Manisha Navneet Somani | 10.00 | 50,000 | M/s. Sunil R. Somani HUF | 10.00 | 10 |
| Ms. Komalben Sunilkumar Somani | 10.00 | 50,000 | | | |
| Ms. Pushpaben Radheshyam Shah | 10.00 | 50,000 | | | |

Details of the main objects of the Company as contained in the Memorandum of Association, see *"History and Corporate Structure"* on page 220 of the Red Herring Prospectus. For details of the share capital and capital structure of the Company see *"Capital Structure"* on page 84 of the Red Herring Prospectus.

**LISTING:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the SME Platform of BSE Limited. Our Company has received an "In-principle" approval from the BSE for the listing of the Equity Shares pursuant to letter dated February 01, 2025. For the purposes of the Issue, the Designated Stock Exchange shall be BSE. A signed copy of the Red Herring Prospectus has been submitted for registration to the ROC on February 12, 2025 and Prospectus shall be delivered for filing to the RoC in accordance with Section 26(4) of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/ Issue Closing Date, see *"Material Contracts and Documents for Inspection"* on page 399 of the Red Herring Prospectus.

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** Since the Issue is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, the Red Herring Prospectus has been filed with SEBI. In terms of the SEBI Regulations, the SEBI shall not issue any observation on the Offer Document. Hence there is no such specific disclaimer clause of SEBI. However, investors may refer to the entire "Disclaimer Clause of SEBI" beginning on page 339 of the Red Herring Prospectus.

**DISCLAIMER CLAUSE OF BSE (THE DESIGNATED STOCK EXCHANGE):** "It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the "Disclaimer Clause of BSE" beginning on page 340 of the Red Herring Prospectus.

**GENERAL RISK:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Issue. For taking an investment decision, investors must rely on their own examination of the Issuer and this Issue, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 30 of the Red Herring Prospectus.

| BOOK RUNNING LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| SMART HORIZON CAPITAL ADVISORS PVT. LTD<br>**SMART HORIZON CAPITAL ADVISORS PRIVATE LIMITED**<br>***(Formerly known as Shreni Capital Advisors Private Limited)***<br>B/908, Western Edge II, Kanakia Space, Behind Metro Mall, off Western Express Highway, Magathane, Borivali East, Mumbai – 400066, Maharashtra, India<br>**Telephone:** 022 - 2089 7022<br>**E-mail:** director@shcapl.com<br>**Investors Grievance e-mail:** investor@shcapl.com<br>**Contact Person:** Mr. Parth Shah<br>**Website:** www.shcapl.com<br>**SEBI Registration Number:** INM000013183 | KFINTECH<br>**KFIN TECHNOLOGIES LIMITED**<br>Selenium Tower-B Plot No.31 & 32 Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad 500032 Telangana, India<br>**Tel:** +91 40 6716 2222<br>**Email:** bel.ipo@kfintech.com<br>**Website:** www.kfintech.com<br>**Investor grievance e-mail:** einward.ris@kfintech.com<br>**Contact person:** Mr. M Murali Krishna<br>**SEBI Registration No.:** INR000000221 | BEEZAASAN<br>**Ms. Ankita Choudhury, Company Secretary and Compliance Officer**<br>5th Floor, 511, Pramukh Tangent Complex, Sargasan Cross Road, S.G. Highway, Gandhinagar, Gandhinagar, Gujarat 382421, India<br>**Telephone:** +91 6359607701<br>**E-mail:** investors@beezaasan.in<br>**Website:** www.beezaasan.com<br>Investors can contact the Compliance Officer or the Registrar to the Issue in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of allotment, credit of allotted shares in the respective beneficiary account, etc. |

**Availability of Red Herring Prospectus:** Investors are advised to refer to the Red Herring Prospectus and the Risk Factors contained therein, before applying in the issue. Full copy of the Red Herring Prospectus will be available at the website of SEBI at www.sebi.gov.in; the website of Stock Exchange at www.bseindia.com, the website of BRLM at www.shcapl.com and website of Company at www.beezaasan.com

**Availability of Bid-Cum-Application forms: Bid-Cum-Application forms can be obtained from the Company:** Beezaasan Explotech Limited, Book Running Lead Manager Smart Horizon Capital Advisors Private Limited. Application Forms can also be obtained from the Stock Exchange and list of SCSBs available on the website of SEBI at www.sebi.gov.in and website of Stock Exchange at www.bseindia.com.

**Application Supported by Blocked Amount (ASBA)**: All investors in this issue have to compulsorily apply through ASBA. The investors are required to fill the ASBA form and submit the same to their banks. The SCSB will block the amount in the account as per the authority contained in ASBA form. On allotment, amount will be unblocked and account will be debited only to the extent required to be paid for allotment of shares. Hence, there will be no need of refund.

For more details on the issue process and how to apply, please refer to the details given in application forms and abridged prospectus and also please refer to the chapter *"Issue Procedure"* on page 362 of the Red Herring Prospectus.

**BANKER TO THE ISSUE:** ICICI Bank Limited

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.

For **Beezaasan Explotech Limited**
**Sd/-**
**Mr. Navneetkumar Radheshyam Somani**
**Designation:** Chairman & Managing Director
**DIN:** 01782793

**Place:** Gandhinagar
**Date:** February 12, 2025

**Beezaasan Explotech Limited** is proposing, subject to market conditions and other considerations, public issue of its Equity Shares and has filed the Red Herring Prospectus with the Registrar of Companies, Gandhinagar on February 12, 2025. The Red Herring Prospectus is available on the website of the Book Running Lead Manager at www.shcapl.com the website of the BSE i.e., www.bseindia.com, and website of our Company at www.beezaasan.com

Investor should note that investment in equity shares involves a high degree of risk. For details, investors should refer to and rely on the Red Herring Prospectus, including the section titled "Risk Factors" of the Red Herring Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act ("the Securities Act") or any state securities laws in United States and may not be issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S, persons" (as defined in Regulations under the securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act of 1933.

AdBaaz

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-1

# બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે



બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે. અહીં ભીડતંત્ર હાવી થઈ ગયું છે. સતત તોડફોડ થઈ રહી છે. હિંદુઓ પર વીણી વીણીને હુમલા કરાય છે. ગત અઠવાડિયે બંગબંધુ શેખ મુજીબુર્રહમાનનું ઘર હજારોની ભીડે તોડી નાખ્યું, કારણ કે ત્યાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનું વર્ચ્યુઅલ સંબોધન થવાનું હતું. આ બધું ઈતિહાસ મિટાવવાના દાવા સાથે થઈ રહ્યું છે. અરાજકતા હવે એટલી વધી ગઈ છે કે પોલીસ અને ફોજ મળીને પણ સ્થિતિ સંભાળી નથી શકતા. તેનું નુકસાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી, પરંતુ જ્યારથી શેખ હસીનાનો તખ્તાપલટ થયો છે, ત્યારથી ૧૦૦થી પણ વધારે ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે, જેનાથી તેમાં કામ કરનારી લગભગ ૧૦ લાખ છોકરીઓ બેરોજગાર થઈ ગઈ છે. ભૂખ અને બેકારી એટલી વધી ગઈ છે કે માનવ તસ્કરીમાં પણ વધારો થઈ ગયો છે. હાલમાં ઘૂસણખોરીનો ખતરો પણ વધી ગયો છે. સારી વાત છે કે બાંગ્લાદેશ સાથે જોડાયેલી સીમા પર આપણી તૈનાતી ચાકચોબંદ છે. હાલમાં ડ્રગ્સ, પશુઓ, ખાવા-પીવાનો સામાન વગેરેની તસ્કરીના પ્રયાસો પણ ખૂબ થઈ રહ્યા છે. બાંગ્લાદેશની વચગાળાની કઠપૂતળી સરકાર સંપૂર્ણ નિષ્ફળ દેખાઈ રહી છે, કારણ કે તેમાં મોટાભાગે એવા લોકો છે, જેમને રાજકારણનો કશો અનુભવ નથી. ખુદ મોહંમદ યુનુસ, જે આ સરકારનો વડો છે, તે રાજકારણમાં ડચકાં ખાઈ રહ્યો છે, કારણ કે તેને તરતાં નથી આવડતું. જોકે તેણે ૨૦૦૭માં રાજકારણમાં હાથ અજમાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને નિષ્ફળતા મળી હતી. અસલમાં શાંતિનો નોબેલ પુરસ્કાર જીતનાર યુનુસ ભલે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કહેવાતો હોય, પરંતુ તે છે અમેરિકાની કઠપૂતળી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ઢાકાની હાલત પર નજર રાખીને બેઠો છે. જોકે એક વર્ગ એવું પણ માને છે કે મોહંમદ યુનુસના દિવસો હવે પતી જવાના છે, કારણ કે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આગમન થઈ ગયું છે. યુનિસના બિલ ક્લિન્ટન, બરાક ઓબામા જેવા ડેમોક્રેટ રાષ્ટ્રપતિઓ સાથે સારા સંબંધો હતા, પરંતુ રિપબ્લિકન સાથે નહીં. વિકિલીક્સના કેટલાય ખુલાસા તેની સાહેદી આપે છે. એવામાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેનો સંબંધ કેટલો આગળ વધી શકશે કહેવું મુશ્કેલ છે. વચગાળાની સરકાર એટલા માટે પણ હાલત નથી સંભાળી શકતી, કારણ કે તે ભાનુમતિના પટારા જેવી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને તેમાં ભરી દીધા છે. તેમાં છાત્ર સંગઠનો અને જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષોનું ખૂબ ચલણ છે. એટલું જ નહીં, હિઝ્બ ઉત-તહરીર, હિફાઝતે ઈસ્લમામ બાંગ્લાદેશ જેવાં કટ્ટરપંથી સંગઠનો પણ તેમાં સામેલ છે. વલી આ સરકારને અત્યાર સુધી બંધારણીય માન્યતા પણ નથી મળી શકી. અવામી લીગથી જમાત અને છાત્ર સંગઠનોની નારાજગી અત્યાર સુધી એટલે બની રહી છે, કારણ કે શેખ હસીના ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. વડાપ્રધાન પદ પર રહેતાં શેખ હસીનાએ મુક્તિ સંગ્રામ (બાંગ્લાદેશ સ્વાધીનતા આંદોલન)માં જમાતે ઈસ્લામી જેવા પક્ષોની તપાસ કરવાનું એલાન કર્યું હતું અને તેના દોષી નેતાઓને ફાંસી આપી દીધી હતી. જોકે પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશ હસીનાને પસંદ નહોતા કરતા, તેથી તેમણે છાત્રોના આંદોલનને હવા આપી, જે સ્વાધીનતા સેનાનીઓને અનામત આપવા વિરુદ્ઘ ચાલી રહ્યું હતું.એવું નથી કે બાંગ્લાદેશમાં ભારત-વિરોધી માનસિકતા અત્યારે જ દેખાઈ રહી છે. આ માનસિકતા પહેલેથી જ છે, ૧૯૪૭થી. ૧૯૭૧ના યદ્ઘમાં પણ જેમાં બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્તિ મળી હતી,પૂર્વ પાકિસ્તાનમાં લગભગ ૩૦ ટકા એવા લોકો હતા, જે પાકિસ્તાનના ટુકડા નહોતા ઈચ્છતા. એવા લોકોનું પ્રતિનિધિત્વ જ જમાતે ઈસ્લામી જેવા રાજકીય પક્ષો કરતા હતા. એ જ કારણ છે કે કટ્ટરપંથીઓના પ્રભાવવાળી આજની બાંગ્લાદેશી હકૂમત કશું સમજ્યા-વિચાર્યા વિના જ નિર્ણયો લઈ રહી છે. તેમાં કોઈ દેશનો નક્શો બદલવાની વાત કરે છે તો કોઈ ઈતિહાસ બદલવાની. એ તો ખબર નથી કે દેશને ક્યાં લઈ જવો છે. એવામાં સવાલ ઊઠે છે કે ભારતે શું કરવું જોઈએ? હાલમાં તો આપણે ધીરજથી બધું જોઈ રહ્યા છીએ. આ તો કાર્યવાહક સરકાર છે, તેથી તેની સાથે દીર્ઘકાલીન સંબંધો બનાવી પણ ન શકાય.

# MIB, IEIC, અને WinZOએ વૈશ્વિક મંચ પર ભારતની ગેમીંગ નવીનતાને દર્શાવવા માટે ટેક ટ્રાયમ્ફ સિઝન 3 લોન્ચ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 12

ટેક ટ્રાયમ્ફ પ્રોગ્રામ (TTP) the ક્રિયેટ ઈન ઈન્ડિયા ચેલેન્જ સિઝન-1ના ભાગરૂપે ઈન્ટરેક્ટિવ એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈનોવેશન કાઉન્સિલ (IEIC) દ્વારા માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB) અને WinZOના સહયોગથી શરૂ કરવામા આવ્યો છે. વર્લ્ડ ઓડીયો વિઝ્યૂઅલ એન્ટરટેઈનમેન્ટ સંમીટ (WAVES) સુધી પહોંચવાની આ ચેલેન્જ (સ્પર્ધા) સૌપ્રથમ વખત WAVESના આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ગેમીંગ પ્રતિભાઓને દર્શાવશે.

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની 114મી મન કી બાત સંબોધનમાં આવી ચેલેન્જોમા ભાગ લેવા માટે ભારતના કન્ટેન્ટ સર્જકોને પ્રેરીત કર્યા હતા. આ સંબોધનમા અન 115મી મન કી બાતમાં માનનીય વડાપ્રધાને રોજગારીની ઝડપી બદલાતી પ્રકૃતિ અને વૃદ્ધિ પામી રહેલા ગેમીંગ જેવા સર્જનાત્મક ક્ષેત્રો પર ભાર મુક્યો હતો. તેમની સ્વતંત્રતા દિનના સંબોધનમાં તેમણે ભારતીય ગેમીંગ પ્રતિભાઓને વૈશ્વિક ગેમીંગ પ્રેક્ષકો માટે ભારતમાં ગેઈમ્સ ઉત્પન્ન કરવાનું આહવાન્ કર્યુ હતુ. માનનીય પીએમ દ્વારા આપવામાં આવેલી આ દિશા TTPના પાયાની રચના કરે છે. વૈશ્વિક ગેમીંગ માર્કેટ હાલમાં 300 અબજ ડોલરની તકો પ્રદાન કરે છે અને તાજેતરના અહેવાલ અનુસાર ભારતમા 3.1 અબજ ડોલરનું માર્કેટ છે તે 2034 સુધીમા 60 અબજ ડોલરનું બની શકે છે. ભારતનો ગેમીંગ ઉદ્યોગ નવીનતા, ઉદ્યોગ સાહસિકતા અને નિકાસ માટે સજ્જ ટેકનોલોજી અને IPનું સંવર્ધન કરીને વૈશ્વિક ગેમીંગ માર્કેટનો મહત્તમ હિસ્સો ઝડપી શકે તે માટે TTP પહેલનો હેતુ આધુનિક તકોનું સર્જન કરવાનો છે. પસંદગીના ગેમ ડેવલપર્સ અને ટેક નવીનકર્તાઓ 17થી 21 માર્ચ દરમિયાન સાન ફ્રાંસિસ્કોમાં ખાતે યોજનારા ગેમ

WinZOના સહ-સ્થાપક પવન નંદાએ જણાવ્યું હતું કે, "TTP નવીનતા અને મહત્વાકાંક્ષાના આંતરછેદ પર ઊભું છે. WinZO ખાતે અમારું વિઝન ભારતીય ગેમિંગ સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક સ્તરે સ્પર્ધા અને જીત મેળવી શકાય તે જોવાનું છે, અને આ કાર્યક્રમ તે ધ્યેયને મૂર્તિમંત કરે છે. અમે સ્થાનિક પ્રતિભાને ભંડોળ, અત્યાધુનિક સંસાધનો અને વૈશ્વિક પ્લેટફોર્મ્સ સુધી પહોંચવાની તકો પૂરી પાડીને તેમને તેમના વિચારોને સફળ સાહસોમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપીને તેમને ઉછેરવા માટે પ્રતિબદ્ધ છીએ. જેમ જેમ ભારત ડિજિટલ ગેમિંગમાં અગ્રણી બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ આ કાર્યક્રમ 'ક્રિયેટ ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' વિચારધારાને પ્રતિબિંબિત કરે છે, જે એક એવા ઉદ્યોગનો પાયો નાખે છે જે સ્થિતિસ્થાપક અને વૈશ્વિક સ્તરે પ્રભાવશાળી બંને છે . અમને IEIC અને માહિતી અને પ્રસારણ મંત્રાલય સાથે સહયોગ કરવાનો ગર્વ છે જેથી આ વિઝનને વાસ્તવિકતા બનાવી શકાય અને WAVES જેવી પહેલ દ્વારા ભારતના ડિજિટલ ઈકોસિસ્ટમને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકાય."

# વેલ્યુએશન ડામાડોળ : સ્મોલ, મિડ કેપ શેરો 'પેન્ની સ્ટોક' બનવા લાગ્યા

(એજન્સી) મુંબઈ તા 12



વિક્રમી તેજીના પાછલા વર્ષોમાં ફંડામેન્ટલને અવગણીને બેફામ, તેજીનો અતિરેક જોવાતો હતો, ત્યારે શેરોના અસાધારણ વધતાં ભાવો અને સંપતિના કૂદકે ને ભૂસકે વધારો થતો જોઈને હરખાતા સ્મોલ કેપ, મિડ કેપ શેરોના રોકાણકારોને હવે રડવાનો વારો આવ્યો છે. સ્મોલ, મિડ કેપ શેરોમાં વેલ્યુએશન મામલે હવે મ્યુચ્યુઅલ ફંડોના ઈન્વેસ્ટમેન્ટ ઓફિસરો ખુદ સવાલ કરવા લાગતાં શેરોમાં અસાધારણ પેનીક સેલિંગના પરિણામે સતત ગાબડાં પડવા લાગ્યા છે. સ્મોલ, મિડ કેપ શેરોમાં મંદીના નવા શરૂ થયેલા રાઉન્ડમાં બે દિવસમાં જ ૬ ટકાથી વધુ કડાકો બોલાઈ ગયો છે. સર્વોચ્ચ સપાટીથી સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૧૮.૦૯ ટકાનું અને મિડ કેપ ઈન્ડેક્સમાં ૧૭.૬૨ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. શેરોના સતત તૂટતાં ભાવોએ ઘણા સ્મોલ, મિડ કેપ શેરો હવે પેન્ની શેરો બનવા લાગ્યા છે. દરેક ૧૦ શેરોના ભાવો તૂટવા સામે માત્ર એક શેર પોઝિટીવ રહ્યાની સ્થિતિએ રિટેલ ઈન્વેસ્ટરોને ભયભીત કરી મૂક્યા છે. અનેક રોકાણકારોનો નફો ધોવાઈ ગયા બાદ હવે બેલેન્સશીટમાં મોટી નુકશાની દેખાવા લાગતાં હતાશા છવાઈ છે. સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં પાછળા દિવસોની અસાધારણ તેજીમાં શેરોનું દરેક ઉંચા ભાવોએ રિ-રેટીંગ કરનારા અને હજુ શેરોમાં તેજીને પૂરો અવકાશ હોવાનું કહેનારા અને રોકાણકારોને રોકાણ કરવા માટે સલાહ આપનારા સમીક્ષકો, નિષ્ણાંતો હવે વેલ્યુએશન ગળે ઉતરે એવું નથી, ઊંચા ભાવો જળવાઈ શકે એમ નહીં હોવાનું કહેવા લાગ્યા છે.

**શેરોના સતત તૂટતાં ભાવોએ ઘણા સ્મોલ, મિડ કેપ શેરો હવે પેન્ની શેરો બનવા લાગ્યા છે. દરેક ૧૦ શેરોના ભાવો તૂટવા સામે માત્ર એક શેર પોઝિટીવ રહ્યાની સ્થિતિએ રિટેલ ઈન્વેસ્ટરોને ભયભીત કરી મૂક્યા છે**

# પ્રેમની સર્વોત્તમ અભિવ્યક્તિને શોધવી હવે Amazon.inના વેલેન્ટાઈન્સ ડે સ્ટોર પર ફક્ત એક ક્લિક દૂર છે

(એજન્સી) બેંગાલુરુ | તા 12

પ્રેમની ઉજવણી કરો તેના તમામ સ્વરૂપમાં Amazon.in પર ખાસ તૈયાર કરાયેલા વેલેન્ટાઈન ડે સ્ટોર પર. તાજા ફૂલોથી માંડીને ટાઈમલેસ ચોકલેટ્સ, સ્ટાયલીશ એસેસરીઝ, સોહામણી ટ્રીટ્સ અને હૃદયસમીપની જાળવી રાખવાની વસ્તુઓ તેમજ વિવિધ એસોર્ટમેન્ટ્સની પસંદગીની વિશાળ શ્રેણીમાં શોધો આ વિશેષ ક્ષણોની ઉજવણીને. કેડબરી, ફેરેરો રોશર, લિન્ડ, જીવા, બેલા વિટા, મેકેફિન અને બીજી ઘણી બ્રાન્ડ્સની લાખો પ્રોડક્ટ્સને શોધો, અને તેની ડિલિવરી મેળવો તમારા ઘરના આંગણે ભારતમાં 100% સર્વિસેબલ પિનકોડ્સમાં ગમેત્યાં. આ પ્રેમની સિઝનને બનાવો વધુ વિશેષ Amazon.inની તાજા ફુલોની ડિલિવરી વડે. ગ્રાહકો હવે 6000+ વિકલ્પોમાંથી પસંદ કરી શકે છે, જેમાં સામેલ છે ક્લાસિક લાલ ગુલાબ અને વૈભવી બુકે, જેમાં ફ્લાવરઓરા, શેડ્સ ઓફ સ્પ્રિંગ અને ફ્લોરલમાર્ટ જેવી બ્રાન્ડ્સની 620 પ્રસ્તુતિઓમાંથી વિશેષ પસંદગીની તક સાંપડશે. અને તમે હજી પણ પરફેક્ટ ગિફ્ટ શોધી ન





શક્યા હોવ, તો Amazon.inના ગિફ્ટ કાર્ડ્સ એક આદર્શ પસંદગી તો છે જ, જે તમારા પ્રિયજનને તેમની પસંદગી શોધવાની તક આપે છે. અહીં કેટલાક લોકપ્રિય ગિફ્ટિંગ વિકલ્પો આપ્યા છે જેની તમે તમારા પ્રિયજન માટે પસંદગી કરી શકો છો. ફુલો વડે અભિવ્યક્ત કરો - તાજગીભર્યો પ્રેમ ફ્લોરામાર્ટ ફ્લાવર બુકે: એક બુકે તાજા, રંગબેરંગી ફુલો સાથે જે તમારા પ્રેમના દિવસને ઝળકાવી દેશે ફ્લાવરઓરા વેલેન્ટાઈન્સ બુકે: સોહામણી રીતે ગોઠવાયેલા ફુલો તમારા પ્રેમની અભિવ્યક્તિને યાદગાર બનાવશે. ફ્લાવરઓરા 10 લાલ ગુલાબ સાથે ટેડી બિયર અને લવ કાર્ડ: એક સર્વોત્તમ મિશ્રણ પ્રેમ અને નિખારનું, આ 10 તાજા ગુલાબ સાથેનો બુકે આવે છે નાજુક ટેડી બિયર અને હાર્ટફેલ્ટ લવ ગ્રિટિંગ કાર્ડ સાથે. ફ્લાવરઓરા 20 મિક્સ રોઝ: ઉજવણી કરો આ સુંદર બુકે સાથે જેમાં છે 20 મિક્સ ગુલાબ, જેને ખાસ ફિશબોલમાં અનોખી રીતે ગોઠવાયા છે. તેમને પંપાળો પ્રેમથી એમકેફિન મોમેન્ટ ગિફ્ટ સેટ: રિફ્રેશિંગ ટ્રીટ તમારી નિખરતી ત્વચા માટે: બ્લુ હેવન ફેસ્ટિવ મેકઅપ કીટ: એક સંપૂર્ણ સેટ નિખરતા અને તાજગીભર્યા લુક માટે. શાઈનિંગ દિવા ફેશન રોઝ ગોલ્ડ ઓસ્ટ્રેલિયન ક્રિસ્ટલ બ્રેસ્લેટ: તેના દિવસને બનાવો યાદગાર આ ચમકતા પ્રેમના પ્રતિક સાથે. અવંતી ટ્રેન્ડ્સ રોમાન્ટિક માઈક્રોફાઈબર કૂશન કવર: એક સોહામણી યાદ અપાવનારી ભેટ. તેના માટે પ્રેમનું સર્વોત્તમ પ્રતિક બેલા વિટા લક્ઝરી પરફ્યુમ્સ ફોર મેન: તાજગીભરી સુગંધ કે જે લાંબો સમય રહે.

## આ કંપની 1 શેર આપશે 100 રૂપિયા ડિવિડન્ડ, થશે સારી એવી કમાણી

મુંબઈ | Hero Motocorp ના શેર આજે બુધવારે ટ્રેડિંગ દરમિયાન ફોકસમાં છે. તમને જણાવી દઈએ કે આજે કંપની સ્પેશિયલ ડિવિડન્ડ આપી રહી છે. હીરો મોટોકોર્પ લિમિટેડના શેર બુધવારે એક્સ-ડિવિડન્ડ ટ્રેડ કરી રહ્યા છે. ટુ-વ્હીલર કંપનીના કંપની બોર્ડે, 31 ડિસેમ્બર, 2024 ના રોજ પૂરા થયેલા ગાળાના ત્રિમાસિક પરિણામો સાથે, કંપનીના પાત્ર શેરધારકો મા શેર દીઠ રૂ. 100નું વિશાળ ડિવિડન્ડ જાહેર કર્યું હતું. કંપનીનો શેર આજે રૂ. 4,020 પર ટ્રેડ થઈ રહ્યો છે. આમાં થોડો ઘટાડો છે. ગુરુવાર, 6 ફેબ્રુઆરી, 2025 ના રોજ, Hero MotoCorp ના કંપની બોર્ડે 5000 ટકાના વચગાળાના ડિવિડન્ડની વિચારણા કરી અને તેને મંજૂર કર્યું એટલે કે રૂ. નાણાકીય વર્ષ 2024-25 માટે 100 પ્રતિ ઈક્વિટી શેર, પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુ, કંપનીએ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું.

## ઝાયડસ અને સિનથોને યુએસ માર્કેટમાં નોવેલ 505(B)(2) ઓન્કોલોજી પ્રોડક્ટ માટે એક્સક્લુઝિવ ડેવલપમેન્ટ, લાઈસન્સિંગ, સપ્લાય અને કમર્શિયલાઈઝેશન કરાર ઉપર હસ્તાક્ષર કર્યાં

(એજન્સી) અમદાવાદ । તા. 12

ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડે (તેની પેટા અને સહયોગી કંપનીઓ સહિત) નેધરલેન્ડની સિનથોન બીવી સાથે અનડિસ્ક્લોઝ્ડ ટાર્ગેટ માટે નોવેલ 505(B)(2) ઓન્કોલોજી પ્રોડક્ટના એક્સક્લુઝિવ ડેવલપમેન્ટ, લાઈસન્સિંગ, સપ્લાય અને કમર્શિયલાઈઝેશન કરાર ઉપર હસ્તાક્ષર કર્યાંની જાહેરાત કરી છે.

આ કરારની શરતો હેઠળ સિનથોન ફિનિશ્ડ પ્રોડક્ટના ડેવલપમેન્ટ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય માટે જવાબદાર રહેશે. ઝાયડસ યુએસમાં પ્રોડક્ટના એનડીએ દાખલ કરવાની અને તેને કમર્શિયલાઈઝ કરવા માટે જવાબદાર રહેશે. આ 505(B)(2) ઓન્કોલોજી પ્રોડક્ટ વર્ષ 2026માં ફાઈલ થવાની સંભાવના છે તથા દવાઓના ભારણ, ડોઝમાં વધઘટ માટેની ફ્લેક્સિબિલિટી અને દર્દીઓના વધુ સારા અનુપાલન પ્રદાન કરવાના હેતુસર વધુ કાર્યક્ષમતા પ્રદાન કરશે.

આ અંગે પ્રતિક્રિયા આપતાં ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ડો. શર્વિલ પટેલે જણાવ્યું હતું કે, અમે યુએસ માર્કેટમાં આ જટિલ ડ્રગ પ્રોડક્ટના કમર્શિયલાઈઝેશન માટે સિનથોન સાથે ભાગીદારી કરતાં ઉત્સાહિત છીએ. અમને વિશ્વાસ છે કે અમારા સંસાધનો અને નોલેજથી અમે દર્દીઓ અને હીતધારકોની મહત્વપૂર્ણ જરૂરિયાતોને પૂર્ણ કરી શકીશું.

# નાયસસ ફાઈનાન્સ મુંબઈ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં 21% IRR પર રોકાણ છોડી રહ્યું છે

(એજન્સી) મુંબઈ તા 12

શહેરી માળખાગત સુવિધાઓ અનેમાળખાગત ફાઈનાન્સમાં વિશેષતા ધરાવતી એક અગ્રણી રોકાણવ્યવસ્થાપન કંપની, નાયસસ ફાઈનાન્સ સર્વિસીસ કો. લિમિટેડ(BSE- NISUS | 544296 | INE0DQN01013), મુંબઈમાંસ્વ-પુનઃવિકાસ હાઉસિંગ પ્રોજેક્ટમાં તેના રોકાણને સફળતાપૂર્વક છોડીદીધું છે, જેનાથી લગભગ 21% નો પ્રભાવશાળી આંતરિક વળતર દર(IRR) મળ્યો છે. નાયસસ ફાઈનાન્સે ઘાટકોપરના પેસ્તોમ સાગરમાંસ્થિત મુંબઈના સ્વ-પુનઃવિકાસ પ્રોજેક્ટ્સમાંના એકમાં વ્યૂહાત્મક રીતે22 કરોડનું રોકાણ કર્યું હતું. ટ્રાયલોજી ડેવલપર્સે પ્રોજેક્ટ માટેડેવલપમેન્ટ મેનેજર તરીકે કામ કર્યું હતું.

વર્ષ 2022 ના અંતમાં, નાયસસ ફાઈનાન્સે હાઉસિંગ સોસાયટી દ્વારાહાથ ધરવામાં આવેલા સ્વ-પુનઃવિકાસ પ્રોજેક્ટમાં પ્રથમ સંસ્થાકીયરોકાણ કર્યું. વિશ્વસંગમ પ્રોજેક્ટ, ઘાટકોપરના પેસ્તોમ સાગરવિસ્તારમાં બે પડોશી સોસાયટીઓ દ્વારા એક સસ્તું સ્વ-પુનઃવિકાસપહેલ છે. વર્ષ 2022 માં, ત્રિપુટી ડેવલપર્સનો પ્રોજેક્ટ પ્રથમ સોસાયટીસ્વ-પુનઃવિકાસ પહેલ બન્યો જેમાં નાયસસ ફાઈનાન્સે રોકાણ કર્યું હતું, જેમાં ટ્રાયલોજી ડેવલપમેન્ટ મેનેજમેન્ટ (DM) ભાગીદાર તરીકે સેવાઆપી હતી. આ પ્રોજેક્ટમાં બે સોસાયટીઓનું એક જ વિકાસમાંજોડાણ સામેલ હતું, જેમાં બે માળની કોમર્શિયલ દુકાનો અને સત્તરમાળની રહેણાંક એપાર્ટમેન્ટ્સનો સમાવેશ થતો હતો. રોકાણ ઘણાવર્ષોના પૂર્ણ-ગાળાના સમયગાળા માટે રચાયેલ હતું, જે દરમિયાનનિસસ ફાઈનાન્સે નાણાકીય સમર્થન અને વ્યૂહાત્મક સહાય બંને પ્રદાનકરી હતી.

## આ વૃદ્ધિમાં ઘણા મુખ્ય પરિબળોએ ફાળો આપ્યો છે

# ફાઈબરવેબ ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ 25ના 9 મહિનાના ચોખ્ખા નફામાં 167% વાર્ષિક વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) મુંબઈ તા 12

ફાઈબરવેબ (ઈન્ડિયા) લિમિટેડ (NSE - FIBERWEB | BSE - 507910) એ નાણાકીય વર્ષ 25 ના 3 અને 9 મહિનાના અનઓડિટેડ Q3 અને 9 મહિનાના પરિણામની જાહેરાત કરી. નાણાકીય કામગીરી પર ટિપ્પણી કરતા, ફાઈબરવેબ (ઈન્ડિયા) લિમિટેડના ડિરેક્ટર શ્રી ભાવેશ પી શેઠે જણાવ્યું હતું કે, "અમારું મજબૂત નાણાકીય પ્રદર્શન અમારી વ્યૂહાત્મક પહેલ અને કાર્યકારી કાર્યક્ષમતાની અસરકારકતા દર્શાવે છે. નાણાકીય વર્ષ 25 ના 9 મહિના માટે ચોખ્ખા નફામાં 167% વાર્ષિક વૃદ્ધિ મજબૂત માર્જિન જાળવી રાખીને ટકાઉ ધોરણે કરવાની અમારી ક્ષમતા પર ભાર મૂકે છે. આ વૃદ્ધિમાં ઘણા મુખ્ય પરિબળોએ ફાળો આપ્યો છે, જેમાં વિવિધ ઉદ્યોગોમાં બિન-વણાયેલવન કાપડની માંગમાં વધારો, સુધારેલ ઉત્પાદન મિશ્રણ અને સુધારેલ કાર્યકારી કાર્યક્ષમતાનો સમાવેશ થાય છે. સજીવ દ્રવ્ય દ્વારા સામગ્રી સાથે સ્પનલેસ ફેબ્રિક્સમાં અમારું વિસ્તરણ ભવિષ્ય માટે તૈયાર નવીનતા તરફ એક પગલું છે, જે 200 કરોડના ભંડોળ એકત્રીકરણ દ્વારા સમર્થિત છે. વધુમાં, અમારા ક્રેડિટ રેટિંગની પુષ્ટિ અમારી નાણાકીય સ્થિરતા અને અમારા હિસ્સેદારોના વિશ્વાસને પ્રકાશિત કરે છે. કાચા માલના સ્ત્રોતને શ્રેષ્ઠ ઉત્પાદન કરવાની, ઉચ્ચ-માર્જિન વિભાજન વિસ્તરણ કરવાની અને સ્ત્રોતને અર્થતંત્રના લાભ લેવાની અમારી ક્ષમતાએ નફાકારકતાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આગળ જોતાં, અમે ટકાઉ વૃદ્ધિને આગળ વધારવા માટે નવીનતા, કાર્યકારી શ્રેષ્ઠતા અને બજાર આંતરદૃષ્ટિમાં અમારી શક્તિઓનો લાભ લેવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારી ઉત્પાદનને ઓફરિંગને વિસ્તૃત કરવા અને ઉદ્યોગના ટેઈલવિન્ડ્સનો લાભ લેવા પર તીક્ષ્ણ ધ્યાન કેન્દ્રિત કરીને, અમને વિશ્વાસ છે કે અમારી વ્યૂહાત્મક પહેલ લાંબા ગાળાના મૂલ્યનું સર્જન કરવાનું ચાલુ રાખશે અને નોન-વોવન ફેબ્રિક્સ ઉદ્યોગમાં અગ્રણી ખેલાડી તરીકે અમારી સ્થિતિ મજબૂત બનાવશે.

### નાણાકીય વર્ષ 25 ના 9 મહિના

કુલ આવક 76.42 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 15.89%, EBITDA 15.72 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 126.35%, EBITDA માર્જિન 20.57%, વાર્ષિક વૃદ્ધિ 1,004 Bps, ચોખ્ખો નફો 9.99 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 166.78%, ચોખ્ખો નફો માર્જિન 13.07%, વાર્ષિક વૃદ્ધિ 740 Bps, 3.47 નું પાતળું EPS, વાર્ષિક વૃદ્ધિ 166.92%

**કુલ આવક ₹ 25.21 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 68.64%**

EBITDA 5.52 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 165.34%, EBITDA માર્જિન 21.90%, વાર્ષિક વૃદ્ધિ 798 બેરલ પ્રતિ સેલ્સિયસ, ચોખ્ખો નફો 3.55 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 130.11%, ચોખ્ખો નફો માર્જિન 14.08%, વાર્ષિક વૃદ્ધિ 376 બેરલ પ્રતિ સેલ્સિયસ, 1.23 ટકા EPS, વાર્ષિક વૃદ્ધિ 127.78%

## એલ એન્ડ ટી ફાયનનાન્સ લી. ગોલ્ડ લોન વ્યવસાયમાં તેના પ્રવેશને અંકિત કરે છે

મુંબઈ : L&T ફાઈનાન્સ લિમિટેડ (LTF), એક અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) એ પૉલ મર્ચન્ટ્સ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ(PMFL) ગોલ્ડ લોન વ્યવસાય ઉપક્રમના સૂચિત સંપાદન દ્વારા ગોલ્ડ લોન બિઝનેસમાં તેમના પ્રવેશની જાહેરાત કરી છે. ગોલ્ડ લોન ફ્રેન્ચાઈઝી એ એલટીએફના સુરક્ષિત લોન ઉત્પાદનોના પોર્ટફોલિયોમાં એક વધારો હશે. આવા સૂચિત સંપાદનમાં સામેલ હોય છે ચંદીગઢ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ જેવા ઓછા સામેલ બજારોમાં વ્યૂહાત્મક રીતે સ્થિત તમામ ગોલ્ડ લોન શાખાઓના 24/7 રિમોટ મોનિટરિંગ માટે સંપૂર્ણ કાર્યરત નેટવર્ક અને સુરક્ષા કેન્દ્રનો સમાવેશ કરવો. તેમાં આશરે 700 કર્મચારીઓ અને 130 શાખાઓને પણ લાવવામાં આવે છે.ચોક્કસ ગોઠવણ સાથે બંધ થતાં સુધીમાં કરવા સહિતની આ રૂ. 537 કરોડની આશરે વિચારણા સાથેનો બધો જ રોકડ સોદો છે. આ કરાર જરૂરી મંજૂરીઓને આધીન છે અને બંધ થવા પહેલાંની તમામ શરતો પૂરી કરવાની છે. નાણાકીય વર્ષ 2025-26 ના બીજા ત્રિમાસિક સુધીમાં બિઝનેસ ટ્રાન્સફર બંધ થવાની ધારણા છે. LTF ના મેનેજિંગ ડિરેક્ટર અને CEO શ્રી સુદિપ્ત રોયે આ પ્રસંગે બોલતા જણાવ્યું હતું કે, "અમે ટકી રહેનાર વૃદ્ધિ અને આકર્ષક વળતર આપવા માટે સમર્પિત છીએ અને આ સૂચિત સંપાદન એ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ગોલ્ડ લોન વ્યવસાયને ચલાવવાથી ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં રહેલા અંતરને અમારા પોર્ટફોલિયોના સુરક્ષિત ઉચ્ચ ઉપજ ઉત્પાદનના દ્વારા ભરવામાં આવશે. આ અમારૂ લક્ષ્ય 2026 વ્યૂહરચના સાથે જોડાયેલું છે, જે અમારા ગ્રાહક આધારને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# આઈસ મેક રેફ્રિજેરેશન લિમિટેડની Q3FY25માં 34%ની મજબૂત આવક વૃદ્ધિ

(એજન્સી) અમદાવાદ । તા. 12

આઈસ મેક રેફ્રિજેરેશન લિમિટેડ (NSE: ICEMAKE) જે ભારતની અગ્રણી કંપનીઓમાંની એક છે અને 50 થી વધુ પ્રકારના રેફ્રિજેરેશન ઉપકરણોનું ઉત્પાદન અને નવીન કૂલિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, તેણે 31 ડિસેમ્બર 2024ને પૂરી થયેલી ત્રિમાસિક ગાળાની (Q3FY25) અનઑડિટેડ સંકલિત આર્થિક પરિણામોની જાહેરાત કરી છે. બજારમાં મજબૂત માગ અને કામગીરીની અસરકારકતાને કારણે કંપનીએ નોંધપાત્ર આવક વૃદ્ધિ હાંસલ કરી છે.

આઈસ મેકનું સંકલિત આવક 110.56 કરોડ રહ્યું, જે વાર્ષિક ધોરણે (YoY) 34% ની વૃદ્ધિ દર્શાવે છે, જ્યારે કુલ આવક 110.77 કરોડ રહી. EBITDA 6.89 કરોડ હતું, જેમાં 56% ની YoY વૃદ્ધિ નોંધાઈ. કર પૂર્વ નફો (PBT) 3.59 કરોડ રહ્યો, જે 33% ની વૃદ્ધિ દર્શાવે છે, જ્યારે શુદ્ધ નફો (PAT) 2.81 કરોડ નોંધાયો, જે 39% ની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. પ્રત્યેક શેર આવક (EPS) 1.82 હતી, જે Q3FY24 ની 1.28 થી વધુ છે. FY25 ના પ્રથમ નવ મહિનામાં સંકલિત આવક 25% વધી 299.17 કરોડ થઈ, જ્યારે કુલ આવક 299.60 કરોડ રહી. જો કે, શુદ્ધ નફો (PAT) 11.24 કરોડ રહ્યો, જે વાર્ષિક 5% ની ઘટાડા દર્શાવે છે. સ્ટેન્ડઅલોન પ્રદર્શનની વાત કરીએ તો, આવકમાં 33% ની YoY વૃદ્ધિ થઈ, જે રેફ્રિજેરેશન સોલ્યુશન્સ માટેની સ્થિર માગ દર્શાવે છે. EBITDA માં 55% ની વૃદ્ધિ થઈ, જેના કારણે કામગીરીની કાર્યક્ષમતા સુધરી. PBT માં 28% ની YoY વૃદ્ધિ થઈ, જે ખર્ચ નિયંત્રણ અને વધુ સારાં માર્જિનનું સંકેત આપે છે. જોકે, 9MFY25 ના શુદ્ધ નફામાં સંકલિત પરિણામોની જેમ 5% ની ઘટાડો નોંધાયો, જેના માટે વધતા ખર્ચને મુખ્ય કારણ ગણાવી શકાય. આઈસ મેકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ચંદ્રકાંત પટેલે જણાવ્યું: 'Q3FY25 માં 34% ની મજબૂત વાર્ષિક આવક વૃદ્ધિ, અમારી ઉચ્ચ ગુણવત્તાવાળી કૂલિંગ સોલ્યુશન્સ અને બજાર વિસ્તરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. વધતા ઑપરેશનલ ખર્ચના કારણે નફાકારકતાને થોડો અસર પહોંચી છે, તેમ છતાં, અમે કાર્યક્ષમતાના સુધારા અને વ્યૂહાત્મક વિકાસ પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. બજારમાં માગ હકારાત્મક છે, અને અમને વિશ્વાસ છે કે અમે રેફ્રિજેરેશન ઉદ્યોગમાં ઊભરી રહેલી તકોનો લાભ લઈ અમારા આવક લક્ષ્યો હાંસલ કરીશું. અમારું લક્ષ્ય FY25 માં 500 કરોડ અને FY 2027-28 સુધીમાં 1,000 કરોડની આવક પ્રાપ્ત કરવાનું છે.' આઈસ મેક તેના ઉત્પાદનોના પોર્ટફોલિયોને વિસ્તૃત, કાર્યક્ષમતા સુધારવા અને નવા બજારો શોધી રેફ્રિજેરેશન ક્ષેત્રમાં તેનું નેતૃત્વ વધુ મજબૂત બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. કંપની લાંબા ગાળાની વૃદ્ધિ જાળવી રાખવા માટે ખર્ચની રચનાને સુધારીને નફાકારકતા વધારવા માટે પ્રતિબદ્ધ છે.

# દરરોજ દૂધમાં આ ઝાડના પાંદડાનો પાઉડર એક ચમચી ભેળવીને પીઓ

## સાંધાના દુખાવો જડમૂળથી દૂર થશે અને વજન ઝડપથી ઘટશે

**આયુર્વેદમાં સરગવાને ઔષધીય ગુણોથી ભરપૂર કહેવામાં આવે છે દૂધમાં સરગવાનો પાવડર ઉમેરીને પીવાથી અનેક સ્વાસ્થ્ય લાભો મળે છે. તે હાડકાંને મજબૂત બનાવે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ તે ફાયદાકારક છે. સરગવામાં કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. દરરોજ સાંજે એક ગ્લાસ દૂધમાં એક ચમચી સરગવાનો પાવડર મિક્ષ કરી પીવાથી શ્રેષ્ઠ પરિણામ મળે છે.**



**દૂધ સાથે સરગવાનો પાવડર પીવાના ગજબના ફાયદા »** આયુર્વેદમાં સરગવાને ઔષધીય ગુણોથી ભરપૂર કહેવામાં આવે છે. તેનો ઉપયોગ વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓના ઉપચાર માટે થાય છે. સરગવો પ્રોટીન, આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમનો સારો સ્ત્રોત છે. આ ઉપરાંત, સરગવામાં ફાઈબર અને વિટામિન્સ પણ ભરપૂર માત્રામાં હોય છે. ઘણા લોકો સરગવાની શાક બનાવીને ખાય છે, જ્યારે કેટલાક લોકોને સરગવાનો રસ પીવાનું ગમે છે. આ ઉપરાંત ઘણા લોકો સરગવાના પાવડરનું પણ સેવન કરે છે. સરગવાનો પાવડર ચયાપચય અને પાચનતંત્ર માટે ફાયદાકારક છે.

**તમારા હાડકાં મજબૂત બનાવો »** દૂધ હંમેશા હાડકાં માટે ફાયદાકારક રહે છે. સરગવામાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ પણ મોટી માત્રામાં જોવા મળે છે.જો દૂધ અને સરગવાનો પાવડર એકસાથે પીવામાં આવે, તેથી આ હાડકાં મજબૂત બનાવે છે. દરરોજ સાંજે ચાને બદલે દૂધમાં સરગવાના પાનનો પાવડર મિલાવીને પીવાથી પણ હાડકા અને સાંધાના દુખાવામાં રાહત મળે છે.

**વજન ઘટાડવામાં ફાયદાકારક »** જો તમે વજન ઘટાડવા માંગો છો તો તમે સરગવાના પાવડરનું સેવન કરી શકો છો. આ પાવડરમાં ફાઈબરની માત્રા વધુ હોય છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે (Moringa વજન ઘટાડવા માટે તમે આ પાવડરને દરરોજ દૂધ સાથે લઈ શકો છો. જો તમે દરરોજ દૂધ સાથે સરગવાના પાવડરનું સેવન કરો છો તો તે વજન ઘટાડવામાં મદદ કરશે.

**ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક »** જો તમે ડાયાબિટીસના દર્દી છો, તો સરગવાનો પાવડર લેવો તમારા માટે ફાયદાકારક બની શકે છે. સરગવાનો પાવડર બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તમે દરરોજ સવારે કે સાંજે દૂધ સાથે સરગવાનો પાવડર લઈ શકો છો. આ ઉપરાંત, સરગવાના પાવડરને હુંફાળા પાણી સાથે પણ સેવન કરી શકાય છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારો |** જો તમે તમારી રોગપ્રતિકારક શક્તિ વધારવા માંગતા હો તો તમે તમારા ખોરાકમાં સરગવાનો પાવડરનો સમાવેશ કરી શકો છો. સરગવાનો પાવડર વિટામિન અને ખનિજો (minerals)થી ભરપૂર હોય છે. આ પાવડરનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. સરગવાનો પાવડર ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધારો થાઈ છે, તમે દરરોજ દૂધ સાથે સરગવાના પાવડરનું સેવન કરી શકો છો. દૂધ સાથે સરગવાનો પાવડર કેવી રીતે પીવો? : તમે દૂધ સાથે સરગવાના પાવડરનું સેવન કરી શકો છો. આ માટે એક ગ્લાસ દૂધ લો. તેમાં એક ચમચી સરગવાનો પાવડર ઉમેરો પછી તેનું મિક્સ કરી આ દૂધ પી લો. તમે સાંજે કે રાત્રે સરગવાનું દૂધ સેવન કરી શકો છો. થોડા દિવસ સુધી દરરોજ આ દૂધ પીવાથી ઘણી સમસ્યાઓ દૂર થાય છે.

# આ લોકોએ ભૂલથી પણ ઘી ન ખાવું જોઈએ



ઘી ભારતીય આહારનો એક મહત્વપૂર્ણ ભાગ છે. તે ખાવામાં સ્વાદિષ્ટ તો છે જ, પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. ઘીમાં વિટામિન એ, વિટામિન ડી, વિટામિન કે, પ્રોટીન, કેલ્શિયમ, સ્વસ્થ ચરબી, પોટેશિયમ અને ફોસ્ફરસ જેવા ઘણા પોષક તત્વો હોય છે, જે ઘણા સ્વાસ્થ્ય લાભો પૂરા પાડે છે. તે પાચન સુધારવા અને હાડકાં મજબૂત બનાવવામાં ખૂબ ફાયદાકારક છે.
આ ઉપરાંત તે આંખોના સ્વાસ્થ્ય અને ત્વચા માટે પણ ફાયદાકારક છે. પરંતુ આટલા બધા ફાયદા હોવા છતાં કેટલાક લોકોએ ઘીનું સેવન કરવાનું ટાળવું જોઈએ. હા ઘીનું સેવન કેટલાક લોકો માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કેટલીક સ્વાસ્થ્ય પરિસ્થિતિઓમાં તેનું સેવન કરવાથી દર્દીની હાલની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. તો ચાલો જાણીએ કે કયા લોકોએ ઘીનું સેવન ન કરવું જોઈએ.

**પાચન સમસ્યાઓ |** જે લોકોને પાચન સંબંધી સમસ્યાઓ હોય તેમણે ઘીનું સેવન ન કરવું જોઈએ. તેનું વધુ પડતું સેવન પાચનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે. આના કારણે પેટમાં દુખાવો, સોજો અને એસિડિટી જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં નબળી પાચનશક્તિ ધરાવતા લોકોએ તેનું સેવન ન કરવું જોઈએ અથવા મર્યાદિત માત્રામાં તેનું સેવન કરવું જોઈએ.

**કોલેસ્ટ્રોલ વધારે હોય તો ઘી ન ખાઓ |** જે લોકોને કોલેસ્ટ્રોલની સમસ્યા વધારે હોય તેમણે ઘીનું સેવન ન કરવું જોઈએ. વધુ પડતી માત્રામાં તેનું સેવન કરવાથી હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગનું જોખમ વધી શકે છે. આવી સ્થિતિમાં તેનું સેવન મર્યાદિત માત્રામાં જ કરો.

**લીવર સમસ્યાઓ |** જો તમે ફેટી લીવર, લીવર સિરોસિસ અથવા લીવર સંબંધિત અન્ય કોઈ રોગથી પીડિત છો તો તમારે ભૂલથી પણ ઘીનું સેવન ન કરવું જોઈએ. ખરેખર ઘીમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ વધુ હોય છે, જે લીવર પર વધારાનું દબાણ લાવી શકે છે. આવી સ્થિતિમાં ડૉક્ટરની સલાહ લીધા પછી જ તેનું સેવન કરવું જોઈએ.

**સ્થૂળતાથી પીડાતા લોકો |** સ્થૂળતાથી પીડાતા લોકોએ ઘીનું સેવન ન કરવું જોઈએ. કેમ કે તેમાં ચરબીનું પ્રમાણ વધુ હોય છે. જે તમારું વજન ઝડપથી વધારી શકે છે. આ સિવાય જો તમે વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો તેનું સેવન કરવાનું ટાળો.

**શરદી અને ખાંસીમાં ઘી ન ખાઓ |** જો તમને શરદી કે વાયરલ તાવ હોય તો ઘીનું સેવન કરવાનું ટાળો. ખરેખર ઘીનું સેવન શરીરમાં કફ વધારે છે, જે તમારી સમસ્યાઓ વધારી શકે છે. તેથી ઉધરસ, શરદી અને તાવમાં ઘીનું સેવન ન કરવું જોઈએ.

# દાંતના દુખાવા અને પોલાણમાંથી રાહત આપશે આ ઘરેલું ઉપચાર

દાંતમાં પોલાણ હોવું એ સામાન્ય માનવામાં આવે છે, પરંતુ તેનો દુખાવો અસહ્ય હોઈ શકે છે અને જો સમયસર તેની કાળજી લેવામાં ન આવે તો રૂટ કેનાલ ટ્રીટમેન્ટની પણ જરૂર પડી શકે છે. હમણાં માટે ચાલો આપણે કેટલાક ઉપાયો શીખીએ જે પોલાણ ઘટાડવા અને પીડાથી રાહત આપવામાં ઉપયોગી છે. દાંતમાં પોલાણની સમસ્યા કોઈપણ ઉંમરના વ્યક્તિને થઈ શકે છે અને તેનાથી બચવા માટે મૌખિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. પોલાણ મોટાભાગે નાના બાળકોમાં થાય છે, કારણ કે ક્યારેક તેઓ દાંત સાફ કરતા નથી અને ઘણી બધી મીઠાઈઓ ખાય છે. પોલાણને કારણે દાંતમાં અચાનક તીવ્ર દુખાવો થઈ શકે છે અને ક્યારેક ઘરે કોઈ દવા હોતી નથી. દાંતમાં પોલાણની સમસ્યા કોઈપણ ઉંમરના વ્યક્તિને થઈ શકે છે અને તેનાથી બચવા માટે મૌખિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. પોલાણ મોટાભાગે નાના બાળકોમાં થાય છે, કારણ કે ક્યારેક તેઓ દાંત સાફ કરતા નથી અને ઘણી બધી મીઠાઈઓ ખાય છે.

પોલાણને કારણે દાંતમાં અચાનક તીવ્ર દુખાવો થઈ શકે છે અને ક્યારેક ઘરે કોઈ દવા હોતી નથી. જેના કારણે ઘણી મુશ્કેલી પડે છે. જો તે ગંભીર બને તો તે ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. શરૂઆતમાં જો પોલાણ દૂર કરવામાં આવે તો ખાલી જગ્યા ભરાઈ જાય છે, પરંતુ જો તે પેઢા સુધી પહોંચે છે, તો રુટ કેનાલ કરવી પડે છે. દાંતના પોલાણ ઘટાડવા અને દુખાવામાં રાહત આપવા માટે કેટલાક ઘરેલું ઉપચાર ખૂબ જ ઉપયોગી છે. જેના કારણે ઘણી મુશ્કેલી પડે છે. જો તે ગંભીર બને તો તે ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. શરૂઆતમાં જો પોલાણ દૂર કરવામાં આવે તો ખાલી જગ્યા ભરાઈ જાય છે, પરંતુ જો તે પેઢા સુધી પહોંચે છે, તો રુટ કેનાલ કરવી પડે છે. દાંતના પોલાણ ઘટાડવા અને દુખાવામાં રાહત આપવા માટે કેટલાક ઘરેલું ઉપચાર ખૂબ જ ઉપયોગી છે. આજકાલ લોકો નાના દુખાવા માટે પણ દવા લે છે, પરંતુ પહેલાના સમયમાં દાદીમા નાની સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે ઘરેલું ઉપચારનો ઉપયોગ કરતા હતા.

# ટેનિંગ દૂર કરવામાં મદદ કરશે નેચરલ ફેસ પેક

**મોટાભાગના લોકો શિયાળામાં સન બાથ લેવાનું પસંદ કરે છે. સૂર્યપ્રકાશથી વિટામિન ડી મેળવવા ઉપરાંત, બીજા ઘણા ફાયદા પણ છે. શિયાળાની ઋતુમાં, ઘણા લોકો દરરોજ તડકામાં રહેવા માટે સમય કાઢે છે. પરંતુ આ કારણે ચહેરા પર ટેનિંગ થવું પણ સામાન્ય બાબત છે. પરંતુ આના કારણે ચહેરાનો ગ્લો ઓછો થવા લાગે છે.**



**આ રીતે ઘરે કરો ટેનિંગ |** ટેનિંગ ઘટાડવા માટે, લોકો વિવિધ ત્વચા સંભાળ ઉત્પાદનો અને ઉપાયોનો ઉપયોગ કરે છે. પરંતુ આ પછી પણ કોઈ ખાસ ફરક જોવા મળતો નથી. તમે રસોડામાં હાજર વસ્તુઓનો ઉપયોગ કુદરતી રીતે ટેનિંગ ઘટાડવા માટે કરી શકો છો. આ ટેનિંગ ઘટાડવામાં ફાયદાકારક સાબિત થઈ શકે છે.

**દૂધ અને હળદર |** ટેનિંગ દૂર કરવા માટે, તમે દૂધ અને હળદરનો ફેસ પેક બનાવી શકો છો અને તેને લગાવી શકો છો. આ માટે તમારે કાચું દૂધ અને શેકેલી હળદર મિક્સ કરીને સોફ્ટ પેસ્ટ બનાવવી પડશે. હવે આને ગરદન અને ચહેરા પર લગાવો. 15 થી 20 મિનિટ પછી તેને પાણીથી સાફ કરો. આ ત્વચાને ચમકદાર બનાવવામાં પણ મદદ કરી શકે છે.

**હળદર અને ચણાનો લોટ |** હળદર અને ચણાના લોટની પેસ્ટ ચહેરા પરથી ટેનિંગ દૂર કરવામાં અને ત્વચાને ચમકદાર બનાવવામાં પણ મદદ કરી શકે છે. આ બનાવવા માટે, સૌ પ્રથમ અડધી ચમચી હળદર બે ચમચી ચણાના લોટમાં મિક્સ કરો. હવે તેમાં ગુલાબજળ અને કાચું દૂધ મિક્સ કરો. તેને તમારા ચહેરા પર 10 થી 15 મિનિટ સુધી રાખો અને પછી ચહેરો ધોઈ લો.

**એલોવેરા, હળદર અને મધ |** એલોવેરા, હળદર અને મધ મિક્સ કરીને સોફ્ટ પેસ્ટ બનાવીને ચહેરા પર લગાવવાથી ટેનિંગ ઓછું થાય છે અને ત્વચા ચમકતી બને છે. આ સાથે, એલોવેરા ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવામાં પણ મદદ કરે છે.

**કાકડીનો રસ અને ગુલાબજળ |** કાકડીનો રસ ત્વચાને ઠંડક આપે છે અને ગુલાબજળ ત્વચાને ભેજયુક્ત બનાવે છે, જે ટેનિંગ ઘટાડવામાં પણ મદદ કરી શકે છે. અડધી કાકડીનો રસ કાઢો અને તેમાં એક ચમચી ગુલાબજળ ઉમેરો. આ મિશ્રણને ચહેરા પર લગાવો અને 15-20 મિનિટ માટે રહેવા દો. આ પછી, તમારા ચહેરાને સામાન્ય પાણીથી ધોઈ લો.

**ચંદન અને ગુલાબજળનો પેક |** ચંદન પાવડર અને ગુલાબજળની પેસ્ટ પણ ટેનિંગ ઘટાડવામાં મદદ કરી શકે છે. બજારમાં ચંદન પાવડર સરળતાથી મળી જાય છે. આ બંનેને મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરો. આ પેસ્ટને ચહેરા પર 20 મિનિટ સુધી લગાવો. આ પેક ત્વચાની ટેનિંગ ઘટાડવામાં અને ત્વચાને ચમકદાર બનાવવામાં મદદ કરે છે.

# ચમત્કારને નમસ્કાર પાછળ કલ્યુગી માણસ ભાગ્યા કરે છે



મંત્ર જપ

- રુપાલી દવે

આસ્થા શબ્દ પર માણસ ની અતૂટ શ્રધ્ધા ના લીધે નિસ્વાર્થ ભાવે જેને એ ગુરુ સ્થાન પર સ્વીકારે છે એના ઉપદેશ નું અનુસરણ કરતા હોય છે.માણસ ભગવાન કરતા પણ વધારે એના ગુરુ પર આંખ બંધ કરીને વિશ્વાસ કરતા હોય છે.કળયુગ માં મનુષ્ય એના ગુરુ ના વિશ્વાસ ઘાત નો ભોગ બનતો વધારે જોવા મળે છે. આવું કેમ? વર્તમાનમાં બિલાડીના ટોપ ની માફક અત્રે તત્રે સર્વત્ર જ્યાં નજર કરશો ત્યાં "અહં બ્રહ્માસ્મિ" નજરે પડશે. આ કારણોસર માણસ માટે સાચા ગુરુ ની શોધ ખૂબ જ ક્ઠીન બની ચૂકી છે. ધર્મ અને આસ્થા માં પીસાતા માણસ ને એના જીવન ના સાચા પથદર્શક પ્રાપ્ત કરવા મુશ્કેલ છે.ચમત્કાર ને નમસ્કાર પાછળ કલ્યુગી માણસ ભાગ્યા કરે છે જ્યાં એની ઈચ્છા મુજબ નો સંતોષકારક જવાબ મળે ત્યાં ગુરુ સ્થાન સમજી ફોલો કરવા માં મચી પડે છે.આ વિષય ને ઊંડાણ પૂર્વક સમજવો હશે તો પૂર્વે ઈતિહાસ અનુસાર ગુરુ શિષ્ય વિશે સંવાદ ની ક્થા સમજીએ :

ગુરૂ એ સહેજ સ્મિત ફરકાવી ને શિષ્યની સમક્ષ પ્રસંગ રજૂ કર્યો : એક મનુષ્ય ખૂબ અમીર હતો એની સેવામાં અસંખ્ય નોકર ચાકર ખડે પગે રહેતાં હતા.મનુષ્ય ની સુરક્ષા માટે માણસો ની ફોજ આગળ પાછળ ફરતી હતી.ખુદ ની ખુશીઓ અને આનંદ પ્રમોદ માટે એટ એટલી વ્યવસ્થા હતી કે મનુષ્ય ને નિહાળી ને સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને પણ ઈર્ષા આવતી હતી. મનુષ્ય ને સ્વર્ગ ની અપ્સરા રંભા અને ઉર્વશી સમાન દસ દસ ખૂબ સુરત પત્નીઓ હતી. અડધી રાત્રે મનુષ્ય એની લકઝરી કારમાં બેસીને અન્ય કાર ના કાફલા સાથે નિર્જન રસ્તા માં પસાર થતો હતો ત્યાં એની નજર માં રસ્તાની સાઈડ પરના ઝાડ પર પડી. મનુષ્ય ને આશ્ચર્ય થતા એણે કાર ઊભી રખાવી,એની કાર ઊભી રહેતા એની સુરક્ષા માટેની કાર નો કાફલો પણ ઉભો રહી ગયો.કેમ?

અંત ભલા તો સબ ભલા,
કરતે રહે હે વો સબ કીજીયે..

રસ્તાની સાઈડ પરના ખીજડા ના ઝાડ હવા વગર પણ હલી હલી ને એકબીજા સાથે વાત કરતા હતા. બન્ને ઝાડ ની વાતો કાર ના કાચ બંધ હોવા છતાંય મનુષ્ય ને સાંભળતી હતી. ખીજડા ના ઝાડ મનુષ્યની કાર ને ઉદ્દેશી ને બોલતા હતા કે "અંત ભલા તો સબ ભલા" આ વાક્ય નો અર્થ મનુષ્ય ને સમજાયો નહિ એટલે એણે રસ્તા ની સાઈડ માં કાર ઊભી રાખવી ને એ કાર માંથી ઉતરી ને ખીજડા ના ઝાડ તરફ ચાલવા લાગ્યો.એની સુરક્ષા કરનાર ને ત્યાં જ ઊભા રહેવાનું સૂચન કર્યું. જેમ જેમ મનુષ્ય ખીજડા ના ઝાડ નજીક આવવા લાગ્યા એમ એમ ઝાડ "અંત ભલા તો સબ ભલા" ઊંચા ઊંચા અવાજે બોલ્યા. મનુષ્ય એ ખીજડા ના ઝાડ ને નમસ્કાર કરતા પૂછ્યું કે "અંત ભલા તો સબ ભલા" નો અર્થ સમજાયો નહિ,તમે મને ઉદ્દેશી ને બોલ્યા છો એટલે નક્કી કઈક તો મને સ્પર્શે એવું છે. ખીજડા ના ઝાડ બોલ્યા કે બેટા,પૂર્વ ભવ માં અમે તારા ગુરુ હતા અને તું અમારો શિષ્ય હતો. તને દૂર થી આવતા નિહાળી ને અમારો ગુરુ ભાવ જાગી ગયો હતો.પૂર્વ ભવ માં અમારું મન તપશ્ચર્યા માં લીન રહેવા માંગતું હતું પરંતુ અમારા જ્ઞાનની ચર્ચા દૂર દૂર ફેલાયેલી હોવાના લીધે તપ સાધના અશક્ય હતી. આ કારણો સર ઝાડ બન્યા છીએ,વિશ્વ માં વૃક્ષ જેવો ઉતમ સાધક અન્ય નથી.

કાપાય તો દર્દ નહી ને ફળ તોડે તો પીડા નહી,
"માંગ્યું મે નથી" ને વિચારી જીવંત રહે છે સદાય

આ ભવ માં પણ અમારા આશીર્વાદ તારા પર અપાર છે તારે જે પૂછવું હોય એ પૂછ તારા મનનો અચૂક સમાધાન કરીશું. મનુષ્ય ને ખીજડા ના ઝાડ એ કીધું કે બેટા, તારો અંત સમય અત્યંત કષ્ટદાયી છે જે હરણફાળ વેગે તારા તરફ આગળ વધી રહ્યો છે. તું કદાચ તારા ને બચાવવા નો પ્રયાસ કરીશ તો પણ બચાવી શકીશ નહી.વૃક્ષો ની વાત સાંભળતા જ મનોમન ભય ન માર્યા ડરી જતા મનુષ્ય એ પૂછ્યું કે ગુરુદેવ,આ સ્થિતિ માં મારે શું કરવું જોઈએ? મને યોગ્ય માર્ગદર્શન કરો. ખીજડા ના ઝાડ એ કીધું કે તું જ્યાં જઈ રહ્યો છે ત્યાં તારા અંત નું પ્રયોજન સુનિશ્ચિત સમજ. આ સ્થતિ માં તારે આગળ ના પ્રવાસ ને સ્થગિત કરીને સતત ત્રણ દિવસ ઝાડ નીચે સમાધિસ્થ બેસી ને "અંત ભલા તો સબ ભલા" મંત્ર નો જપ કરવાનું છે. તારી સાથે આવેલ કાર અને સુરક્ષા કાફલા ને ગંતવ્ય સ્થળ પર રવાના કરી દેજે.

મનુષ્ય ને મૃત્યુ ના ભયમાં ખીજડા ના ઝાડ પર આસ્થા બેસતા એણે ખાસ બહાનું દર્શાવીને કાર સાથે અન્ય સુરક્ષા કાફલા ને ગંતવ્ય સ્થળ તરફ પ્રયાણ કરવાની સૂચના આપી દીધી.ભૂખ્યો તરસ્યો મનુષ્ય ખીજડા ના ઝાડ નીચે મંત્ર જપ કરતા કરતા મનુષ્ય ગાઢ નિંદ્રા માં પોઢી ગયો. ત્રણ દિવસ બાદ એણે આંખ ખોલી તો એ એના વૈભવશાળી બેડરૂમના પોચા ગાદલા માં સૂતો હતો. નિંદ્રા માંથી જાગ્યા બાદ મનુષ્ય ને એણે અનુભવ્યું એ સ્વપ્નું હતું કે હકીકત એ સમજાયું નહીં.

ગુરુદેવ એ શિષ્ય ને પૂછ્યું કે તને શું લાગે છે મનુષ્ય એ અનુભવેલ એ સ્વપ્નું હતું કે હકીકત?

શિષ્ય એ ધીમેથી કહ્યું કે ગુરુદેવ,સ્વપ્નું વધારે લાગે છે,જો હકીકત હોત તો કદાચ મનુષ્ય ઝાડ ને ગુરુ માનવાં તૈયાર ન થાત. ગુરુદેવ એ સહેજ સ્માઈલ કરતા શિષ્ય ને કહ્યું કે બેટા,મનુષ્ય કલ્યુગી હતો એટલે આત્મ સુખ નું પ્રથમ વિચાર્યું ને ખીજડા ના ઝાડ ના સૂચવ્યા અનુસાર વર્ષો થી રાતદિવસ એની સેવા કરનાર સુરક્ષા કાફલાને પરત ફરવાના ના બદલે મોતના મુખ માં ધકેલ્યા. ખુદ ના જીવ બરાબર પચાસ મોતનો ભોગ ખીજડા ને આપ્યો.કળયુગ માં જેવી માણસની સ્વાર્થી માનસિકતા એને અનુરૂપ ગુરુ ની તપ સાધના.તને જે તારી આસપાસ દેખાય છે એ એક આભાસી ચલ ચિત્ર સમજ,એના રંગ રૂપ પળે પળે બદલાય ને વિખેરાય છે.

ગુરુજી ના નામની હો માળા છે રામ ની..
પ્રભુજી ન નામની હો માળા છે રામ ની..

કળયુગ માં "મંત્ર જપ" ને ગુરુ સ્થાને સ્થાપવા થી ઈશ્વર ના આશીર્વાદ ની પ્રાપ્તિ થતી હોય છે."મંત્ર જપ જ ગુરુ ને ગુરુ જ મંત્ર જપ" આને સત્ય સમજ.હનુમાનજી એ પથ્થર પર રામનામ લખી ને સાગર પર ફેંક્યા ત્યારે પથ્થર પાણી માં તરવા લાગ્યા હતા.આ કારણોસર વાનર સેના હર્ષિત થતા બોલી હતી કે રામનામ માં નિર્જીવ પથ્થર પણ તરી ગયા. વાનર સેના ની વાત સાંભળતા જ ભગવાન શ્રી રામ ચંદ્ર એ સસ્મિત લક્ષ્મણ જી ને કીધું કે પથ્થર રામ નામે ભક્ત ની રામ પરત્વે ની અથાગ ભક્તિ અને શ્રદ્ધા થી પથ્થર તરી રહ્યા છે બાકી એકલા રામ ની તાકાત સમુદ્ર માં પથ્થર તરાવવા ની નથી.



# ‘હું જીવવા નહોતી માગતી, મેં મમ્મીને વાત કરી હતી’

## દીપિકા પાદુકોણે ‘પરીક્ષા પે ચર્ચા 2025’માં વિદ્યાર્થીઓને ટિપ્સ આપી, કહ્યું- ડિપ્રેશનને છુપાવો નહીં વ્યક્ત કરો





આજે “પરીક્ષા પે ચર્ચા 2025” ના બીજા એપિસોડમાં, બોલિવૂડ એક્ટ્રેસ અને મેન્ટલ હેલ્થ એડવોકેટ દીપિકા પાદુકોણ બાળકો સાથે વાત કરતી જોવા મળી હતી. આ એપિસોડ સવારે 10 વાગ્યે રિલીઝ થયો છે દીપિકાએ બાળકોને તણાવથી દૂર રહેવા માટે કેટલીક ટિપ્સ આપી છે અને તેના જીવનની કેટલીક વાતો પણ શેર કરી છે જે વિદ્યાર્થીઓને કંઈક શીખવામાં મદદ કરશે.

આ ક્રમમાં દીપિકાએ કહ્યું, ‘હું બસ કામ કરતી રહી અને એક દિવસ એવો આવ્યો જ્યારે હું બેહોશ થઈ ગઈ અને થોડા દિવસો પછી મને ખ્યાલ આવ્યો કે હું ડિપ્રેશનથી પીડાઈ રહી છું.આ વિશે મેં લાંબા સમય સુધી કોઈની સાથે વાત શેર કરી નહીં પણ જ્યારે મારી મમ્મી આવી ત્યારે હું રડવા લાગી. તેને મે કહ્યું કે મને સમજાતું નથી કે મારે શું કરવું. મને લાગે છે કે મારે હવે જીવવાની જરૂર નથી.’

**‘ડિપ્રેશનને હેન્ડલ કરતા શીખો’ :** દીપિકાએ કહ્યું- ‘આપણે તૈયારી કરી શકીએ છીએ, સૂઈ શકીએ છીએ, કસરત કરી શકીએ છીએ, ધ્યાન કરી શકીએ છીએ. શાળા, શાળા પછી રમતગમત, મોડેલિંગ અને પછી ફિલ્મો. એક દિવસ એવો આવ્યો જ્યારે હું કામ કરતી વખતે બેહોશ થઈ ગયો. મને ખબર પડી કે હું ડિપ્રેશનથી પીડાઈ રહી છું.’ આ એવી વસ્તુ હતી જે આપણે જોઈ શકતા નથી. ઘણા સમય સુધી આ વાત કોઈની સાથે શેર ન કરી.

મમ્મી આવી અને જે દિવસે તેઓ જતા હતા, તે દિવસે હું રડવા લાગી. જ્યારે તેમણે મને પૂછ્યું, ત્યારે મેં તેને કહ્યું કે હું હતાશ અને નિરાશ થઈ ગઈ છું. મારી માતાએ મને મનોવિજ્ઞાની સાથે ફોન કરીને વાત કરવાનું કહ્યું’ બોલતાની સાથે જ મને ઘણું હળવું લાગવા લાગ્યું. ડિપ્રેશન કોઈને પણ ગમે ત્યારે થઈ શકે છે. તમે તેને યોગ્ય વ્યક્તિ સામે વ્યક્ત અને તમારા ખભા પરથી એક મોટો બોજ ઊતરી જશે.’

### બાળકોને નબળાઈ અને શક્તિઓ વિશે લખવાનું કહ્યું

દીપિકાએ બાળકોને એક પ્રવૃત્તિમાં સામેલ કર્યા. તેમણે બાળકોને કાગળ પર પોતાની તાકાત અને નબળાઈ વિશે લખવા કહ્યું. તેમણે કહ્યું કે આનાથી તમને તમારી શક્તિઓ શું છે અને તમારે કઈ બાબતો પર કામ કરવાની જરૂર છે તે વિશે સ્પષ્ટતા મળે છે. તણાવનો સામનો કરવામાં ધ્યાન, કસરત મદદરૂપ થાય છે એક વિદ્યાર્થીએ દીપિકાને પૂછ્યું- આપણે તણાવનો સામનો કેવી રીતે કરીએ છીએ? દીપિકાએ કહ્યું- એવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરો જેના પર તમારું નિયંત્રણ છે. જેમ કે હું તૈયાર છું કે નહીં. તમે ધ્યાન કરી રહ્યા છો કે કસરત કરી રહ્યા છો કે નહીં, તમારા માતાપિતા સાથે વાત કરો. આ બધું તમારા નિયંત્રણમાં છે. જીવનમાં શું કરવું તે સ્પષ્ટ હોવું જોઈએ. તમે નિષ્ફળ જશો, તેવું દરેક સાથે થાય છે. પણ આનંદ માણો.’

### 10 ફેબ્રુઆરીએ પીએમ મોદીએ પરીક્ષા વિશે ચર્ચા કરી હતી

પરીક્ષા પે ચર્ચા 2025 ની શરૂઆત 10 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી દ્વારા બાળકો સાથેના સંવાદ સાથે થઈ હતી. તેમના 1 કલાકના શોમાં, પીએમએ બાળકોને એક્ઝામ વોરિયર્સ બનવા માટે 9 ટિપ્સ આપી હતી. આ વર્ષે આખો કાર્યક્રમ 8 એપિસોડમાં છે. આમાં, વિવિધ ક્ષેત્રોની 12 હસ્તીઓ ઉપરાંત, UPSC, CBSE અને JEE પાસ કરનારા ટોપર્સ તેમના અનુભવો શેર કરી રહ્યા છે.

પીએમ મોદી અને દીપિકા પાદુકોણ ઉપરાંત, ‘પરીક્ષા પે ચર્ચા’ 2025 માં સદગુરુ, મેરી કોમ, અવની લેખારા, રુજુતા દિવેકર, સોનાલી સભરવાલ, વિક્રાંત મેસી, ભૂમિ પેડનેકર, ટેકનિકલ ગુરુજી અને રાધિકા ગુપ્તા સહિત ઘણી હસ્તીઓ ભાગ લેશે, જેઓ વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા માટે પોતાની શૈલીમાં ટિપ્સ આપશે.

### “હું ખૂબ જ તોફાની બાળક હતી

દપિકાએ વિદ્યાર્થીઓ સાથે તેના શાળાજીવન અને લાગણીઓ વ્યક્ત કરવાના મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી. આ દરમિયાન, તેણે તેને બાળપણના તોફાનો અને અભ્યાસમાં તેને જે પડકારોનો સામનો કરવો પડ્યો તે વિશે ખુલ્લેઆમ વાત કરી. દીપિકાએ કહ્યું, “હું ખૂબ જ તોફાની બાળક હતી. હું હંમેશા સોફા, ટેબલ અને ખુરશીઓ પર કૂદકા મારતી હતી. ક્યારેક હું ખૂબ જ તણાવમાં આવી જતી હતી, જેમ કે હું ગણિતમાં ખૂબ જ નબળી હતી અને હજુ પણ છું.’

### દીપિકાનું વર્કફ્રન્ટ

વર્કફ્રન્ટની વાત કરીએ તો, દીપિકા તાજેતરમાં રોહિત શેટ્ટીની ફિલ્મ ‘સિંઘમ અગેન’માં જોવા મળી હતી. ગયા વર્ષે રિલીઝ થયેલી ‘કલ્કિ’ અને ‘ફાઈટર’ ફિલ્મોમાં પણ આ અભિનેત્રીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. હાલમાં, અભિનેત્રી તેની પુત્રી દુઆની સંભાળ રાખવામાં વ્યસ્ત છે. અભિનેત્રીએ સપ્ટેમ્બરમાં એક પુત્રીને જન્મ આપ્યો હતો અને હાલમાં તે તેના માતૃત્વના સમયગાળાનો આનંદ માણી રહી છે.

**દીપિકાએ બાળકો સાથે 5-4-3-2-1 ગેમ રમી. આ રમતના નિયમો સરળ છે.**

તમે અત્યારે જોઈ શકો છો તેવી 5 વસ્તુઓના નામ આપો.
4 વસ્તુઓ જેને તમે હમણાં સ્પર્શી શકો છો.
3 વાતો જે તમે સાંભળી શકો છો.
2 વસ્તુઓ જે તમે સૂંઘી શકો છો.
1 વસ્તુ જે તમે ચકાસી શકો છો.

---

’રા વન’ની નિષ્ફળતા પર અનુભવ સિંહાએ કહ્યું : હું સારી ફિલ્મ બનાવી શક્યો નહીં

# ‘ઇન્ડસ્ટ્રીનો એક મોટો વર્ગ શાહરુખની પડતી ઇચ્છતો હતો’

(એજન્સી) મુંબઈ | તા.12



તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં, ફિલ્મ ડિરેક્ટર અનુભવ સિંહાએ તેમની અને શાહરુખ ખાનની ફિલ્મ ‘રા.વન’ ના નિર્માણ અને તેના ફ્લોપ થવાના કારણ વિશે વાત કરી. અનુભવ માને છે કે ‘રા.વન’ એક ખરાબ ફિલ્મ હતી અને તેથી ફિલ્મ સારી ચાલી ન હતી. ફિલ્મની સ્ક્રિપ્ટ અને એડિટિંગ પણ ખરાબ હતું. લલ્લનટોપને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અનુભવ કહે છે - ‘મેં આ ફિલ્મની કલ્પના 2005 માં જ કરી હતી. અને 2006માં , મેં તે લખવાનું શરૂ કર્યું. અલબત્ત, હું શાહરુખ સાથે ફિલ્મ વિશે વાતચીત કરી રહ્યો હતો પણ કંઈ ફાઈનલ થયું નહીં. શાહરુખે બર્લિનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં આ પ્રોજેક્ટની જાહેરાત કરી અને ભારત જવા માટે ફ્લાઈટમાં બેઠો. મને આઠ કલાક સુધી સતત લોકોના ફોન આવતા રહ્યા. સાચું કહું તો, મને ખબર નહોતી કે શાહરુખે આવું કંઈક કહ્યું છે અને મને ખબર નહોતી કે કેવી રીતે જવાબ આપવો. આઠ કલાક પછી મેં તેની સાથે વાત કરી ત્યારે શાહરુખે કહ્યું, ‘આપણે ફિલ્મ બનાવી રહ્યા છીએ, એમાં છુપાવવા જેવું શું છે?’

### ઉદ્યોગનો એક મોટો વર્ગ શાહરુખને પડતો જોવા માગતો હતો

‘રા.વન’ વિશે વાત કરતા, ડિરેક્ટરે કહ્યું કે તે સમયે ઈન્ડસ્ટ્રીમાં કેટલા લોકો ઈચ્છતા હતા કે, ફિલ્મ નિષ્ફળ જાય. અનુભવ કહે છે- ‘મારું માનવું છે કે ફિલ્મ ઉદ્યોગમાં એક મોટો વર્ગ શાહરુખને પડતો જોવા માગતો હતો.’ હું આ ઉદ્યોગમાં ઘણા સમયથી છું અને હું લોકોને સારી રીતે ઓળખું છું. જ્યારે શાહરુખે કબૂલ્યું કે ફિલ્મ ફ્લોપ ગઈ હતી ત્યારે મારા માટે ખૂબ જ દુઃખદ હતું. મેં ફિલ્મમાં છેતરપિંડી કરી. તેનો મારા પરનો વિશ્વાસ પણ તૂટી ગયો. હું શાહરુખને એવી ફિલ્મ ન આપી શક્યો જેના પર તેને ગર્વ થાય.’

### શાહરુખ ખાન એક અદ્ભુત પાત્ર છે

અનુભવ ઈન્ટરવ્યૂમાં કહે છે કે, ‘આ ફિલ્મ તેના વિચાર મુજબ બનાવવામાં આવી ન હતી. પરંતુ શાહરુખે ક્યારેય પૈસાની ચર્ચા ન કરી હોવાથી તેને ક્યારેય બજેટની ચિંતા કરવાની જરૂર નહોતી. તે પૈસાથી ઘણી ઉપર છે. તે એક અદ્ભુત પાત્ર છે. શાહરુખને આ વાતની બિલકુલ પરવા નહોતી. ફિલ્મના બજેટ વિશે મેં જે કંઈ સાંભળ્યું તે બહારનું હતું. કોઈ કહે છે ૯૦ કરોડ રૂપિયા, કોઈ કહે છે ૧૨૦ કરોડ રૂપિયા. મેં ફિલ્મ પરથી કાબુ ગુમાવી દીધો હતો. શાહરુખ કે મેં ક્યારેય

---

# હિના ખાને રોઝલિન ખાનને આપ્યો જડબાતોડ જવાબ, શેર કરી ક્રિપ્ટિક પોસ્ટ

(એજન્સી) મુંબઈ | તા.12



તાજેતરમાં રોઝલીન ખાને ફરીથી કેન્સર સામે ઝઝૂમી રહેલી એક્ટ્રેસ હિના ખાન પર આરોપો લગાવ્યા છે. રોઝલીન ખાને હિનાના કેન્સર અંગે ઘણા સવાલો ઉઠાવ્યા. હિના ખાને ભલે રોઝલિન ખાન વિશે સીધી વાત ન કરી હોય, પરંતુ તેને એક રહસ્યમય પોસ્ટ દ્વારા તેને ચોક્કસ નિશાન બનાવી છે. હિનાએ એક રીતે રોઝલીનને ચેતવણી આપી છે. તમને જણાવી દઈએ કે શું છે આખો મામલો.

હિના ખાને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક પછી એક બે પોસ્ટ પોસ્ટ કરી છે. એક સ્ટોરીમાં, હિનાએ પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાના ઈન્ટરવ્યુની ક્લિપ શેર કરી, જેમાં તે કહેતી જોવા મળે છે કે લોકો તમારા વિશે શું કહી રહ્યા છે અથવા કોમેન્ટ કરી રહ્યા છે તેની તમારે પરવા ન કરવી જોઈએ. મધુ ચોપરાએ વીડિયોમાં કે કોઈ મારા વિશે ગમે તે કહે, કોઈ મારા નામ પરથી એક ટપકું પણ ભૂંસી શકતું નથી કે અલ્પવિરામ પણ મૂકી શકતું નથી.

કારણ કે ઘણા બધા નકારાત્મક લોકો છે જે બકવાસ બોલે છે પણ મને તેનાથી ફરક પડતો નથી કારણ કે તેમની કોઈ કિંમત નથી. બીજી એક પોસ્ટમાં, શાહિદ કપૂરના ઈન્ટરવ્યુની એક ક્લિપ છે જેમાં તે કહી રહ્યો છે કે જો કોઈ ખરાબ કે સ્વાર્થી છે તો તેને રહેવા દો, જો કોઈ અસભ્ય વર્તન કરી રહ્યું છે તો તેને રહેવા દો કારણ કે આખરે આપણે ભગવાનને જવાબ આપવો પડશે. આ ક્લિપ સાથે, હિનાએ લખ્યું છે કે દરેકનું રજિસ્ટર ખુલી જશે.

આનો અર્થ એ થયો કે હિના રોઝલિનનું નામ લીધા વિના સ્પષ્ટપણે ચેતવણી આપી રહી છે કે તે ગમે તે કહે, તેનાથી હિનાને કોઈ ફરક પડશે નહીં અને દરેકે ભગવાન પાસે જઈને પોતાના કાર્યોનો હિસાબ આપવો પડશે.

### રોઝલીન ખાને હિના પર લગાવ્યો હતો આરોપ

‘ફિલ્મી મંત્ર’ નામની યુટ્યુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે રોઝલીન ખાને હિના ખાનના કેન્સર વિશે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આ દરમિયાન હિનાએ કહ્યું હતું કે તેમની સર્જરી સાતથી આઠ કલાક લાંબી હશે. રોઝલીને વધુમાં કહ્યું કે હિનાએ કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાની વાત કરી હતી પરંતુ અત્યાર સુધી તેને તેના વિશે કોઈ માહિતી કે શબ્દો શેર કર્યા નથી.

---

# ઝી સિનેમા પર 16મી ફેબ્રુઆરી રવિવાર સાંજે 8 વાગે કલ્કી 2898 એડીના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર સાથે દંતકથા સમા અશ્વસ્થામા તથા કલ્કી અવતારના ઉદયના સાક્ષી બનો




મુંબઈ : જ્યારે દુનિયા અંધકારમાં ડૂબી રહી હશે ત્યારે કલ્કી અવતાર આશાના કિરણ તરીકે ઉભરી આવશે. દુષ્ટ શક્તિઓનો નાશ કરવા તથા ધર્મની સ્થાપના કરવા આ અવતાર ધરતી પર આવશે. કલ્કી 2898 એડી આ ભવિષ્યવાણીને જીવંત કરે છે, જેમાં તે અશ્વત્થામાની દંતકથાની સાથે જોડવામાં આવે છે. અશ્વત્થામા એક એવા અમર યોદ્ધા છે, જેને અનંત કાળ માટે પૃથ્વી પર જીવવાનો શ્રાપ આપવામાં આવ્યો છે. અહીં અમિતાભ બચ્ચન આ ભૂમિકા ભજવી રહ્યા છે, જે આ ફિલ્મમાં એક સિનેમેટિક ભવ્યતા તરીકે ઉભરી આવ્યા છે. આ જ ભવ્યતાને અનુભવો કલ્કી 2898 એડીના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર સાથે રવિવાર, 16મી ફેબ્રુઆરી સાંજે 8 વાગે ફક્ત ઝી સિનેમા પર.નાગ અશ્વિનના જોરદાર વિચારથી પ્રેરિત કલ્કી 2898 એડીએ ભારતીય સિનેમામાં ક્રાંતિકારી વીએફએક્સ, દિલધડક દ્રશ્યો અને પૌરાણિક કથાઓ તથા ભવિષ્યવાદના અદ્દભુત સંયોજન સાથે તેને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. જોરદાર યુદ્ધથી લઈને ડિસ્ટોપિયન શહેરો સુધી, દરેકે દરેક ફ્રેમ એક અવિશ્વસનિય ઊંડાણ સાથે રચવામાં આવ્યું છે, જેના લીધે તે પહેલા ક્યારેય નહીં સાંભળેલી આ વાર્તાના અનુભવને વધુ અદ્દભુત બનાવે છે.આ ગાથા મહાભારતના યુદ્ધના અંતથી શરૂ થાય છે, જ્યાં શ્રી કૃષ્ણ અશ્વત્થામાને તેના અક્ષમ્ય પાપ માટે શ્રાપ આપે છે અને તે અનંતકાળ સુધી દુઃખ ભોગવશે તેવી સજા આપે છે. જેમ-જેમ સમય પસાર થાય છે, તેમ-તેમ વિષ્ણુના અંતિમ અવતાર કલ્કીની ભવિષ્યવાણી આકાર લે છે. અશ્વત્થામાની મુક્તિનો માર્ગ એ સ્ત્રીના રક્ષણ કરવામાં રહેલો છે, જેના ગર્ભમાં આ દૈવી અવતાર આવવાના છે. દીપિકા પદુકોણ એ સ્ત્રી એટલે કે, કલ્કીની માતાનું પાત્ર ભજવે છે, જ્યારે પ્રભાસ ભૈરવની ભૂમિકા ભજવે છે, જે વિનાશની અણી પર રહેલી દુનિયામાં ધર્મને જાળવી રાખવા લડતો નિર્ભય યોદ્ધા છે.પ્રિમિયર વિશે ચર્ચા કરતા નાગ અશ્વિન કહે છે, “હું હંમેશા મહાકાવ્ય યુદ્ધોવાળી પૌરાણિક ફિલ્મો જોતો હતો, તેથી કલ્કી 2898 એડીને જીવંત કરીને મારું એક સપનું સાકાર કર્યું છે. મારો પહેલો જ શૉટ શ્રી બચ્ચન સાથે હતો અને તે મારા જીવનની સૌથી યાદગાર ક્ષણ છે. તે એક દંતકથા સમાન છે અને આપણા દેશના મૂળ એક્શન હીરો છે, એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી. સાચું કહું તો, બધા કલાકારોની સાથે કામ કરવું એ એક લહાવો હતો. પરંતુ આ ફિલ્મને ખરેખર ખાસ બનાવતી બાબત એ છે કે, કઈ રીતે દરેક કલાકારો અને ક્રુના સભ્યો કલ્કીની દુનિયાને જીવંત કરવા એકઠા થયા હતા. કલ્કીની ભવિષ્યવાદી દુનિયા બતાવવા માટે જે મહેનત તથા તૈયારી કરવામાં આવી હતી, તે એક કલ્પના બહારની વાત હતી અને હું ઝી સિનેમાના દર્શકોને વિનંતી કરીશ કે, અમે જે મહેનત કરીને દ્રશ્યો બનાવ્યા છે, તેને જોવાનું ચુકશો નહીં.” દીપિકા પદુકોણે આ ફિલ્મ વિશે તેનો ઉત્સાહ વર્ણવતા કહે છે, “કલ્કી 2898 એડીએ મારા માટે ખરેખર ખાસ અનુભવ છે. સુમતિના પાત્રમાં ઘણું ઊંડાણ છે, કેમકે તે ઈતિહાસ અને નસીબ બંનેનો ભાર ઉચકી રહી છે. તે મજબૂત છતા પણ સંવેદનશીલ છે. આ ફિલ્મ ફક્ત દાર્શનિક રીતે જ ભવ્ય નથી, પરંતુ ભારતની સંસ્કૃતિ તથા વારસાને એવી રીતે જીવંત કરી રહ્યું છે, જે આપણે આ પહેલા ક્યારેય નથી જોયું. આ ફિલ્મમાં ઉપયોગમાં લેવામાં આવેલ વીએફએક્સ અને ટેકનોલોજી પણ ભારતીય સિનેમામાં આ પહેલા ક્યારેય જોવા મળ્યા નથી, તેમ છતા પણ વાર્તા અને પાત્રોનો જુસ્સો અકબંધ જ રહ્યો છે, કલ્કી 2898 એડી એ દુર્લભ સંતુલન રજૂ કરતો એક અલગ જ અનુભવ છે.”તેનો ઉત્સાહ વર્ણવતો પ્રભાસ કહે છે, “હું અત્યાર સુધીની જેટલી ફિલ્મનો હિસ્સો બન્યો છું, તેમાં કલ્કી 2898 એડીએ સૌથી મોટી ફિલ્મમાંની એક છે.

---

**એક્ટ્રેસિસ રડવા લાગતી,** પછી મને સમજાયું કે કામ દરમિયાન પ્રેમ અને શાંતિ જરૂરી છે...

# સૂરજ બડજાત્યા હિરોઈનો પર ખૂબ ગુસ્સે થતા

(એજન્સી) મુંબઈ | તા.12



ફિલ્મ નિર્માતા સૂરજ બડજાત્યાએ 1989માં ફિલ્મ “મૈંને પ્યાર કિયા” થી દિગ્દર્શક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં, તેમણે ખુલાસો કર્યો કે જ્યારે તેમણે પોતાની કારકિર્દી શરૂ કરી હતી, ત્યારે તેઓ ખૂબ ગુસ્સાવાળા અને ચીડિયા હતા. પણ સમય જતાં તે નમ્ર બનવાનું શીખી ગયા.’

ગેમ ચેન્જર સાથે વાત કરતા સૂરજ બડજાત્યાએ કહ્યું, ‘શરૂઆતમાં, મેં ઘણી હિરોઈનોને રડાવી હતી, જેમ કે ભાગ્યશ્રી. હું ગુસ્સામાં બૂમો પાડતો હતો. જોકે, પછી મને સમજાયું કે પ્રેમ અને શાંતિ હોય ત્યારે કામ સારું થાય છે.’ આ ઉપરાંત, સૂરજ બડજાત્યાએ જણાવ્યું કે તે પોતાની ફિલ્મો વચ્ચે કેમ લાંબો સમય લે છે. “હું ઘણી તૈયારી કરું છું,” તેમણે કહ્યું. ‘મેં મારી સ્ક્રિપ્ટ 200 વાર વાંચું. હું દરેક કપડાં અને પ્રોપર્ટીને ધ્યાનથી જોઉં છું. હું દરેક વસ્તુ માટે તૈયાર રહેવા માંગુ છું. એટલા માટે મને ફિલ્મ બનાવવામાં પાંચ વર્ષ લાગે છે, કારણ કે જ્યારે આપણે સેટ પર હોઈએ છીએ, ત્યારે હું ફક્ત ફિલ્મ બનાવવા માગુ છું અને કંઈપણ ઈમ્પ્રુવાઈઝ કરવા માંગતો નથી.’

સૂરજે વધુમાં ઉમેર્યું, “એક દિગ્દર્શક તરીકે, હું ખૂબ જ સ્વાર્થી છું કારણ કે હું સંપૂર્ણપણે તૈયાર ન થાઉં ત્યાં સુધી કામ શરૂ કરતો નથી. આ મારી આદત છે જે મેં શરૂઆતથી જ અપનાવી છે. જ્યારે તમે રાજ કપૂરની ફિલ્મો જુઓ છો, જેમ કે ‘સંગમ’ કે ‘બોબી’, ત્યારે તમે તેમાં ખોવાઈ જાઓ છો, આ માટે ઘણી તૈયારીની જરૂર પડે છે. ત્યાં મને પૈસાની ચિંતા કરવાની જરૂર નથી. જો તમે ફક્ત પૈસા વિશે જ વિચારશો, તો તે નરી મૂર્ખતા કહેવાશે’

‘પણ એક ડિરેક્ટર તરીકે હું કોઈનું સાંભળતો નથી. હું દરેક સંવાદ જાતે તપાસું છું. હું કોરિયોગ્રાફરની વાત પણ સાંભળતો નથી. મને બધું લેખિતમાં જોઈએ છે. હું સંજય લીલા ભણસાલી જેવો વિઝ્યુઅલ ડિરેક્ટર નથી, તે ખૂબ જ સારો છે. હું મણિરત્નમ જેવો પણ નથી. હું મુખ્યત્વે વાર્તાકાર છું, તેથી મારે દશ્ય વિશે વધુ વિચારવાની જરૂર નથી.’

### સૂરજે OTT પ્લેટફોર્મ પર ડેબ્યૂ કર્યું

નોંધનીય છે કે,સૂરજ બડજાત્યાએ વેબ સિરીઝ ‘બિડા નામ કરેંગે’ થી ઓટીટી પર ડેબ્યૂ કર્યું છે. આ એક સામાન્ય છોકરા અને છોકરીની વાર્તા છે જે શહેરમાં આવે છે અને પોતાની ઓળખ બનાવે છે. આ સિરીઝ 7 ફેબ્રુઆરીથી સોની લિવ પર સ્ટ્રીમિંગ શરૂ થઈ છે.

---

જી ડી નાયડુ પર બાયોપિકની જાહેરાત...

# રોકેટ્રી પછી માધવન વધુ એક વિજ્ઞાનીની બાયોપિકમાં...



(એજન્સી) મુંબઈ | તા.12

આર. માધવને અગાઉ ઈસરોના વિજ્ઞાની નામ્બિ નારાયણની બાયોપિક ‘રોકેટ્રી’માં મુખ્ય ભૂમિકા ભજવ્યા બાદ હવે તે ભારતના એડિસન તરીકે ઓળખાવાયેલા જી ડી નાયડુની બાયોપિકમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ નાયડુનાં જન્મસ્થળ કોઈમ્બતુર ખાતે શરુ કરવામાં આવ્યું હતું. જોકે, હજુ સુધી ફિલ્મનું ટાઈટલ નક્કી થયું નથી.

આર. માધવન આ ફિલ્મનો સહ નિર્માતા પણ છે. ‘રોકેટ્રી’ને પ્રોડ્યૂસર કરનારા અન્ય નિર્માતાઓ પણ આ બાયોપિકના નિર્માણમાં સામેલ થયા છે.

# બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

## ઈજામાંથી સ્વસ્થ ન થઈ શક્યો, હર્ષિત રાણાને તક મળી

(એજન્સી) બેંગલુરુ તા 12

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. તે ઈજામાંથી સ્વસ્થ થઈ શક્યો નહીં અને તેથી તેના સ્થાને હર્ષિત રાણાને અંતિમ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. દૈનિક ભાસ્કરે તેના સમાચારમાં પહેલાથી જ કહ્યું હતું કે બુમરાહ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ શકે છે. ICC ટુર્નામેન્ટ માટે ટીમોમાં ફેરફાર કરવાની છેલ્લી તારીખ 11 ફેબ્રુઆરી હતી. ટીમ ઈન્ડિયાએ બુમરાહની સાથે યશસ્વી જયસ્વાલને પણ પડતો મૂક્યો. યશસ્વીની જગ્યાએ વરુણ ચક્રવર્તી ટીમનો ભાગ બન્યો. યશસ્વી ટ્રાવેલિંગ રિઝર્વ હશે, તેની સાથે શિવમ દુબે અને મોહમ્મદ સિરાજને પણ રિઝર્વ ખેલાડીઓમાં સામેલ કરવામાં આવ્યા છે. ત્યારબાદ તેમના સ્થાને વરુણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. હવે તે ICC ટુર્નામેન્ટમાંથી પણ બહાર થઈ ગયો છે. જો બુમરાહ સમયસર ફિટ ન થઈ શકે તો BCCI સીધા જ તેના સ્થાને હર્ષિત રાણાનું નામ આપી શકે છે. ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે બુમરાહની છેલ્લી ક્ષણ સુધી રાહ જોશે. પરંતુ આખરે ઈજાના કારણે બુમરાહ ટીમમાંથી બહાર રહ્યો છે અને હર્ષિત રાણાનો ટીમમાં સમાવેશ કરાયો છે.



### બુમરાહને પીઠમાં ઈજા થઈ છે.

બુમરાહની પીઠની ઈજાનું સ્કેન 7 ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું હતું. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ODI શ્રેણી માટે બુમરાહની પણ ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના સ્થાને વરુણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. હવે તે ICC ટુર્નામેન્ટમાંથી પણ બહાર થઈ ગયો છે.

### ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન બુમરાહ ઈજાગ્રસ્ત

બુમરાહ ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તેને પીઠની તકલીફ હતી. આ કારણે, તેને ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝ માટે પણ આરામ આપ્યો હતો. જોકે, 12 જાન્યુઆરીએ અમદાવાદમાં યોજાનારી ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વન-ડે માટે તેની પસંદગી કરી છે.

### 18 જાન્યુઆરીએ ભારતીય ટીમની જાહેરાત થઈ

ઈજાગ્રસ્ત બુમરાહને પણ મળ્યું હતું સ્થાન ભારતની પસંદગી સમિતિએ 18 જાન્યુઆરીના રોજ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરી. ઈજાગ્રસ્ત જસપ્રીત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પસંદગી સમિતિએ બુમરાહના બેકઅપ તરીકે અર્શદીપ સિંહને રાખ્યો હતો.

## પેરેન્ટ્સે કહ્યું- 8 વર્ષે જ ક્રિકેટ રમાવાનું શરૂ કર્યું

# WPLમાં ટીમ ઈન્ડિયાની બેટર યાસ્તિકા રમશે

**વડોદરા:આગામી 14 ફેબ્રુઆરીથી વુમન્સ પ્રીમિયર લીગ (WPL)નો વડોદરાથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. WPLની પ્રથમ 6 મેચ વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. જેમાં વડોદરાની વિકેટકીપર બેટ્સમેન યાસ્તિકા ભાટીયા મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમશે. જ્યારે બોલર રાધા યાદવ દિલ્હી કેપિટલ્સ તરફથી રમતી જોવા મળશે. આ બંને ક્રિકેટર ટીમ ઈન્ડિયામાં પણ રમે છે. વડોદરાની ક્રિકેટર યાસ્તિકા ભાટીયાના માતા-પિતાએ દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી હતી. જેમાં તેઓએ કહ્યું હતું કે, અમને અમારી દીકરી પર પ્રાઉડ ફીલ થાય છે. અમે કોટંબી સ્ટેડિયમમાં મેચ જોવા માટે જવાના છીએ. અમારી દીકરીને સપોર્ટ કરવા માટે વડોદરાવાસીઓ પણ મેચ જોવા જરૂરથી જજો.**

**મારી દીકરી 8 વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું' :** મુંબઈ ઈન્ડિયન્સ ટીમની ક્રિકેટર યાસ્તિકા ભાટીયાના પિતા હરીશ ભાટીયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારી દીકરી માત્ર આઠ વર્ષની હતી, ત્યારથી તેને ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. વડોદરા શહેરના પોલો ગ્રાઉન્ડ ખાતે યુથ સર્વિસ સેન્ટર ખાતે રમવા જતી હતી. તે ખૂબ જ મહેનત કરતી હતી અને તેનું સારું પરફોર્મન્સ હતું. જેથી બરોડા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-19 ટીમમાં તેની પસંદગી થઈ હતી. જેમાં તેણે ખૂબ જ સારૂ પરફોર્મન્સ કરતા સિનિયર ટીમમાં સ્થાન મળ્યું હતું.



**'2021માં ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું હતું' :** તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મારી દીકરીની રમત જોઈને કોચ પૂર્ણિમા ગાયકવાડે કહ્યું હતું કે, તમારી દીકરી એક દિવસ જરૂર ઈન્ડિયન ટીમમાં રમશે. આ ઉપરાંત સિલેકટર ગીતા ગાયકવાડે પણ કહ્યું હતું કે, તમારી દીકરી એક દિવસ ચોક્કસથી ઈન્ડિયન ટીમમાં રમશે. ત્યાર બાદ તેને ક્રિકેટને ખૂબ જ સિરિયસલી લીધું હતું અને તે ખૂબ જ મહેનત કરવા લાગી હતી. 2021માં તેને ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું હતું. ત્યાર બાદ 2022માં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મારી દીકરીએ એક સાથે ટી-20, વનડે અને ટેસ્ટ મેચમાં ડેબ્યું કર્યું હતું. ત્યારે અમને ખૂબ જ ખુશી થઈ હતી કે, તેને કરેલી મહેનતની તેને સફળતા મળી છે. કિરણ મોરે અને સંતોષ સરે પણ મારી દીકરીને રમતમાં ખૂબ જ સપોર્ટ કર્યો છે.

**'સવારે 5 વાગ્યે ઉઠીને રનિંગની પ્રેક્ટિસ કરવા જતી હતી' :** તેઓએ ઉમેર્યું હતું કે, મારી દીકરી દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. તે સ્કૂલમાંથી બપોરે 2 વાગ્યે ઘરે આવતી હતી અને જમ્યા પછી તરત જ ક્રિકેટ રમવા માટે ક્લબમાં ક્રિકેટ રમવા માટે નીકળી જતી હતી. ક્લબ માટે રોજ ત્રણ કલાક બેટિંગ અને વિકેટકીપિંગની પ્રેક્ટિસ કરતી હતી. ઘરે આવ્યા બાદ તે ફ્રેશ થઈને હોમવર્ક કરવા માટે બેસી જતી હતી. રાત્રે 10 વાગે ઊંઘી ગયા બાદ સવારે 5 વાગ્યા ઉઠીને ફરીથી ગ્રાઉન્ડમાં રનિંગની પ્રેક્ટિસ કરવા માટે જતી હતી. તેણે ખૂબ જ મહેનત કરી હતી. જેથી તેના સફળતા મળી હતી. તે ક્રિકેટ રમતી હતી તેમ છતાં તે અભ્યાસમાં પણ હંમેશા ટોપ 3માં આવતી હતી. ધોરણ 12 સાયન્સમાં પણ તે 90 ટકા માર્કસ સાથે પાસ થઈ હતી.તેઓએ કહ્યું હતું કે, અમારા માટે ગર્વની વાત છે કે મારી દીકરી WPLમાં વડોદરામાં રમવા જઈ રહી છે.

# શ્રીલંકાએ 2 વન-ડે માટે ટીમ જાહેર કરી

(એજન્સી) શ્રીલંકા તા 12

શ્રીલંકાએ ઓસ્ટ્રેલિયા સામેની 2 વન-ડે મેચની સિરીઝ માટે ટીમની જાહેરાત કરી છે. ડાબા હાથના પેસ બોલિંગ ઓલરાઉન્ડર ચામિંડા વિક્રમસિંઘે ઈજાને કારણે ટીમમાં સ્થાન મેળવી શક્યો નથી. 16 સભ્યોની ટીમનું નેતૃત્વ ચારિથ અસલંકા કરશે. સિરીઝની પહેલી મેચ 12 ફેબ્રુઆરીએ અને બીજી મેચ 14 ફેબ્રુઆરીએ રમાશે. બંને મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે બપોરે 2.30 વાગ્યે શરૂ થશે. શ્રીલંકા ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયું છે, પરંતુ ઓસ્ટ્રેલિયા ટુર્નામેન્ટનો ભાગ છે,



તેથી આ સિરીઝ તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટમાં મેન્ડિસે બે ફિફ્ટી ફટકારી હતી. શ્રીલંકાનું નેતૃત્વ ચરિથ અસલંકા કરશે. 4 સ્પિનર અને 4 પેસર પણ સામેલ શ્રીલંકાએ પણ ટીમમાં 4 સ્પિનરો અને 4 પેસરોને સ્થાન આપ્યું છે. વાનિન્દુ હસરંગા અને મહિશ થિક્સાના સ્પિન વિભાગનું નેતૃત્વ કરશે, જેને જેફરી વાન્ડરસે અને ડુનિથ વેલ્લાલાગે ટેકો આપશે. ટીમમાં 4 ઝડપી બોલરો અસિતા કુમારા, ઈશાન મલિંગા અને મોહમ્મદ સિરાજ છે. વન-ડે સિરીઝ માટે શ્રીલંકાની ટીમ ચરિથ અસલંકા (કેપ્ટન), નિશાન મદુષ્કા, નુવાનિદુ ફર્નાન્ડો, અવિષ્કા ફર્નાન્ડો, કુસલ મેન્ડિસ (વિકેટકીપર), પથુમ નિસાંકા, વાનિન્દુ હસરંગા, જાનિથ લિયાનાગે, કામિન્દુ મેન્ડિસ, અસિતા ફર્નાન્ડો, લાહિરુ કુમારા, ઈશાન મલિંગા, મોહમ્મદ શિરાઝ, મહિશ થિક્સાના, જેફરી વાન્ડરસે અને દુનિથ વેલ્લાલાગે.

# ગુજરાત સૌરાષ્ટ્રને હરાવીને રણજી સેમિફાઈનલમાં પ્રવેશ્યું

(એજન્સી) સૌરાષ્ટ્ર તા 12

રણજી ટ્રોફી 2024-25ની ક્વાર્ટર ફાઈનલમાં ગુજરાતે સૌરાષ્ટ્રને એક ઈનિંગ્સ અને 98 રનથી હરાવીને સેમિફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. ત્યારે હવે સૌરાષ્ટ્રની સફરના અંત સાથે, ડોમેસ્ટિક ક્રિકેટના દિગ્ગજ ખેલાડી શેલ્ડન જેક્સને રિટાયરમેન્ટ લીધું છે.

ગુજરાતે ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ચિંતન ગજાની શાનદાર બોલિંગને કારણે સૌરાષ્ટ્રની ટીમ 216 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ગુજરાતે ઉર્વિલ પટેલના 140 અને જયમીત પટેલના 103



રનની મદદથી 511 રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્રની ટીમ બીજી ઈનિંગમાં 197 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રિયજીત સિંહ જાડેજાએ 4 વિકેટ અને અર્જન નાગવાસવાલાએ 3 વિકેટ લીધી.

સૌરાષ્ટ્રના દિગ્ગજ બેટર શેલ્ડન જેક્સને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તેણે 8 મેચની 11 ઈનિંગ્સમાં 30.36 ની સરેરાશથી 334 રન બનાવ્યા. તેણે 2 અડધી સદી ફટકારી. સૌરાષ્ટ્રના કેપ્ટન જયદેવ ઉનડકટે જેક્સનને ખેલાડીઓ દ્વારા સહી કરાયેલી જર્સી ભેટમાં આપી હતી અને તેના પર એક ઈમોશનલ પોસ્ટ લખેલી હતી. સૌરાષ્ટ્રના સૌથી સફળ બેટર્સમાંના એક, જેક્સને લગભગ 15 વર્ષની કારકિર્દીમાં 7200 થી વધુ રન બનાવ્યા. તેનો હાઈએસ્ટ સ્કોર 186 રન હતો. તેણે 39 ફિફ્ટી અને 21 સદી ફટકારી હતી.

### રણજી સિઝનમાં ચેતેશ્વર પૂજારાનું એવરેજ પરફોર્મન્સ

આ રણજી સિઝન ચેતેશ્વર પૂજારા માટે સારી રહી નહીં. તે ફક્ત 1 સદી અને 1 અડધી સદી ફટકારી શક્યો. જોકે, તેણે તે સદીને બેવડી સદીમાં કન્વર્ટ કરી અને 234 રનની ઈનિંગ રમી. તેણે 7 મેચની 10 ઈનિંગ્સમાં 40.20 ની સરેરાશથી 402 રન બનાવ્યા. તે 5 ઈનિંગ્સમાં બે આંકડાનો આંકડો પાર કરી શક્યો નહીં. આમાંથી એક પણ ઈનિંગમાં તે પોતાનું ખાતું ખોલાવી શક્યો ન હતો. તેણે 16,0,134,2,3,14,6,99,26 અને 2નો સ્કોર કર્યા.

# ચેમ્પિયન ટ્રોફી પહેલા સ્ટાર ઓલરાઉન્ડરે કરી મોટી ભૂલ

(એજન્સી) શ્રીલંકા તા 12

આજકાલ વધુને વધુ પૈસા કમાવવા માટે, ક્રિકેટરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની સાથે ખાનગી ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. આ સમય દરમિયાન, ઘણા ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમ કરતાં તેમની ફ્રેન્ચાઈઝી ટીમને વધુ મહત્વ આપતા જોવા મળે છે. આ દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શ્રીલંકાના સ્ટાર ઓલરાઉન્ડર દાસુન શનાકા મોટી મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. તેના પર દુબઈમાં T20 લીગમાં ભાગ લેવા માટે શ્રીલંકામાં યોજાઈ રહેલી એક સ્થાનિક ટુર્નામેન્ટની મેચ અધવચ્ચે છોડી દેવાનો આરોપ છે. આ કારણોસર, હવે શ્રીલંકા ક્રિકેટ આ મામલાની તપાસ કરશે. દાસુન શનાકા સામે તપાસ કરી રહી છે SLC તમને જણાવી દઈએ કે આ આખો મામલો 2 ફેબ્રુઆરીનો છે. શનાકાએ અગાઉ શ્રીલંકામાં સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ માટે ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હતી અને સદી ફટકારી હતી. તેની વિકેટ પડ્યાના થોડા સમય પછી, તેની ટીમ ઓલઆઉટ થઈ ગઈ. આ પછી રમત ચાલુ રહી અને બે સત્ર થયા. સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબની બોલિંગ દરમિયાન શનાકા ફિલ્ડિંગમાં આવ્યો ન હતો કારણ કે તેને બેટિંગ કરતી વખતે માથામાં ઈજા થઈ હતી અને તેને આરામ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની જગ્યાએ બીજા કોઈ ખેલાડીએ ફિલ્ડિંગ કરી. પરંતુ થોડા કલાકો પછી, શનાકા દુબઈમાં એક આંતરરાષ્ટ્રીય T20 લીગ મેચમાં બેટિંગ કરતો જોવા મળ્યો. દુબઈ કેપિટલ્સ તરફથી રમતી વખતે તેને 12 બોલમાં 34 રન બનાવ્યા હતા. આ સમય દરમિયાન આશ્ચર્યજનક વાત એ શનાકાએ સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ અને શ્રીલંકા ક્રિકેટને મેચ અધવચ્ચે જ છોડી દેવાની જાણ કરી ન હતી.

# ભારતીય ખેલાડીએ લીધો સંન્યાસ, ટીમ માટે મોટો ઝટકો

(એજન્સી) નવી દિલ્હી તા 12

ખેલાડીએ તમામ ફોર્મેટમાંથી લીધી નિવૃત્તિ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારતના ડોમેસ્ટિક ક્રિકેટર શેલ્ડન જેક્સને થોડા દિવસ પહેલા ODI અને T20 ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. પરંતુ હવે તેને ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. શેલ્ડન જેક્સને 8 ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર માટે પોતાની છેલ્લી મેચ રમી હતી. હવે શેલ્ડન સૌરાષ્ટ્ર માટે ઘરેલુ ક્રિકેટમાં ભાગ લેશે નહીં. આ ટીમ માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમને મોટો ઝટકો શેલ્ડન જેક્સન પણ IPLમાં ભાગ લઈ ચૂક્યો છે. તે કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમી ચૂક્યો છે. આ સિવાય તેને ઘણા વર્ષોથી સૌરાષ્ટ્રની સેવા કરી છે. 38 વર્ષીય જેક્સને 2006માં સૌરાષ્ટ્ર માટે ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તેને 2009 માં



સૌરાષ્ટ્ર માટે T20 ડેબ્યૂ કર્યું અને 2011 માં ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કર્યું. લગભગ 19 વર્ષથી સૌરાષ્ટ્ર માટે રમી રહ્યો છે. પરંતુ હવે શેલ્ડન સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમમાં જોવા મળશે નહીં. આવું રહ્યું છે ઘરેલુ કરિયર

શેલ્ડને 105 ફર્સ્ટ-ક્લાસ મેચોમાં 46.12 ની સરેરાશથી 7242 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન, 21 સદી સિવાય તેને 39 અડધી સદી પણ ફટકારી છે. આ સિવાય તેને 86 લિસ્ટ A મેચોમાં 36.25 ની એવરેજથી 2792 રન બનાવ્યા છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ક્યારે રવાના થશે ભારતીય ટીમ?

(એજન્સી) નવી દિલ્હી તા 12

ભારતીય ટીમ અને ઈંગ્લેન્ડ વચ્ચે 3 મેચની ODI શ્રેણીની છેલ્લી મેચ 12 ફેબ્રુઆરીએ રમાશે. જોકે, ટીમ ઈન્ડિયાએ શરૂઆતની બંને મેચ જીતીને શ્રેણીમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. આ શ્રેણી બાદ ભારતીય ટીમે આ મહિને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 રમવાની છે. આ ટુર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. જેમાં ભારતીય ટીમની પ્રથમ મેચ 20 ફેબ્રુઆરીએ



દુબઈમાં બાંગ્લાદેશ સામે થશે. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીની તમામ મેચો દુબઈમાં રમશે. આ માટે તે 15 ફેબ્રુઆરીએ દુબઈ જવા રવાના થશે. ટીમ મુંબઈથી રવાના થશે, પરંતુ તે પહેલા તે પ્રેસ કોન્ફરન્સ પણ કરશે. ભારતીય ટીમ કોઈ પ્રેક્ટિસ મેચ નહીં રમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં તમામ ટીમોએ 2-2 પ્રેક્ટિસ મેચ રમવાની છે, પરંતુ ભારતીય ટીમ મેચ રમશે નહીં. ભારતીય ટીમ પાકિસ્તાનના પ્રવાસે ન જવાના કારણે, ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ હેઠળ યોજાઈ રહી છે. ટીમ ઈન્ડિયાએ તેની મેચ દુબઈમાં રમવાની છે. જ્યારે બાંગ્લાદેશ સિવાય બાકીની 6 ટીમો ટૂર્નામેન્ટ પહેલા પાકિસ્તાનમાં હાજર રહેશે. ભારતીય ટીમની પ્રેક્ટિસ મેચ દુબઈમાં શક્ય નહીં બને. ભારતીય ટીમ બાંગ્લાદેશ સાથે પ્રેક્ટિસ મેચ રમી શકી નથી, તેથી જ ટીમ ઈન્ડિયા પ્રેક્ટિસ મેચ નહીં રમશે. હવે રોહિત બ્રિગેડ 20મી ફેબ્રુઆરીએ સીધા મેદાનમાં ઉતરશે.

**ઈનામની રકમ આજે કે કાલે જાહેર થઈ શકે છે :** આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેટલી હશે ઈનામી રકમ? આ વાત હજુ સુધી બહાર આવી નથી. સૂત્રોનું માનીએ તો ઈનામની રકમ 11 કે 12 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. છેલ્લી વખત ચેમ્પિયન્સ ટ્રોફી 2017માં યોજાઈ હતી, જેમાં પાકિસ્તાને ટાઈટલ જીત્યું હતું. તે સમયે વિજેતા ટીમને 2.2 મિલિયન ડોલર (લગભગ 14.11 કરોડ રૂપિયા) મળ્યા હતા. જ્યારે ફાઈનલમાં હારેલી ટીમને 1.1 મિલિયન ડોલર (લગભગ 7 કરોડ) મળ્યા હતા. 2017ની સિઝનમાં ટુર્નામેન્ટની કુલ ઈનામી રકમ $4.5 મિલિયન (આશરે રૂ. 28.89 કરોડ) હતી. આ છેલ્લી સિઝન ઈંગ્લેન્ડમાં રમાઈ હતી.

# રોહિત શર્માએ દુનિયાના 77 ખેલાડીઓને આપ્યું ટેન્શન !

(એજન્સી) નવી દિલ્હી તા 12

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા રોહિત શર્માનું ફોર્મમાં કમબેક ભારતના દૃષ્ટિકોણથી સારા સમાચાર છે. હવે ફક્ત આ ફોર્મ જાળવી રાખવાની જરૂર છે. જોકે, 112 મેચો દ્વારા રજૂ કરાયેલ ચિત્ર ભારત સામે રમી રહેલા 77 ખેલાડીઓમાં ગભરાટ ફેલાવશે તે ચોક્કસ છે. ચેમ્પિયન્સ ટ્રોફી આવી રહી છે. 8 વર્ષ પછી, આ ICC ટુર્નામેન્ટ ફરી એકવાર શરૂ થવા જઈ રહી છે. પરંતુ તે પહેલાં, રોહિત શર્માએ એક, બે કે દસ નહીં પરંતુ 77 ખેલાડીઓ માટે ખતરાની ઘંટડી વગાડી છે. પણ કેવી રીતે? શું કટકમાં રોહિતના બેટમાંથી થયેલી સદી આ પાછળનું કારણ છે, જેનાથી તેના ફોર્મમાં પાછા ફરવાના સંકેતો મળ્યા છે? રોહિતે 77 ખેલાડીઓ માટે ખતરાની ઘંટડી કેવી રીતે વગાડી? કટક વનડે પહેલા, રોહિત શર્માએ છેલ્લી 10 ઈનિંગ્સમાં ફક્ત 201 રન બનાવ્યા હતા. તેણે લાંબા સમયથી વનડેમાં સદી ફટકારી ન હતી. આવી સ્થિતિમાં તેમના ફોર્મ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. કટકમાં સદી ફટકારીને, રોહિતે માત્ર તેના ફોર્મ વિશે ઉભા થઈ રહેલા પ્રશ્નોના જવાબ આપ્યા જ નહીં, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની સામે રમનારા 77 ખેલાડીઓ માટે પણ ખતરાની ઘંટડી વગાડી દીધી.

# 'સ્પીનર', ભારતીય માટે એક ગેમ ચેન્જિંગ સ્પોર્ટ્સ ડ્રિંક

(એજન્સી) નવી દિલ્હી તા 12

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (આરસીપીએલ) આજે સુપ્રસિદ્ધ ક્રિકેટ આઈકન મુથૈયા મુરલીધરન સાથે સહ-નિર્મિત તેના નવા ગેમ-ચેન્જિંગ સ્પોર્ટ્સ ડ્રિંક સ્પિનર ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. સ્પિનર તેના પોસાય તેવા ભાવ અને તાજગી આપનારા ફ્લેવર્સ સાથે હાઈડ્રેશનમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, માત્ર રૂ. 10ની કિંમતે ઉપલબ્ધ આ સૌપ્રથમ સ્પોર્ટ્સ ડ્રિંક છે. વિશિષ્ટ સ્થાન ધરાવતું સ્પિનર આગામી ત્રણ વર્ષમાં એક બિલિયન અમેરિકી ડોલર સુધીની સ્પોર્ટ્સ બેવરેજ કેટેગરી તૈયાર કરવાના અભિયાનનું નેતૃત્વ કરશે. સ્પિનરને લખનઉ સુપર જાયન્ટ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, પંજાબ કિંગ્સ, ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સહિતની ટોપની આઈપીએલ ટીમો સાથેની તેની મજબૂત ભાગીદારીનું સમર્થન છે, જેઓ દેશભરમાં જાગૃતિ લાવવા અને બ્રાન્ડની વિઝિબિલિટી વધારવા માટે આરસીપીએલ સાથે સહયોગ કરશે. રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના સીઓઓ કેતન મોદીએ જણાવ્યું કે, "રિલાયન્સમાં અમે માનીએ છીએ કે દરેક ભારતીય તેમના રોજિંદા જીવનને બહેતર બનાવતાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મેળવવાને પાત્ર છે. સ્પિનર તરીકે અમે એક અસરકારક પીણું બનાવ્યું છે

# વિરેન્દ્ર સેહવાગ અને તેની પત્ની વચ્ચે જબરદસ્ત લડાઈ? જાણો હકીકત

(એજન્સી) નવી દિલ્હી તા 12

ભૂતપૂર્વ ટીમ ઈન્ડિયા વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સેહવાગ આ દિવસોમાં તેમના અંગત જીવનને લઈ ચર્ચામાં છે. એવું માનવામાં આવે છે કે તે તેની પત્ની આરતી અહલાવતને છૂટાછેડા આપી શકે છે. દરમિયાન, આ દંપતીનો વીડિયો એકદમ વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને લડતા જોવા મળે છે. ભૂતપૂર્વ ભારતીય ઓપનર વિરેન્દ્ર સેહવાગ છેલ્લા કેટલાક દિવસોથી તેમના અંગત જીવન માટે સમાચારમાં છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે વિરેન્દ્ર સેહવાગની પોતાની પત્ની આરતી અહલાવત વચ્ચે બધું બરાબર ચાલતું નથી. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે બંને થોડા સમયથી અલગથી જીવે છે અને ટૂંક સમયમાં છૂટાછેડા લઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વીડિયોમાં, વિરેન્દ્ર સેહવાગ અને તેની પત્ની આરતી કારમાં બેઠેલી જોવા મળે છે. આ સમય દરમિયાન બંને એકબીજા સાથે કડક શબ્દો બોલતા જોવામાં આવે છે. બંને ખૂબ ગુસ્સામાં હોય તેમ જોવા મળે છે અને તેમની વચ્ચે ગંભીર ચર્ચા થઈ રહી છે. આ વાયરલ વીડિયોના આધારે, વિવિધ દાવાઓ સતત કરવામાં આવી રહ્યા છે.

સેહવાગ અને આરતી લાંબા સમયથી જાહેરમાં એક સાથે જોવા મળ્યા નથી, તે બંનેએ સોશિયલ મીડિયા પર પણ એકબીજાને ફોલો કર્યા છે. ત્યારથી, તેમના સંબંધોના દરારના અહેવાલો છે. દરમિયાન, એવા



અહેવાલો છે કે સેહવાગ અને આરતી ગ્રે ડિવોર્સ લેશે. સરળ શબ્દોમાં કહીએ તો, જો પતિ અને પત્ની 40 થી 50 કે તેથી વધુની ઉંમરે અલગ થવાનું નક્કી કરે છે, તો તેને ગ્રે ડિવોર્સ કહેવામાં આવે છે. આજના સમયમાં, સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પતિ -પત્ની બંને સાથે કામ કરે છે. આવી સ્થિતિમાં, જ્યારે ગ્રે ડિવોર્સની વાત આવે છે, ત્યારે કોર્ટ બંનેની મિલકત, ગુનો અને નિવૃત્તિ લાભ વગેરેને પણ ધ્યાનમાં લે છે.

# નવી ઈનિંગ્સમાં અલ્ટ્રા પ્રીમિયમ સ્પિરિટ્સ બ્રાન્ડ ફિનો ટકીલા લોંચ

(એજન્સી) દુબઈ તા 12

ભૂતપૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહે નવી ઈનિંગ્સ શરૂ કરી છે. તેમણે અલ્ટ્રા-પ્રીમિયમ સ્પિરિટ્સ બ્રાન્ડ ફિનો ટકીલા લોન્ચ કરવા માટે કેટલાક બિઝનેસ દિગ્ગજો સાથે જોડાણ કર્યું છે. જોકે, હાલમાં, આ બ્રાન્ડ અમેરિકન બજારમાં રજૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે બોલિવૂડનો 'ખલનાયક' એટલે કે સંજય દત્ત પણ દારૂના વ્યવસાયમાં છે. તેમણે સ્કોચ વ્હિસ્કી બ્રાન્ડ ધ ગ્લેનહોકન લોન્ચ કરવા માટે કાર્થેલ એન્ડ બ્રધર્સ સાથે ભાગીદારી કરી છે. જે હિટ સાબિત થઈ છે. ફિનો ટેકલા અમેરિકાના શિકાગોમાં આયોજિત કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવી હતી. આ લોન્ચ ઈવેન્ટમાં ફક્ત આમંત્રિત લોકોને જ હાજરી આપવાની મંજૂરી આપવામાં આવી હતી. મેક્સિકોના જાલિસ્કોમાં રચાયેલ FINO ટકીલાએ ફિલસૂફીને સમર્થન આપે છે કે 'નિષ્ફળતા એ વિકલ્પ નથી'.



એવું માનવામાં આવે છે કે FINO આ વર્ષે એપ્રિલના મધ્ય સુધીમાં ભારતમાં પણ લોન્ચ થઈ શકે છે. હવે યુવરાજ સિંહ પ્રીમિયમ ટકીલા બ્રાન્ડ FINO લોન્ચ કરીને બિઝનેસ પીચ પર બેટિંગ કરશે. સંજય દત્ત પછી હવે યુવરાજ સિંહ પણ દારૂના વ્યવસાયમાં પ્રવેશી ગયો છે. યુવરાજે કેટલાક લોકો સાથે મળીને અમેરિકામાં પોતાની ટકીલા બ્રાન્ડ લોન્ચ કરી છે. લોન્ચ સમયે બોલતા, FINOના ચીફ શોટ કોલર યુવરાજ સિંહે જણાવ્યું હતું કે, FINOએ દરેક વસ્તુનું પ્રતિનિધિત્વ કરે છે જેમાં હું માનું છું - સ્થિતિ સ્થાપકતા, શ્રેષ્ઠતા અને પડકારોને વિજયમાં ફેરવવાની હિંમત. ક્રિકેટ અને જીવન પ્રત્યેના મારા અભિગમની જેમ, FINOએ સીમાઓ ઓળંગીને સાબિત કરવાનો છે કે દ્દઢ નિશ્ચયથી કંઈપણ પ્રાપ્ત કરી શકાય છે.

ફિનોની નેતૃત્વ ટીમમાં જાના ઐયર (ચીફ પ્રોડક્ટ એક્સેલન્સ ઓફિસર), સોનાલી પટેલ (ચીફ ક્રિએટિવ ઓફિસર), નિક પટેલ (ચીફ વિઝનરી) અને વિક્રમ કુમાર (ચીફ રેવન્યુ ઓફિસર)નો પણ સમાવેશ થાય છે. સ્પેનિશમાં FINO નામનો અનુવાદ "સુંદર/ઉત્કૃષ્ટ" થાય છે, પરંતુ આ બ્રાન્ડ નામ "નિષ્ફળતા એ વિકલ્પ નથી" નું ટૂંકું નામ છે. હાલમાં, FINO શિકાગોના કેટલાક ટોચના સ્થળોએ ઉપલબ્ધ છે પરંતુ ટૂંક સમયમાં ભારતમાં પણ લોન્ચ કરવામાં આવશે, જેની શરૂઆત સિંહે આ વ્યવસાયમાં પ્રવેશવા માટે કેટલું રોકાણ કર્યું છે.

### બિઝનેસ ફર્સ્ટ: મોદી-ટ્રમ્પ ટેરિફ, રક્ષા, ઈકોનોમિક કોરિડોર પર ફોકસ કરશે

# પીએમ મોદી આજથી બે દિવસના અમેરિકા પ્રવાસે

(એજન્સી) વૉશિંગ્ટન તા 12

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારથી અમેરિકાના બે દિવસના ઐતિહાસિક પ્રવાસ પર રહેશે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે મુલાકાતમાં વિવિધ મુદ્દાઓ પર વાતચીત થશે. તેમાં બિઝનેસનો મુદ્દો સૌથી અગ્રિમ રહેવાનો છે. ટેરિફ પર ભારતે પહેલ કરતાં અમેરિકન બાઈક અને અન્ય લક્ઝરી આઈટમ પર 70% સુધીનો ઘટાડો કરવાની જાહેરાત સામાન્ય બજેટમાં કરી દીધી હતી. પરંતુ અમેરિકા ભારત સાથે વેપાર સંતુલન પર ભાર મૂકી રહ્યું છે. ભારતનું અમેરિકા સાથે લગભગ 4 લાખ કરોડ રૂપિયાનું ટ્રેડ સરપ્લસ છે. ફાઈનાન્સિયલ એજન્સી નોમુરા અનુસાર, ટ્રમ્પ અમેરિકાનાં હિતો માટે ભારત પર ટેરિફ લગાવી શકે છે.



### 2200 કરોડના લાંચ કેસમાં અદાણીને રાહતની આશા

ટ્રમ્પે એફસીપીએ કાયદા પર રોક લગાવી ટ્રમ્પે વિદેશી ભ્રષ્ટ આચરણ કાયદો (એફસીપીએ) પર રોકના આદેશ આપ્યા છે. એફસીપીએ હેઠળ ચાલી રહેલા તમામ કેસોનો રિવ્યૂ થશે. અમેરિકાની વિદેશનીતિનાં હિતોને ધ્યાનમાં રાખીને નિર્દેશ આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ એફસીપીએમાં 2200 કરોડની લાંચ કેસમાં ન્યૂયોર્કની એક કોર્ટે 21 નવેમ્બરે ધરપકડ છે. રક્ષા સમજૂતીમાં તેજસ માર્ક-2 ફાઈટર વિમાનનાં એન્જિન ખરીદી અને એમક્યૂ-9બી ડ્રોન અંગે પણ ચર્ચા થશે.

### વૉરન્ટનો અમલ-કાર્યવાહીનો અંતિમ અધિકાર ટ્રમ્પ પાસે

એટર્ની જનરલ એફસીપીએ રિવ્યૂમાં પહેલાંના કેસોની વધુ તપાસ અને વોરન્ટના અમલ વિશે નિર્ણય લઈ શકશે. અંતિમ અધિકાર ટ્રમ્પ પાસે રહેશે. શું હતો મામલો: અદાણી ગ્રીન એનર્જી અને એઝ્યુર પાવર પર ભારતમાં સૌરઊર્જા કોન્ટ્રાક્ટ મેળવવા માટે સરકારી અધિકારીઓને 2200 કરોડની લાંચ આપવાનો આરોપ હતો. આ કેસ એ કારણે નોંધાયો હતો કે તેમાં આરોપ હતો કે લાંચની રકમ માટે અમેરિકાના રોકાણકારો પાસેથી નાણાં એકત્ર કરવામાં આવ્યાં હતાં.

### અદાણી ગ્રૂપ લાંચના આરોપોને નિરાધાર ગણાવી ચૂક્યું છે.

ખાસ વાત: અદાણી પર સીધી રીતે એફસીપીએ નથી, તેમાં સિક્યુરિટી અને વાયર ફ્રોડના આરોપ છે. રિવ્યૂ બાદ સ્થિતિ સ્પષ્ટ થશે. અદાણીના શેરોમાં ઉછાળો: અદાણી એન્ટરપ્રાઈઝના શેરોમાં 4.5%, અદાણી પાવરમાં 4.2%, અદાણી ગ્રીનમાં 3.4%ની તેજી આવી. ■ બાંગ્લાદેશે અદાણી ગ્રૂપ પાસેથી 1600 મેગાવોટ પાવર સપ્લાયની અપીલ કરી. ત્રીજું મોટું ફોકસ આઈમેક (ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર) પર રહેવાની શક્યતા છે. આઈમેકમાં ભારત પશ્ચિમ કાંઠાથી સુએજ નહેરને બદલે યુએઈ, સાઉદી, ઈઝરાયલ થઈને યુરોપ સુધી રોડ, રેલવે અને સમુદ્રનો મહત્ત્વાકાંક્ષી માર્ગ પ્રસ્તાવિત છે.

## ચીનને વાંદરા કેમ વેચવા માગે છે? મોટું કારણ આવ્યું બહાર

(એજન્સી) ચીન તા 12

સાંસદે કહ્યું કે જો અહીંના વાંદરાઓ વેચવામાં આવે તો તે નેપાળના પહાડી વિસ્તારોમાં વિનાશ સર્જી રહેલા વાંદરાઓના આતંકને નિયંત્રિત કરવાની વ્યૂહરચના તરીકે પણ કામ કરશે. નેપાળી કોંગ્રેસના સાંસદ રામ હરી ખાટીવાડાએ વાંદરાઓના કારણે દેશમાં વધી રહેલા કૃષિ વિનાશનો સામનો કરવા માટે ચીનને વાંદરાઓ વેચવાનો પ્રસ્તાવ મૂક્યો છે. વન અને પર્યાવરણ મંત્રી દ્વારા ઉઠાવવામાં આવેલા મહત્વપૂર્ણ જાહેર મુદ્દાઓ પર સંસદીય ચર્ચા દરમિયાન તેમણે આ ઉકેલ સૂચવ્યો હતો. શ્રીલંકા દ્વારા ચીનને વાંદરાઓના વેચાણનો ઉલ્લેખ કરતા સાંસદ ખાટીવાડાએ કહ્યું કે નેપાળે પણ વાંદરાની સમસ્યાનો સામનો કરવા માટે સમાન રણનીતિ અપનાવવી જોઈએ. નેપાળમાં વાંદરાઓએ આતંક ફેલાવ્યો છે નેપાળી કોંગ્રેસના સાંસદે કહ્યું કે દેશમાં વાંદરાઓએ આતંક ફેલાવ્યો છે. વાંદરાઓ ખેતરોમાં પાકને નુકશાન કરી રહ્યા છે. તેણે કહ્યું કે શ્રીલંકાએ તેના વાંદરાઓ ચીનને વેચી દીધા. આમાંથી તેને પૈસા પણ મળતા હતા. આ ઉપરાંત શ્રીલંકાએ ચીનમાં હાનિકારક પ્રાણીઓ પણ મોકલ્યા હતા. નેપાળના વાંદરાઓને હાનિકારક ગણાવતા તેમણે મંત્રીને પૂછ્યું કે શું સરકારે અહીંના વાંદરાઓ ચીનને વેચવાની કોઈ વ્યવસ્થા કરી છે કે નહીં? ખાટીવાડાએ જણાવ્યું હતું કે બંદપને કારણે પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને વધુ મુશ્કેલી પડી છે.

## કેન્સરની દવા સસ્તી મળશે, અમેરિકાની કંપનીઓ ડર, AI બાદ બાયોટેક ઈન્ડસ્ટ્રીને પડકાર

(એજન્સી) ન્યૂયોર્ક તા 12

ફેફસાંના કેન્સર માટે અસરકાર, કંપનીના માર્કેટ કેપમાં મોટો ઉછાળો હવે બાયોટેક ઈન્ડસ્ટ્રીમાં ચીનનો પ્રભાવ વધતો જોવા મળી રહ્યો છે.ડીપસીક મોમેન્ટ બાદ એઆઈની જેમ હવે અમેરિકાને અહીં પણ પડકાર મળી રહ્યો છે. બોબ ડુગન દ્વારા સમર્થિત સમિટ થેરાપ્યુટિક્સે જાહેરાત કરી કે તેની દવાએ ફેફસાંના કેન્સરના પરીક્ષણમાં મર્કની બ્લોકબસ્ટર થેરાપી કીટ્રુડા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. કીટ્રુડા ફાર્મા ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ વેચાતી દવા છે. આગની જેમ ફેલાયેલા આ સમાચારથી સમિટના માર્કેટકેપમાં બિલિયન ડોલરનો વધારો થયો છે.



અમેરિકાની મંજૂરી વગર જ આ દવા બોયોટેક ઈન્ડસ્ટ્રીમાં ટોપ પર પહોંચી ગઈ છે. સમિટે આ દવા બે વર્ષ પહેલાં ચીનની એક ગુમનામ બાયોટેક કંપની એકેસો પાસેથી લાઈસન્સ પર લીધી હતી. ચીનના ઈનોવેશનના કારણે અમેરિકન ઈકોસિસ્ટમમાં વિક્ષેપ | અમેરિકન બાયોટેક ઈન્ડસ્ટ્રી બોસ્ટન-કેમ્બ્રિજ અને સાન ફ્રાન્સિસ્કો બે જેવા કેન્દ્રોમાં વિકસિત થઈ રહી છે. ચીનની સ્પર્ધાથી કેન્સરની દવાઓ સસ્તી થઈ શકે છે. દર્દીઓ માટે આ વૈશ્વિક સ્પર્ધા લોટરી જેવી છે. આ દર્દીઓને કોઈ ફરક નથી પડતો કે આ દવા કયા દેશમાં વિકસિત કરવામાં આવી છે. અમેરિકા જે ક્ષેત્રમાં દબદબો ધરાવે છે તે તમામ ક્ષેત્રમાં ચીન ટક્કર આપી રહ્યું છે. અમેરિકામાં તાલીમ લીધેલા ઘણા ચીની વૈજ્ઞાનિક પાછા ચીન પરત ફર્યા છે. આથી શાંઘાઈ આસપાસ બાયોટેક સેન્ટર્સનો ઉદય થયો છે. ચીની બાયોટેક કંપનીઓ સસ્તી અને અસરકારક પ્રોડક્ટ્સ બનાવી રહી છે. ચીનની કંપનીઓ ક્લિનિકલ ટ્રાયલ્સમાં ઓછા ખર્ચનો લાભ લઈ રહી છે. એક્સપર્ટનું માનવું છે કે જે રીતે ચીની એઆઈ મોડલ ડીપસીક ખૂબ જ સસ્તું અને ફાસ્ટ છે તેવી રીતે ચીની બાયોટેક કંપનીની પ્રોડક્ટ સસ્તી અને અસરકાર છે. અહીં ક્લિનિકલ ટ્રાયલનો ખર્ચ અમેરિકાની સરખાણીએ ખૂબ ઓછો આવે છે. ચીને ટ્રાયલના નિયમો પણ સરળ કર્યા છે.ચીનની બાયોટેક ટેક્નોલોજી કેટલાંક વર્ષોમાં ઝડપથી આગળ વધી છે. ડીલફાર્મા અનુસાર 2020માં 50 મિલિયન ડોલરથી વધુનું માર્કેટ ધરાવતી દવાના વેચાણમાં ચીનની ભાગીદારી 5 ટકાથી ઓછી હતી પરંતુ 2024માં તે લગભગ 30% સુધી પહોંચી ગઈ છે. આ ક્ષેત્રમાં ચીન પ્રોડક્ટથી લઈને ઈનોવેશન સુધીમાં અમેરિકાને પડકાર આપી રહ્યું છે.

## અમેરિકામાં નોકરીઓ ખતરામાં? શું છે ટ્રમ્પ-મસ્કનો છટણી પ્લાન ?

(એજન્સી) અમેરિકા તા 12

અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ એકબાદ એક એવા નિર્ણયો લઈ રહ્યા છે કે જેની અસરથી અન્ય દેશોમાં પણ જોવા મળી રહી છે. આ નિર્ણયોને પગલે અમેરિકામાં પણ માહોલ ગરમાયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ એજન્સિઓને સરકારી કર્મચારીઓની છટણી કરવા માટે રોડમેપ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. એક અહેવાલના અનુસાર છટણી કર્યા બાદ પણ સમિતિ પ્રમાણમાં ભરતી કરવાની યોજના પણ બનાવાશે. એક રિપોર્ટ અનુસાર એવુ પણ કહેવામાં આવ્યુ છે કે જે કર્મચારીઓને કાઢી મૂકવામાં આવશે તેમાંથી ફક્ત એક ચતુર્થાંશ કર્મચારીઓને જ નવી ભરતી તરીકે રાખવામાં આવશે. એટલે કે જો 4 લોકો નોકરી ગુમાવે છે, તો ફક્ત એકની જ નવી ભરતી કરાશે. ટ્રમ્પના આ નિર્ણય પહેલા જ અમેરિકામાં અનિશ્ચિતતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. એક રિપોર્ટ અનુસાર થોડા જ અઠવાડિયામાં 50 હજારથી વધુ લોકોએ પોતાની નોકરી છોડી દીધી છે. લાખો લોકોની નોકરી ગુમાવવાનો ભય વધુ ઘેરો બન્યો છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ ટ્રમ્પ વહીવટીતંત્રની આ યોજનાથી અમેરિકા અને વિશ્વમાં ખાનગી ક્ષેત્રમાં મોટા પાયે નોકરીઓ ગુમાવવાનો ભય ઉભો થઈ શકે (WEF) ના મુખ્ય અર્થશાસ્ત્રી આઉટલુક અનુસાર યુરોપ સહિત ઘણા પ્રદેશો આ વર્ષે પડકારોનો સામનો કરે તેવી શક્યતા છે. અમેરિકન વેબસાઈટ્સમાં શોધતા જાણવા મળ્યું છે કે સંઘીય ભંડોળમાં કાપ મૂક્યા બાદ બે અઠવાડિયામાં હજારો લોકોએ પોતાની નોકરી ગુમાવી છે.

## બિડેન વહીવટ વિરુદ્ધ 6 સાંસદોનો પત્ર, જુઓ શું છે મામલો?

(એજન્સી) અમેરિકા તા 12

યુએસ કોંગ્રેસના છ સભ્યોએ અદાણી ગ્રુપ સામે કરવામાં આવેલી કાર્યવાહી મામલે બિડેન વહીવટીતંત્રના ન્યાય વિભાગ દ્વારા તપાસની માંગ કરાઈ છે. આ અંગે, યુએસ કોંગ્રેસ કોકસે યુએસએ એટર્ની જનરલ એજી બોન્ડીને પત્ર લખ્યો છે. લાન્સ ગુડન, પેટ ફેલોન, માઈક હેરિડોપોલોસ, બ્રાન્ડન ગિલ, વિલિયમ આર. આ સભ્યોમાં ટીમન્સ IV, બ્રાયન બેબીન, ડીડીએસનો સમાવેશ થાય છે, જેમણે ભારતને અમેરિકાનો મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યો છે અને કહ્યું છે કે બિડેન ડીઓજેના કાર્યોથી અમેરિકાના હિતોને નુકસાન થયું છે. 6 યુએસ સાંસદોએ અદાણી ગ્રુપ પર બિડેન વહીવટીતંત્રની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા, તપાસની માંગ કરી યુએસ કોંગ્રેસના સભ્યોએ તેમના પત્રમાં કહ્યું કે ભારત દાયકાઓથી અમેરિકાનું મહત્વપૂર્ણ સાથી રહ્યું છે. બંને દેશો વચ્ચેના સંબંધો આર્થિક, વેપાર અને રાજકારણથી ઘણા આગળ છે. પરંતુ બિડેન વહીવટીતંત્રના કેટલાક અવિવેકી નિર્ણયોને કારણે આ ઐતિહાસિક ભાગીદારી જોખમમાં મુકાઈ ગઈ છે. અદાણી ગ્રુપ સામે તપાસનો કોઈ આધાર નહોતો.

## ગોસિપ માત્ર ટાઈમપાસ નથી પણ સમાજને સમજવા અને જોડવાનું માધ્યમ

### માહિતી શેર કરવા, શીખવા અને સતર્ક રહેવા કરાય છે તો તે જરૂરી સાબિત થાય છે

(એજન્સી) લંડન તા 12

ગોસિપ કરવી એટલે બીજાની વાતો કરવી- આપણે બધા તે કરીએ છીએ, ભલે મિત્રો સાથે હોય, પાડોશમાં કે પરિવારમાં. તેને ઘણીવાર સમય બરબાદ કરનારી આદત માનવામાં આવે છે, પણ સત્ય એ છે કે ગોસિપ કે ગપસપ આપણા સમાજ અને અંગત સંબંધોને સમજવાની મહત્ત્વની રીત છે. આ માત્ર મનોરંજન નથી પણ તેનાથી આપણને નવો દૃષ્ટિકોણ મળે છે, સુરક્ષાનો અહેસાસ થાય છે અને સમાજમાં એકતા આવે છે. ગોસિપ કરવાનો સૌથી મોટો ફાયદો એ છે કે તે આપણને દુનિયાને સમજવામાં મદદ કરે છે. જ્યારે આપણે અન્યોના



અનુભવો સાંભળીએ છીએ ત્યારે આપણને એ જાણવાની તક મળે છે કે સમાજ કેવાકેવાં કામ કરે છે. ગપસપ માત્ર મજા માટે નથી હોતી, પણ તે આપણને એ લોકોથી સાવધાન રહેવામાં પણ મદદ કરી શકે છે જે વિશ્વાસપાત્ર નથી. જો કોઈ પડોશમાં છેતરપિંડી થઈ રહી છે તો તે વાત સૌપ્રથમ ગપ્પા મારીને જ ફેલાય છે.

જ્યારે લોકો એકબીજા સાથે વાત શેર કરે છે તો તેમાં અંદરોઅંદર વિશ્વાસ વધે છે. જ્યારે તે કોઈની છબી ખરડવા કે અફવા ફેલાવવા માટે કરાય છે તો તે નકારાત્મક રૂપ લઈ લે છે.

જ્યારે આ માહિતી શેર કરવા, શીખવા અને સતર્ક રહેવા કરાય છે તો તે જરૂરી સાબિત થાય છે. ભાવનાત્મક મજબૂતી મળે છે, કોમ્યુનિકેશન સ્કિલ સુધરે છે સ્ટડી જણાવે છે કે ગોસિપની અસર આપણા માનસિક સ્વાસ્થ્ય પર પણ પડે છે. તેનાથી સામાજિક જોડાણ મજબૂત થાય છે, જેથી એકલતા ઓછી અનુભવાય છે. તે આપણને ભાવનાત્મક સમર્થન આપે છે અને આત્મવિશ્વાસ વધારે છે. આપણે ગપ્પા મારીએ, ત્યારે આપણું મગજ વધુ સતર્ક રહે છે અને આપણી સંવાદ ક્ષમતા સુધરે છે.

સમાજમાં નૈતિકતા જાળવી રાખવામાં પણ ગપસપની ભૂમિકા હોય છે. જ્યારે કોઈ વ્યક્તિના ખોટા વ્યવહાર પર લોકો ચર્ચા કરે છે તો તે સ્વયંને બદલવા કે સુધારવા મજબૂર થઈ શકે છે. તેનાથી સમાજમાં નૈતિક સંતુલન જળવાય છે.

## USમાં લેન્ડિંગ ગિયર ખરાબ થતાં જેટ રનવે પરથી ઉતરી ગયું

(એજન્સી) અમેરિકા તા 12

અમેરિકા (USA)માં એક અન્ય પ્લેન દુર્ઘટના થઈ છે. એરિઝોનાના સ્કોટ્સડેલ એરપોર્ટ પર એક પ્રાઈવેટ જેટ લેન્ડ થતી સમયે રનવે પર અન્ય એક જેટ સાથે અથડાયું. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થઈ ગયું, જ્યારે 4 લોકો ઘાયલ થયા છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર વિમાન પાર્કિંગ વિસ્તારમાં પાર્ક કરવામાં આવ્યું હતું. અકસ્માત બાદ રનવે બંધ કરી દેવામાં આવ્યો હતો અને તપાસ શરૂ કરવામાં આવી છે. છેલ્લાં દોઢ મહિનામાં અમેરિકામાં આ ચોથી વિમાન દુર્ઘટના છે. વહીવટીતંત્ર આ



મામલાની ગંભીરતાથી તપાસ કરી રહ્યું છે. મળતી માહિતી મુજબ આ ઘટના સોમવારે બપોરે 2:45 વાગ્યે બની હતી, જ્યારે એક લિયરજેટ 35A વિમાન લેન્ડિંગ પછી રનવે પરથી ઘસી ગયું હતું અને રેમ્પ પર ઉભેલા ગલ્ફસ્ટ્રીમ 200 બિઝનેસ જેટ સાથે અથડાયું હતું. આ પછી એરપોર્ટ પર ફ્લાઈટ્સ અસ્થાયી રીતે બંધ કરવામાં આવી હતી. સ્કોટ્સડેલ એરપોર્ટના અધિકારી કેલી કુએસ્ટરે જણાવ્યું હતું કે જેટનું પ્રાઈમરી લેન્ડિંગ ગિયર ખરાબ થઈ ગયું હતું. જેના કારણે તે બીજા પાર્ક કરેલા જેટ સાથે અથડાયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર જે વિમાન અથડાયુ તે વિમાનમાં ચાર લોકો સવાર હતા. પાર્ક કરેલા વિમાનમાં એક માણસ સવાર હતો. સ્કોટ્સડેલ ફાયર ડિપાર્ટમેન્ટના કેપ્ટન ડેવ ફોલિયોએ જણાવ્યું હતું કે, અથડામણમાં ઘાયલ થયેલા બે લોકોને ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. એકની હાલત સ્થિર છે. તેમણે કહ્યું કે તેઓએ અથડામણમાં માર્યા ગયેલા વ્યક્તિનો મૃતદેહ શોધી કાઢ્યો છે. આ પહેલા અમેરિકાના અલાસ્કાથી નોમ શહેર જઈ રહેલું એક વિમાન અચાનક ગુમ થઈ ગયું હતું. જે બાદ શોધ શરૂ કરવામાં આવી હતી અને હવે વિમાનનો કાટમાળ દરિયામાંથી મળી આવ્યો હતો. વિમાન દરિયામાં ક્રેશ થયું હતું. વિમાનમાં સવાર તમામ 10 લોકોના મોત થયા.

## વિશ્વનો સૌથી ઈમાનદાર દેશ ડેનમાર્ક અને સૌથી ભ્રષ્ટ દેશસુદાન જાહેર થયાં

(એજન્સી) અમેરિકા તા 12

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે મંગળવારે કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ(CPI) 2024ના રેન્કિંગ જાહેર કર્યા છે. સીપીઆઈ હેઠળ વિશ્વભરના સૌથી ભ્રષ્ટ અને સૌથી ઈમાનદાર દેશોનું રેન્કિંગ આપવામાં આવે છે. લિસ્ટ બહાર પાડવા માટે સીપીઆઈ 180 દેશો અને ક્ષેત્રોને જાહેર ક્ષેત્રમાં ભ્રષ્ટાચારના કહેવાતા સ્તરના આધાર પર રેન્કિંગ બહાર પાડે છે. આ ઈન્ડેક્સ અનુસાર ઈમાનદારીમાં પહેલાં સ્થાન પર સતત સાતમાં વર્ષે ડેનમાર્ક પસંદ થયું છે જ્યારે સૌથી ભ્રષ્ટ દેશ એટલે કે 180મા ક્રમ પર સુદાન નક્કી થયું છે. ડેનમાર્કે પ્રથમ સ્થાન માટે 90 પોઈન્ટ હાંસલ કર્યા છે જ્યારે સુદાને 180માં સ્થાન પર ફક્ત આઠ પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતાં. નોંધનીય છે કે આ યાદીમાં દરેક દેશને 0થી સૌથી વધારે પોઈન્ટ મળ્યા હોય તેને સૌથી ઈમાનદાર અને સૌથી ઓછા પોઈન્ટ મેળવ્યા હોય તે દેશને સૌથી ભ્રષ્ટ દેશ જાહેર કરવામાં આવે છે. આ મોરચે ભારત અને તેના પડોશી દેશ પાકિસ્તાનની વાત કરીએ તો ભારત 38 પોઈન્ટ સાથે 96મા ક્રમ પર છે.

## ટ્રમ્પે વિદેશમાં ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓને સ્થગિત કર્યા:વિદેશી અધિકારીઓને લાંચ આપનારા અમેરિકનો પર કાર્યવાહી અટકાવવાનો આદેશ

(એજન્સી) વોશિંગ્ટન તા 12

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લગભગ 50 વર્ષ જૂના ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA)ને સ્થગિત કરી દીધો છે. આનાથી અમેરિકનો માટે વિદેશમાં વ્યવસાય માટે લાંચ આપવી એ હવે ગુનો નહીં બને. રોઈટર્સના અહેવાલ મુજબ, ટ્રમ્પે એટર્ની જનરલ પામ બોન્ડીને આ કાયદા હેઠળ લેવામાં આવેલા નિર્ણયોની સમીક્ષા કરવા માટે માર્ગદર્શિકા બનાવવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પે આદેશ આપ્યો- ન્યાય વિભાગે અન્ય દેશોમાં વ્યવસાય મેળવવા માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવાના આરોપમાં અમેરિકનો પર કાર્યવાહી બંધ કરવી જોઈએ. ટ્રમ્પના આ નિર્ણયથી ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના કેસ પર પણ અસર પડી શકે છે.



### પીએમ મોદી 12 ફેબ્રુઆરીએ અમેરિકા પહોંચવાના છે.

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ તપાસ કરી રહ્યું છે કે, શું અદાણી ગ્રુપે FCPAનું ઉલ્લંઘન કર્યું છે. આ કાયદો યુએસ સંસ્થાઓને વિદેશી અધિકારીઓને લાંચ આપવાથી પ્રતિબંધિત કરે છે. ટ્રમ્પ દ્વારા આ કાયદાને સ્થગિત કરવાથી અમેરિકામાં અદાણી સામે ચાલી રહેલી તપાસમાં વિલંબ થઈ શકે છે. અદાણી પર અબજો રૂપિયાના કૌભાંડનો આરોપ ગયા વર્ષે અમેરિકામાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સહિત 8 લોકો પર અબજો રૂપિયાની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

**શું છે FCPA એક્ટ :** વિદેશી ફેડરલ કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA) 1977માં યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઘડવામાં આવ્યો હતો. આ અંતર્ગત અમેરિકામાં નોંધાયેલી કંપનીઓને વ્યવસાય અને અન્ય હેતુઓ માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સોમવારે વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસમાં આ કાયદાને રોકવાના આદેશ પર હસ્તાક્ષર કરતી વખતે ટ્રમ્પે કહ્યું, 'આ નિર્ણય અમેરિકા માટે નવી વ્યવસાયિક તકો ઊભી કરશે.'

## ગાઝા પટ્ટીના બંધકો મામલે અમેરિકી રાષ્ટ્રપતિ રોષમાં

(એજન્સી) અમેરિકા તા 12

ટ્રમ્પે ગાઝા માટે વિનાશક નીતિ બનાવી છે, જેનો વિરોધ આરબ દેશોએ કર્યો છે. જોકે, આ દરમિયાન યુદ્ધવિરામ લંબાવવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. ઈઝરાયલી પ્રતિનિધિઓ કતાર પહોંચી ગયા છે, પરંતુ આરબ દેશોની સ્થિતિ એ છે કે જો ગાઝામાંથી લોકોનું વિસ્થાપન બંધ નહીં થાય, તો આરબ દેશો તેમને ટેકો આપશે નહીં. આનો સીધો અર્થ એ છે કે મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ વધુ ખરાબ થવા જઈ રહી છે, જેના કારણે અરબ ફરીથી ભડકી શકે છે.ટ્રમ્પ ગાઝાને સમતલ કરવાનો આદેશ આપી શકે છે, જ્યારે બેન્જામિન નેતન્યાહૂ પહેલાથી જ મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. ઈઝરાયલના મતે, હાલની પરિસ્થિતિ એવી છે કે યુદ્ધવિરામ કરાર મુજબ ગાઝામાં હુમલાઓ બંધ થઈ ગયા છે અને બંને પક્ષો યુદ્ધવિરામના બીજા તબક્કામાં પહોંચી ગયા છે. ગાઝાથી પશ્ચિમ કાંઠા સુધી મોટા પાયે વિનાશ થયો છે. પશ્ચિમ કાંઠાથી લેબનોન સુધી બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે. આટલી ભયંકર તબાહી જોઈને આરબ દેશો ગુસ્સે થઈ રહ્યા છે. હવે યુદ્ધવિરામ પર વાતચીત ફરી શરૂ થઈ શકે છે, પરંતુ ટ્રમ્પ અને નેતન્યાહૂનું વલણ બદલાશે તે નિશ્ચિત નથી. આ પાછળનું કારણ સમજો, બંધકોની હાલત જોઈને ટ્રમ્પ ગુસ્સે થયા છે. ગાઝાથી ભાગી ગયેલા લોકો પાછા ફરવા લાગ્યા છે. હમાસના લેબનોનમાં પણ હિઝબુલ્લાહ મજબૂત બની રહ્યું છે. ઈરાન પાડતું હોવાથી, ટ્રમ્પ ગાઝાને સમતલ કરવાનો આદેશ આપી શકે છે.

### થર્મોન્યુક્લિયર પ્રોજેક્ટની મુલાકાત કરશે : આગામી AI સમિટ ભારતમાં યોજાશે

# મોદી-ઈમેન્યુઅલ મેક્રોન માર્સે પહોંચ્યા : સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે



પેરિસ | વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મંગળવારે મોડી રાત્રે માર્સે પહોંચ્યા હતા. પીએમ મોદી અહીં ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (ITER) પ્રોજેક્ટની મુલાકાત લેશે. આ ઉપરાંત, અમે વિશ્વ યુદ્ધ દરમિયાન જીવ ગુમાવનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મઝારગ્યુસ વોર કબ્રસ્તાન પણ જશે.

માર્સેલી પહોંચ્યા પછી પીએમ મોદીએ સાવરકરને યાદ કર્યા. તેમણે X પર પોસ્ટ કર્યું કે, ભારતની સ્વતંત્રતામાં આ શહેરનું વિશેષ મહત્વ છે. ખરેખર સાવરકરની 1910માં નાસિક કાવતરું કેસ હેઠળ લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમને જહાજ દ્વારા ભારત લાવવામાં આવી રહ્યા હતા. જ્યારે તેનું જહાજ માર્સે પહોંચ્યું, ત્યારે તેઓ દરિયામાં કૂદી પડ્યા અને તરીને કિનારે પહોંચ્યા હતા. બ્રિટિશ પોલીસે માર્સેમાં તેમની ફરીથી ધરપકડ કરી હતી.

આ પહેલા, પીએમ મોદીએ તેમના ફ્રાન્સ પ્રવાસના બીજા દિવસે પેરિસમાં AI સમિટમાં હાજરી આપી હતી. તેમણે માહિતી આપી હતી કે આગામી AI સમિટ ભારતમાં યોજાશે. મોદીએ કહ્યું કે ભારત આગામી AI સમિટનું આયોજન કરીને ખુશ થશે. પેરિસ સમિટને સંબોધતા મોદીએ કહ્યું કે AI આ સદી માટે માનવતાનો કોડ લખી રહ્યું છે. તેમાં દુનિયા બદલવાની તાકાત છે. સામાજિક સુરક્ષા માટે આ જરૂરી છે. આ દર્શાવે છે કે AIની સકારાત્મક સંભાવના અસાધારણ છે.

AI લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. સમય સાથે, રોજગારનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. AIથી રોજગાર સંકટ પર ધ્યાન આપવું પડશે. ઈતિહાસ સાક્ષી છે કે ટેકનોલોજી નોકરીઓ છીનવી લેતી નથી. AI નવી નોકરીઓની તકો ઉભી કરશે.

મોદીએ કહ્યું કે ભારતે ઓછા ખર્ચે સફળતાપૂર્વક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે. ડેટા એમ્પાવરમેન્ટ દ્વારા ડેટાની તાકાતને અનલોક કરી છે. આ દ્રષ્ટિકોણ ભારતના રાષ્ટ્રીય AI મિશનનો પાયો છે. ભારત પોતાના અનુભવો અને કુશળતા શેર કરવા માટે તૈયાર છે જેથી ભવિષ્ય સારું અને બધા માટે સમાવિષ્ટ રહે.

PMએ કહ્યું- AI સમાજને એક નવો આકાર આપી રહ્યું છે મોદીએ પેરિસ સમિટની શરૂઆત AI સંબંધિત ઉદાહરણ આપીને કરી. તેમણે કહ્યું- હું એક સરળ ઉદાહરણ આપવા માંગુ છું. જો તમે તમારો મેડિકલ રિપોર્ટ AI એપ પર અપલોડ કરો છો, તો તે સરળ ભાષામાં સમજાવી શકે છે કે તેનો તમારા સ્વાસ્થ્ય માટે તેનો શું અર્થ છે.

તેમણે કહ્યું- જો તમે એ જ એપને ડાબા હાથથી લખતી વ્યક્તિનું ચિત્ર દોરવાનું કહો છો, તો એપ મોટા ભાગે વ્યક્તિને જમણા હાથથી લખતી બતાવશે. PMએ કહ્યું કે AI પહેલાથી જ આપણી અર્થવ્યવસ્થા, સુરક્ષા અને આપણા સમાજને ફરીથી આકાર આપી રહ્યું છે. આ સદીમાં AI માનવતા માટે કોડ લખી રહ્યું છે.

### આ સમિટમાં 90 દેશોએ ભાગ લીધો હતો

ફ્રાન્સની રાજધાની પેરિસમાં 90 દેશોના પ્રતિનિધિઓ AI અને સંબંધિત પડકારો પર પગલાં લેવા માટે એકઠા થયા હતા. AI એક્શન સમિટ દરમિયાન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું - AIના લીડર બનવા માટે આપણી પાસે બધું જ છે. AI માટે બે સૌથી મહત્વપૂર્ણ બાબતો ઊર્જા અને હ્યુમન રિસોર્સ છે અને આપણી પાસે તે બંને છે. તેથી યુરોપ AIનું પાવરહાઉસ બનશે.

# કલ્યાણકારી યોજનાઓના કારણે ભારતમાં મજુરો કામ કરવા તૈયાર નથી : L&T ચેરમેન

(એજન્સી) નવી દિલ્લી | તા. 12

લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ.એન. સુબ્રમણ્યમ ફરીથી હેડલાઈન્સમાં આવ્યા છે. આ વખતે તેમણે સરકારી યોજનાઓનો ઉલ્લેખ કરતાં કંઈક એવું કહ્યું છે જે મામલે ચર્ચાએ વેગવંતી બની છે. મંગળવારે ચેન્નઈમાં, તેમણે કહ્યું કે બાંધકામ મજૂરો કલ્યાણકારી યોજનાઓ અને સુખ-સુવિધાઓ મળવાને કારણે કામ કરવાથી દૂર રહે છે. CII સાઉથ ગ્લોબલ લિન્કેજ સમિટમાં તેમણે બાંધકામ ઉદ્યોગમાં મજુરોની અછત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે દુનિયામાં મોટી સંખ્યામાં લોકો કામની શોધમાં પલાયન કરી રહ્યા છે. પરંતુ, ભારતમાં લોકો કામ માટે બીજે ક્યાંય જવા તૈયાર નથી. દેશના વિકાસ માટે રસ્તાઓ અને પાવર પ્લાન્ટ જેવી માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ છે. જો કે મજુરોની અછતને કારણે આ મુશ્કેલ બની રહ્યું છે.

એલ એન્ડ ટીના સીએમડીના જણાવ્યા અનુસાર, લોકો કામ પર ન આવવાના ઘણા કારણો છે. જન ધન ખાતું, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ગરીબ કલ્યાણ યોજના, મનરેગા જેવી યોજનાઓ કારણ કે લોકો ગ્રામ્ય વિસ્તારોમાં આરામથી રહેવાનું પસંદ કરી રહ્યા છે. સુબ્રમણ્યમે કહ્યું, 'લોકો વિવિધ કારણોસર કામ કરવા તૈયાર નથી, કારણ કે બેંક ખાતા (જન ધન), ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ગરીબ કલ્યાણ યોજના, મનરેગા જેવી યોજનાઓ છે. તેઓ ગ્રામીણ સ્થળોથી બીજે જવા માંગતા નથી, આરામ કરવાનું પસંદ કરે છે.

L&T ચીફ સુબ્રમણ્યમે કહ્યું કે કલ્યાણકારી યોજનાઓના કારણે અનેક મજુરો કામ કરવા માટે કે નોકરી માટે પલાયન કરવા માટે તૈયાર નથી. સુબ્રમણ્યમે કહ્યું- એલ એન્ડ ટી પાસે કર્મચારીઓને ભેગા કરવા, ભરતી કરવા અને તેમની તહેનાતી માટે સમર્પિત એચઆર ટીમ છે. પરંતુ તે છતા નિર્માણ શ્રમિકોને કામ પર રાખવામાં પડકારો વધી રહ્યા છે.



### વ્હાઈટ કોલર્સ પ્રોફેસનલ્સમાં પણ આવી જ માનસિકતા

પલાયન કરવાની ઈચ્છા ન હોવી એ હવે માત્ર બ્લુ કોલર વર્કર્સ સુધી જ મર્યાદીત રહ્યું નથી. તેમણે હવે વ્હાઈટ કોલર્સ પ્રોફેસનલ્સમાં પણ આવી જ માનસિકતા જોઈ છે. સુબ્રમણ્યમે કહ્યું- જ્યારે હું ગ્રેજ્યુએટ ઈજનેર તરીકે એલ એન્ડ ટીમાં જોડાયો હતો, તો મારા બોસે કહ્યું કે જો તમે ચેન્નાઈથી છો તો દિલ્હી જઈને કામ કરો. પરંતુ આજે હું ચેન્નાઈના કોઈ વ્યક્તિને દિલ્હીથી કામ કરવા કહું છું તો તો તે માણસ ના પાડે છે. આજે કામની દુનિયા અલગ છે અને આપણે એ જોવું પડશે કે એચઆરની પોલિસીઓને કેવી રીતે સાનુકુળ બનાવી શકાય.

### પ્રાઈવેટ પાર્ટ પર ડમ્બેલ્સ લટકાવ્યા...પરિકર મારી લોહીલુહાણ કર્યા

# કેરેલાની એક મેડિકલ કોલેજમાં સીનિયર્સે જૂનિયર સાથે હિંસક રેગિંગ કર્યું, પાંચ આરોપી વિદ્યાર્થી અરેસ્ટ

(એજન્સી) નવી દિલ્લી | તા. 12

કપડાં ઉતારાવી, પ્રાઈવેટ પાર્ટમાં ડમ્બેલ્સ લટકાવ્યા, જેમેટ્રી કમ્પાસ બોક્સમાં રહેલાં પરિકર દ્વારા માર મારીને લોહીલુહાણ કર્યા. આ હચમચાવતી ઘટના કેરળની એક સરકારી કોલેજની છે. જ્યાં થર્ડ યરના સિનિયર વિદ્યાર્થીઓ જૂનિયર વિદ્યાર્થીઓ સાથે રેગિંગ કરતા હતા અને તેમનું શારીરિક અને માનસિક શોષણ કરતા હતા.

કેરેલાં કોટ્ટાયમની સરકારી નર્સિંગ કોલેજમાં ફર્સ્ટ યરના તિરુવનંતપુરમમાંથી આવેલાં 3 વિદ્યાર્થીઓ સાથે આ ઘટના બની હતી. આ ત્રણેય વિદ્યાર્થીઓએ હવે કોટ્ટાયમ ગાંધીનગર પોલીસમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે કહ્યું કે, નવેમ્બર 2024થી સિનિયરોએ તેમના ઉપર જે હિંસક રેગિંગ શરૂ કર્યું હતું.

થર્ડ યરના પાંચ વિદ્યાર્થીઓ અરેસ્ટ ફરિયાદના આધારે પોલીસે થર્ડ યરના પાંચ વિદ્યાર્થીઓને અરેસ્ટ કર્યા છે તેમની રેગિંગ વિરોધી કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી. પોલીસના જણાવ્યા અનુસાર ફર્સ્ટ યરનાં વિદ્યાર્થીઓને નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી હતી. તેમના સિનિયર વિદ્યાર્થીઓ તેમના પ્રાઈવેટ પાર્ટમાં ડમ્બેલ્સ લટકાવી દીધા હતા. પીડિતોને જેમેટ્રી કમ્પાસ બોક્સમાં રહેલાં પરિકર દ્વારા પણ ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. સિનિયરોએ આ ક્રૂરતાનો વીડિયો લીધો હોવાનો દાવો ક્રૂરતા અહીં જ અટકી ન હતી. ઘા પર લોશન લગાવવામાં આવ્યું હતું. જેનાથી દુખાવો વધારે થતો હતો. જ્યારે પીડિતો બૂમો પાડતા હતા, ત્યારે તેમના મોંમાં બળજબરીથી લોશન નાખવામાં આવતું હતું. સિનિયર વિદ્યાર્થીઓએ આ કૃત્યોનો વીડિયો લીધો હોવાનો પણ આરોપ છે. આ સાથે જ તેમણે જૂનિયર વિદ્યાર્થીઓને ધમકી આપી હતી કે આ મામલે જો કોઈ વિદ્યાર્થી પોતાનું મોઢું ખોલશે તો તેનું શૈક્ષણિક ભવિષ્યને જોખમમાં મૂકાશે.

જૂનિયર્સ પાસે રૂપિયા ઉઘરાવી દારૂ મંગાવતા ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સિનિયર્સ નિયમિતપણે રવિવારે જુનિયર્સ પાસેથી દારૂ ખરીદવા માટે પૈસા ઉઘરાવતા હતા. જે વિદ્યાર્થીઓ સીનિયર્સની વાત ના માને તેમને માર મારવામાં આવતો હતો. આમાંથી એક વિદ્યાર્થી જે હવે આ ત્રાસ સહન કરી શક્યો નહીં, તેણે તેના પિતાને જાણ કરી હતી. ત્યાર બાદ તેના પિતાએ તેને પોલીસનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કર્યો. હાલ પાંચેય આરોપી વિદ્યારથી પોલીસ કસ્ટડીમાં છે.

# મેગીમાં ખામી અંગે નેસ્લેના અધિકારીઓને મોટી રાહત

(એજન્સી) નવી દિલ્હી | તા. 12

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે નેસ્લે ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓ વિરુદ્ધ મેગી ઈન્સ્ટન્ટ નૂડલ્સ સંબંધિત ફોજદારી કેસને ફગાવી દીધો છે. આ કેસ ફૂડ સેફ્ટી ઓફિસર વતી 4 એપ્રિલ 2016 ના રોજ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, નાગપુર સમક્ષ દાખલ કરવામાં આવ્યો હતો.

જસ્ટિસ ઉર્મિલા જોશી ફાળકેની ખંડપીઠે ખાદ્ય નમૂનાના પરીક્ષણમાં પ્રક્રિયા સંબંધિત ખામીઓને ધ્યાનમાં રાખીને આ આદેશ આપ્યો હતો. બેંચ નેસ્લે ઈન્ડિયાના નાગપુર અને ગોવાના અધિકારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.

ફૂડ સેફ્ટી ઓફિસર કિરણ રંગાસ્વામી ગેડમે 2016માં ફરિયાદ નોંધાવી હતી, જેમાં નેસ્લે ઈન્ડિયા પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ (FSS એક્ટ), 2006ની અનેક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદ મુજબ, 30 એપ્રિલ, 2015 ના રોજ, નાગપુર નજીક નેસ્લે ઈન્ડિયાના લોજિસ્ટિક્સ હબની તપાસ કરવામાં આવી હતી જ્યાંથી મેગી ઈન્સ્ટન્ટ નૂડલ્સના નમૂના લેવામાં આવ્યા હતા. નમૂનાનું પૂણેમાં સ્ટેટ પબ્લિક હેલ્થ લેબમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યાં તે સુરક્ષિત જણાયું હતું. જો કે, ખાદ્ય સુરક્ષા અધિકારીએ બીજા અભિપ્રાય માટે નમૂનાને ગાઝિયાબાદ સ્થિત રેફરલ ફૂડ લેબમાં મોકલ્યા હતા.

ગાઝિયાબાદ લેબના 31 ડિસેમ્બર, 2015ના રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે નૂડલ્સમાં સૂકી રાખનું પ્રમાણ વધુ હતું અને નાઈટ્રોજનનું પ્રમાણ ઓછું હતું, જે નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન હતું. આ રિપોર્ટના આધારે નેસ્લેના અધિકારીઓ સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો.

નેસ્લે ઈન્ડિયાના અધિકારીઓ તરફથી હાજર રહેલા એડવોકેટ એસ.વી. મનોહરે દલીલ કરી હતી કે ગાઝિયાબાદ લેબ પરીક્ષણ સમયે NABL માન્યતા પ્રાપ્ત ન હતી. FSS એક્ટની કલમ 43 હેઠળ, ફક્ત NABL માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓ જ આવા પરીક્ષણો કરી શકે છે. ગાઝિયાબાદ લેબને 15 ડિસેમ્બર 2016 ના રોજ NABL માન્યતા પ્રાપ્ત થઈ હતી, જ્યારે નેસ્લેના નમૂનાનું તે પહેલાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### PM મોદીના વિમાન પર હુમલો કરવાની ધમકી...

# મુંબઈ પોલીસને ફોન આવ્યો; ફોન કરનાર માનસિક રીતે અસ્વસ્થ, ધરપકડ કરાઈ...

(એજન્સી) નવી દિલ્હી | તા. 12

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિમાન પર હુમલાનું જોખમ છે. 11 ફેબ્રુઆરીના રોજ, મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને એક ફોન આવ્યો જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે આતંકવાદીઓ વડા પ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે.

મુંબઈ પોલીસે આ અંગે તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દીધી હતી. જોકે, બુધવારે પોલીસે ચેમ્બુર વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે પકડાયેલો વ્યક્તિ માનસિક દર્દી છે.

છેલ્લા 4 મહિનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકીનો આ બીજો કિસ્સો છે. અગાઉ નવેમ્બર 2024 માં, મુંબઈ પોલીસના કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો ફોન આવ્યો હતો. આ કેસમાં પોલીસે 34 વર્ષીય મહિલાની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા માનસિક રીતે અસ્થિર હતી. તેણે મજાક તરીકે ફોન કર્યો. મહિલાનો કોઈ ગુનાહિત રેકોર્ડ પણ નહોતો.



### મોદીને 6 વર્ષમાં ત્રણ ધમકીઓ મળી...

2023: હરિયાણાના એક વ્યક્તિએ વીડિયો વાઈરલ કર્યો અને મોદીને ગોળી મારી દેવાની ધમકી આપી. વીડિયોમાં, યુવકે પોતાને હરિયાણાનો ગુનેગાર અને સોનીપતના મોહના ગામનો રહેવાસી ગણાવ્યો હતો. વીડિયોમાં તેણે કહ્યું હતું કે જો વડાપ્રધાન મોદી મારી સામે આવશે તો હું તેમને ગોળી મારી દઈશ.

2022: પીએમ મોદીને ઝેવિયર નામના વ્યક્તિએ ધમકી આપી હતી. ઝેવિયર કેરળ ભાજપના પ્રમુખ કે. ને મળ્યા. સુરેન્દ્રનાથને મોકલેલા પત્રમાં તેમણે તેમને મારી નાખવાની ધમકી આપી હતી અને લખ્યું હતું કે- મોદીની હાલત રાજીવ ગાંધી જેવી થશે. તે સમયે પીએમ કેરળના પ્રવાસે જઈ રહ્યા હતા. બાદમાં પોલીસે ધમકી આપનાર વ્યક્તિની ધરપકડ કરી.

2018: મહારાષ્ટ્રના મોહમ્મદ અલાઉદ્દીન ખાન નામના એક વ્યક્તિએ પોતાના ફેસબુક પેજ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી. પોતાને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો સભ્ય ગણાવતા, તેણે દેશના પાંચ મોટા શહેરોમાં વિસ્ફોટ કરવાની વાત કરી હતી. તે વ્યક્તિએ પ્રતિબંધિત સંગઠન ISISના ધ્વજનો ફોટો પણ પોસ્ટ કર્યો હતો.

# દિલ્હી એનસીઆરમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનું આગમન

(એજન્સી) નવી દિલ્હી | તા. 12

દિલ્હી એનસીઆરમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનું આગમન થયું હતું. ઘણા વિસ્તારોમાં ધીમે ધીમે તાપમાન વધી રહ્યું છે. ઘણા રાજ્યોમાં હિમવર્ષા અને વરસાદની સંભાવના છે, દિવસ દરમિયાન જોરદાર તડકો રહે છે અને સવાર-સાંજ જોરદાર પવન ફૂંકાય છે. ભારતીય હવામાન વિભાગએ આ અંગે એલર્ટ જાહેર કર્યું છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કેટરિંગ સર્વિસ કોન્ટ્રાક્ટ માટે ઇ-ઓક્શન**

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનમાં કેટરિંગ એકમોમાં કેટરિંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે નીચેની સૂચિ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | વર્ગ | ઇ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI - 04 - 24 | કેટરિંગ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 26.02.2025 ના રોજ 11:15 કલાકે શરૂ થશે |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉપરોક્ત કેટલોગ નંબરો હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 319

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

**ઇ-ટેન્ડર સૂચના નંબર 31 વર્ષ 2024-2025 તારીખ: 11.02.2025**

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-205-2024-25 | 2,33,06,480.15 | 2,66,500.00 |
| | સહાયક વિભાગીય ઇજનેર - વિરમગામના અધિકારક્ષેત્ર હેઠળ LHS ની સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | | |
| 2 | DRM-ADI-206-2024-25 | 2,33,21,394.06 | 2,66,600.00 |
| | સહાયક વિભાગીય ઇજનેર - ધ્રાંગધ્રાના અધિકારક્ષેત્ર હેઠળ LHS ની સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | | |
| 3 | DRM-ADI-207-2024-25 | 28,73,92,571.45 | 15,87,000.00 |
| | સામખ્યાલી- ગાંધીધામ વિભાગ:- CRO પ્રોન સ્થાનો સાથે જોડાણમાં ઢોર માટે વાડ પૂરી પાડવી. | | |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** તારીખ 04/03/2025 સમય 15:00 કલાકે **ઓફિસ સરનામું :** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ :** www.ireps.gov.in 318

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


### લીલીયાની સરકારી કોલેજના વિદ્યાર્થીઓનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે લઘુ નાટકમાં જોરદાર પરફોર્મન્સ




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાયબર ફ્રોડ જાગૃતિ માટે સરકારશ્રીના કવચ પ્રકલ્પ હેઠળ ઉજવાયો "સાયબર રક્ષક નાટ્ય ઉત્સવ"ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના વડપણ હેઠળ કવચ કેન્દ્ર અંતર્ગત યુવા પેઢી સાયબર ફ્રોડ થી જાગૃત થાય તેવા ઉદેશ્યથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સાયબર રક્ષક નાટક ઉત્સવ નું આયોજન તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ લીલીયાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્રેની કૉલેજના સાયબર ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉમદા લઘુનાટ્ય વડે ડિજીટલ નાણાકીય સલામતી માટે સામાજિક જાગૃતિ અને સાયબર ક્રાઈમ તથા નિવારણ વિષય પર ઉમદા પર્ફોર્મન્સ આપી તમામ દર્શકોના દિલ જીતી લીધા હતા. એક યુનિક થીમ પર અનુભવના આધાર સાથેના આ લઘુ નાટકે હાજર રહેલ દરેક શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કૉલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.રાજેન્દ્રસિંહ રાઠોડ સાહબે સમગ્ર ટીમને અભિનદન આપ્યા હતા. સાયબર ક્લબ કવચ કૉઓર્ડીનેટરશ્રી પ્રો.ડૉ. સુભાષ ઓડેદરા કેટલાય દિવસોથી આ માટેનો સખત પરિશ્રમ સાર્થક કર્યો છે.

### આગામી સ્થાનીક સ્વરાજ્યની ચુંટણી અનુસંધાને પીપાવાવ મરીન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જઆઈ.જી.ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂની બદી દુર કરવા પ્રોહીબિશનના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા તેમજ આગામી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી અનુસંધાને પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ.આર.ડી.ચૌધરી નાઓની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે પીપાવાવ મરીન વિસ્તારના ખેરા ગામની અંદર જવાના T પોઈન્ટ પાસેથી પહોચતા ખાનગીરાહે બાતમી હકીકત મળેલ હોય કે, ગોપાલભાઈ શિયાળના મીઠાના અગરમા આવેલ ઓરડીમાં ખેરા ગામના ચિંતન



બાબુભાઈ ગુજરીયાએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડી રાખેલ હોય જે જગ્યાએ રેઈડ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો પકડી પાડી સંડોવાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે..૧,૦૧,૦૩૦/- નો મુદ્દામાલ આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.ડી.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.બી.ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમના હેડ કોન્સ.વિનુભાઈ બારૈયા તથા મહેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ છે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**યાર્ડનું પુનર્નિર્માણ અને વધારાની રનિંગ લાઇનની જોગવાઈ**

ટેન્ડર સંખ્યા : **DRM/TRD/BVP/2024-25/01** તારીખ **12.02.2025** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન વિતરણ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામો માટે ઈ ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર સંખ્યા : 16-TRDBVP-2024-25 કાર્યનું નામ :** મહુવા-યાર્ડનું પુનર્નિર્માણ અને માલ પ્લેટફોર્મ સાથે વધારાની રનિંગ લાઇનની જોગવાઈ. **ટેન્ડર રકમ : ₹1,27,56,807.64/- ટેન્ડર ફી : શૂન્ય EMD રકમ : ₹2,13,800/- સરનામું :** DRM (ટ્રેક્શન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા - 364003 બિડરોએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 10.03.2025 બપોરે 15:00 વાગ્યા સુધી રહેશે. 198

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર:- S/10/2025. તારીખ:- 10-02-2025**

| ક્ર.નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી ઓ ડી |
|---|---|---|---|
| 76 | 6 ક્વાડ કેબલ, 0.9 MM DIA. | 1047 કિમી | 07 માર્ચ 25 |
| 77 | 4 MM dia મેન્યુઅલ મેટલ આર્ક વેલ્ડીંગ ઇલેક્ટ્રોડ, વર્ગ: A2 (રુટાઇલ પ્રકાર), પ્રકાર. | 897170 મીટર | 10 માર્ચ 25 |
| 78 | મોટર સસ્પેન્શન યુનિટ પૂર્ણ. | 84 નંગ | 10 માર્ચ 25 |
| 79 | લાકડી પ્રકાર માસ્ટર કંટ્રોલર. | 160 નંગ | 10 માર્ચ 25 |
| 80 | સંયોજન ઉચ્ચ ચીકણું નાયલોન (HVN) - 66 અપમાનજનક લાઈનર્સ. | 150000 સેટ | 10 માર્ચ 25 |
| 81 | ઇન્ડક્ટિવ શંટ એસેમ્બલી (SJ). | 48 નંગ | 12 માર્ચ 25 |
| 82 | 60 કિગ્રા 1 માં 8.5 ઓવર રાઈડિંગ જમણા હાથથી પાટા પરથી ઉતરતી સ્વીચો. | 150 સેટ | 12 માર્ચ 25 |
| 83 | EP (લાઇન) સંપર્કકર્તા માટે સપોર્ટ ક્લેમ્પ. | 2571 નંગ | 19 માર્ચ 25 |
| 84 | કો-કો બોગી ફ્રેમ. | 16 સેટ | 21 માર્ચ 25 |

**સુધારો**

કૃપા કરીને ટેન્ડર નોટિસ નંબર S-05-2025, તારીખ:- 17-01-2025 સીરીયલ નંબર: 38 પર '388600 સેટ' તરીકે વાંચો.

વિગતવાર નોટિસ EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www.wr.wr.gov.indian ની મુલાકાત લો.

મુખ્ય મુખ્ય સામગ્રી મેનેજર માટે.

1065

અમને લાઇક કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો twitter.com/WesternRly

## શૂટિંગ દરમિયાન સિંગર ઉમેશ બારોટની તબિયત લથડી

ગુજરાતના જાણીતા ગાયક ઉમેશ બારોટ કચ્છ ખાતે તેમના આલ્બમના ગીતનું શૂટિંગ કરતી વખતે તબિયત લથડી હોવાનું સામે આવ્યું છે. મોડી રાત્રે અચનાક ઉમેશ બારોટની તબિયત લથડતાં ભુજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કચ્છના સફેદ રણ ખાતે ગાયક ઉમેશ બારોટના આલ્બમ ગીતનું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ઉમેશ બારોટની તબિયત તબિયત બગડતા વધુ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ ઉમેશ બારોટની સારવાર ચાલી રહી છે.

## ગુજરાતમાં કોમેડિયન સમય રૈનાના તમામ શૉ રદ

સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈનાના શૉ India's Got Latentને લઈને થયેલો વિવાદ રોકાવવાનું નામ નથી લઈ રહ્યો. આ શૉના એક એપિસોડમાં કરાયેલી વિવાદિત ટિપ્પણીને લઈને દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. સમગ્ર મામલે રણવીર અલ્હાબાદિયાએ અને શૉની આખી ટીમ વિરુદ્ધ દિલ્હી અને મુંબઈમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે, ત્યારે આગામી બે મહિનામાં અમદાવાદ, સુરત અને વડોદરામાં થવા જનારા સમય રૈનાના તમામ શૉ રદ કરવામાં આવ્યા છે. શૉની મોટાભાગની ટિકિટનું પણ વેચાણ થઈ ગયું હતું.

# કુંભમાંથી પરત ફરી રહેલા ગુજરાતના યાત્રિકોની બસ પલટી : 27 પરિવારજન ઈજાગ્રસ્ત થયા

(એજન્સી) અમદાવાદ । તા. 12

અમદાવાદથી પ્રયાગરાજ મહાકુંભમાં ગયેલા અને ત્યાંથી પરત ફરી રહેલા ગુજરાતના યાત્રિકોને રાજસ્થાનમાં અકસ્માત નડ્યો છે. રાજસ્થાનના રાજસમંદ નજીક બસની બ્રેક ફેલ થતાં પલટી ખાઈ ગઈ હતી. બસમાં સવાર ગોતામાં આવેલી અંબિકા દાલવડાની દુકાનના માલિકના 10 વર્ષીય પુત્રનો હાથ કપાયો છે, જ્યારે અન્ય 27 લોકો ઘાયલ થતાં તેમને રાજસંમદ રિફર કરવામાં આવ્યા છે.

### ગોતામાં આવેલી અંબિકા દાળવડાંની દુકાનના માલિકના પુત્રનો હાથ કપાયો



**અંબિકા દાળવડાંની દુકાનના માલિક પરિવાર સહિતના લોકો ઈજાગ્રસ્ત ।** અમદાવાદમાં રહેતા અને ગોતા વિસ્તારમાં શ્રી અંબિકા દાળવડાં નામે દુકાન ધરાવતા અમિતભાઈ ચંદેલ અને તેમનાં પરિવારજનો બસમાં પ્રયાગરાજ કુંભમેળામાં ગયા હતા. બસમાં સવાર તમામ 48 યાત્રિક તેના પૈતૃક ગામ પાલીના કોસેલાવ જઈ રહ્યા હતા. અકસ્માત સમયે તમામ લોકો ઊંઘી રહ્યા હતા. અચાનક બસ પલટી જતાં તમામે બૂમાબૂમ કરી મૂકી હતી.

**રાજસ્થાનના કોસેલાવ ગામ નજીક અકસ્માત થયો ।** પોલીસના જણાવ્યા મુજબ, ચંદેલ પરિવારના પૈતૃક ગામથી 40 કિમી દૂર જ્યારે બસ હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ વિસ્તારમાં આ પહેલાં પણ અકસ્માત થઈ ચૂક્યા છે. તમામ યાત્રિકોએ પ્રયાગરાજથી પરત ફરી સાંવરિયા શેઠનાં દર્શન પણ કર્યાં હતાં. ત્યાર બાદ તેઓ પોતાના ગામ પરત ફરી રહ્યા હતા. બસમાં સવાર તમામ લોકો એક જ પરિવારના છે.

**અકસ્માત પહેલાં બસમાંથી અવાજ આવતા હતો, બ્રેક ન લાગી ।** બસમાં સવાર યાત્રિક આકાશ બોરાણાએ જણાવ્યું હતું કે બસમાં લોકો ઊંઘી રહ્યા હતા. કોઈને કંઈ ખબર જ ન પડી. ઢાળ ઊતરતા સમયે અકસ્માત થયો. બે બાળકોને ગંભીર ઈજા થઈ છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં શ્રી અંબિકા દાળવડાંની દુકાનના માલિક અમિતભાઈ ચંદેલના પુત્ર ઓમનો જમણો હાથ કપાઈ ગયો છે, જ્યારે અન્ય ઘાયલોને રાજસમંદ લઈ જવામાં આવ્યા છે.

**ઘાયલ લોકોનાં નામની યાદી**

| | | | | |
|---|---|---|---|---|
| આશિકા પ્રકાશ ચંદેલ | પાર્વતી રાજુ | જિહાન સંજય | નીલમ અમિત | દામિનીબેન |
| તમન્ના સુરેશ ચંદેલ | સંગીતા વિશાલ | ભોમાજી નવલારામ | રાજુ માનાજી | જિજ્ઞેશભાઈ |
| કન્યા તુલસીરામ | વિવેક વિશાલ | વિજય રાજુભાઈ | કાજલ અમિત | આકાશ સોહનભાઈ |
| મથુરા મીઠાલાલ | અમિત માનાજી ચંદેલ | ફાલ્ગુની પ્રકાશ | પૂજા આકાશ | મનીષ ફાઉલાલ |
| | ભાવેશ પ્રકાશ | નિમિત મનીષ | સુરેશ રાજુભાઈ | રોહન મનીષ |
| | પ્રાચી અમિત | મૂળીબેન ચંપત | દકુબેન માનાજી | જ્યોતિ મનીષ |
| | પાનીબેન ભોમારામ | વિમલા અમિત | નિશા રાજુભાઈ | |

# લંપટ પ્રોફેસર ધવલ ત્રિવેદીને આજીવન કેદ : CBI કોર્ટે દુષ્કર્મ કેસમાં સજા ફટકારી

## 10 છોકરીને ભગાડી તેના અનુભવ પર પુસ્તક લખવું હતું



(એજન્સી) અમદાવાદ । તા. 12

અમદાવાદ CBI કોર્ટેઆરોપી ધવલ ત્રિવેદીને આજીવન કેદની સજા ફટકારી છે તથા 3 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ કેસમાં આરોપી ઉપર યુવતી સાથે દુષ્કર્મ, અપહરણ અને બનાવટી ઓળખ બનાવવાનો આરોપ હતો. આ કેસની તપાસ ગુજરાત પોલીસથી હસ્તગત કરીને CBIને સોંપવામાં આવી હતી.

### આરોપીએ જુદી-જુદી ઓળખ આપી લોકોને છેતર્યા

જામીન પર છૂટ્યા પછી, તેણે જેલમાં મળેલા કેદીઓની મદદથી અંગ્રેજી ભાષા શીખવવા માટે કોચિંગ ક્લાસ શરૂ કર્યા અને પોતાને જુદી જુદી ઓળખ આપીને લોકોની છેતરપિંડી કરી હતી. તેણે યુવતીઓને જ્યોતિષશાસ્ત્રના પ્રભાવ હેઠળ લલચાવી અને પોતાને ધનિક વ્યક્તિત્વ તરીકે રજૂ કરીને છેતરપિંડી કરી હતી.

### આરોપીએ યુવતીનું બ્રેઈનવોશ કર્યું હતું

આ કેસમાં પીડિતાની ઉંમર લગભગ 18 વર્ષ 6 મહિના હતી. આરોપીએ જ્યોતિષશાસ્ત્ર દ્વારા તેના પર પ્રભાવ પાડી, તેણીનું બ્રેઈન વોશ કરી અને પરિવાર છોડીને પોતાના સાથે રહેવા માટે પ્રેરિત કરી હતી. તે સમયગાળામાં, આરોપીએ ભારતનાં વિવિધ સ્થળોએ યુવતીને રાખીને, ઘણીવાર તેની મંજૂરી વિના તેની સાથે શારીરિક સંબંધ સ્થાપ્યા હતા અને તેની સાથે મારપીટ કરી અને પછી યુવતીને આરોપીની અસલ ઓળખ વિશે જાણ થઈ.

### અગાઉ પણ આરોપી પોસ્કો-બળાત્કારના કેસમાં દોષિત ઠર્યો હતો

પીડિતા યુવતીના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી, જેના પર ગુજરાત હાઈકોર્ટે આ કેસ CBIને સોંપવાનો આદેશ આપ્યો હતો. શરૂઆતમાં આ કેસ ચોટીલા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. હાઈકોર્ટના આદેશ બાદ CBIએ આ કેસમાં તપાસ હાથ ધરી હતી. 46 વર્ષીય આરોપી ધવલ ત્રિવેદી અગાઉ પણ પોસ્કો અને બળાત્કારના કેસમાં દોષિત ઠર્યો હતો.

# સગીર સહિત 16 બાંગ્લાદેશીનો દેશ નિકાલ કરાયો, 50ની અટકાયત કરાઈ

## બાંગ્લાદેશી કંપનીઓ 25,000માં બોર્ડર પાર કરાવતી : એજન્ટો મહિલાઓને મોલમાં નોકરી અપાવવાના બહાને દેહવેપાર કરાવતા

(એજન્સી) અમદાવાદ । તા. 12

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં વર્ષોથી ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને પરત પોતાના દેશ મોકલવા માટે ભારતની તમામ એજન્સીઓ કામ કરી રહી હતી. એમાં પણ ખાસ કરીને હવે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા થોડા સમય પહેલાં કરવામાં આવેલા ઓપરેશનમાં 50 બાંગ્લાદેશી નાગરિકો અને બે સગીર વયનાં બાળકો સાથે કુલ 52 લોકોને ડિટેઈન કરવામાં આવ્યાં હતાં. આ તમામ લોકો ભારતીય પુરાવા સાથે અહીં રહેતા હતા અને એમાં પણ ખાસ કરીને મહિલાઓ સાથે શારીરિક શોષણ થતું હતું. આજે એક સગીર સહિત 16 બાંગ્લાદેશીને ડિપોર્ટ કરાયાં છે. જ્યારે અન્ય 35ને પણ આ માસના અંતમાં અથવા માર્ચની 15 તારીખ પહેલાં બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશેની માહિતી ક્રાઈમ બ્રાન્ચના ACP ભરત પટેલ દ્વારા આપવામાં આવી છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પણ X પોસ્ટ કરીને માહિતી આપી હતી.



### નોકરી અપાવવાની લાલચે 25 હજારમાં ભારતમાં ઘુસાડતા હતા

મોલમાં નોકરી અપાવવાનું કહીને ત્યાંની કંપનીઓ રૂપિયા 25,000માં ભારતમાં ઘુસાડતા હતા અને ત્યાર બાદ ગમે તેમ લોકોના ભારતીય આધાર કાર્ડ બની જતાં હતાં. પહેલી વખત ગુજરાત પોલીસે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓના ભારતીય ઓળખપત્રની સાથે તેમના બાંગ્લાદેશ રહેતા હોવાના પુરાવા શોધી કાઢ્યા હતા અને તે બાંગ્લાદેશ ગવર્નમેન્ટને ભારતીય વિદેશ મંત્રાલય મારફત પહોંચાડ્યા હતા. એમાં તેઓ મૂળ બાંગ્લાદેશી હોવાનું સાબિત થયું અને પહેલી વખત બાંગ્લાદેશી સરકારે સ્વીકાર્યું છે કે આ લોકો ગેરકાયદે સારી રીતે ભારતમાં ઘૂસેલા બાંગ્લાદેશી નાગરિકો છે

**52 બાંગ્લાદેશી ગેરકાયદે રહેતા હતા :** ચંડોળા તળાવ નજીક બાંગ્લાદેશીઓ વસાહત બનાવીને રહેતા હોય છે એવી માહિતી મળતાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આખું ઓપરેશન હાથ ધર્યું હતું અને 2024માં અમદાવાદમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશી નાગરિકોને પકડ્યા હતા. 52 બાંગલાદેશી પાસેથી બનાવટી આધારકાર્ડ સહિતના બોગસ ડોક્યુમેન્ટ મળ્યા હતા. બાંગ્લાદેશી મહિલા અને સગીર કિશોરીને હ્યુમન ટ્રાફિકિંગ કરીને લાવી દેહવેપારમાં ધકેલતા હોવાની વિગત પણ જાણવા મળી છે.

**બિઝનેસના નામે પૈસા બાંગ્લાદેશ મોકલ્યા હોવાનું સામે આવ્યું :** હાલ કુલ 15 બાંગ્લાદેશી નાગરિક અને એક સગીરાને ડિપોર્ટ કરાયાં છે, જ્યારે 35 બાંગ્લાદેશીને માર્ચ સુધીમાં ડિપોર્ટ કરવામાં આવશે. મહિલાઓનો દેહવેપાર કરીને તેમનું શોષણ કરવામાં આવતું હતું, જેમાં એજન્ટની તપાસ કરાઈ હતી. એજન્ટો મોલમાં નોકરી અપાવવાનું કહીને દેહવેપાર કરાવતા હતા અને રૂપિયા એજન્ટ લઈ લેતા અને બાંગ્લાદેશ મોકલતા હતા, એવી વિગત તપાસ એજન્સીને જાણવા મળી છે.

**તમામ નાગરિકોને બાંગ્લાદેશીઓએ સ્વીકાર્યા :** અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજિત રાજિયાને જણાવ્યું હતું કે ઘણા સમયથી બાંગ્લાદેશીઓને શોધવાની આખી ઝુંબેશ ચાલતી હતી અને અમે કરેલી તપાસમાં હવે ચોંકાવનારી વિગતો પણ સામે આવી છે, જેમાંથી હાલ તો અમે 15 બાંગ્લાદેશી અને એક સગીરને 12 જાન્યુઆરી ડિપોર્ટ કરવાની કાર્યવાહી શરૂ કરીને 1 ફેબ્રુઆરીએ રિપોર્ટ કરવામાં સફળ રહ્યા છીએ અને આ વખતે બાંગ્લાદેશ સરકારે પણ સ્વીકાર્યું છે કે તેઓ ગેરકાયદે ભારતમાં ઘૂસી ગયા હતા.

# મુખ્યમંત્રીના હસ્તે કડી તાલુકાના ઝુલાસણ ખાતે નવનિર્મિત અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યુ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત નવનિર્મિત પટેલ કુસુમબેન ભરતભાઈ ભક્તિદાસ ડૉ. પરિવાર અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગામના વિકાસ માટે કોઈપણ જરૂરિયાત હોય તો તેનું સુચારું આયોજન કરીને તમામ કામગીરી પૂર્ણ કરવા માં રાજ્ય સરકાર સહયોગ માટે તત્પર છે.વધુમાં તેમણે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસની કેડી કંડારી છે. તેઓએ ગુજરાતના ગામેગામ વીજળી અને પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. ગુજરાતના



દરેક બાળકને શિક્ષણ મળી રહે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ જેવા આયોજનો થકી અગાઉના સમયમાં શાળા ડ્રોપઆઉટ રેશિયો 35% હતો, જે આજે ઘટીને 1.98% સુધી પહોંચ્યો છે. આ તકે મહેસાણા જિલ્લાનો વિશેષ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં દીકરીઓનો શાળામાં એનરોલમેન્ટ રેશિયો 99.88% છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. શિક્ષણમાં સરકાર તો પૂરતું ધ્યાન આપી જ રહી છે પણ સરકાર સાથે જ્યારે જનભાગીદારી જોડાય ત્યારે વિકાસ હંમેશા બેવડાતો હોય છે, જેનું ઝુલાસણ અનુપમ પ્રાથમિક શાળા ઉત્તમ ઉદાહરણ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વરસાદી પાણીના સંગ્રહ માટે વડાપ્રધાનએ દેશમાં 'કેચ ધ રેઈન' ઝુંબેશ શરૂ કરાવી છે. જે અંતર્ગત વરસાદનું પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા આ શાળામાં પણ કરવી જોઈએ અને શાળાની સાથે સાથે ગામમાં પણ વરસાદી પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીએ સૂચવ્યું હતું. તેમ જણાવી દરેકે પોતાની માતાના નામે એક વૃક્ષ વાવીને, તેનો ઉછેર કરીને વડાપ્રધાનના 'એક પેડ માઁ કે નામ' અભિયાનમાં સહભાગી થવા સૌને મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો.

# વડોદરાના વાઘોડિયા સ્થિત ડૉ. એન. જી. શાહ સાર્વજનિક હાઈસ્કૂલના અમૃત મહોત્સવનો પ્રારંભ કરાવતા રાજ્યપાલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વડોદરા જિલ્લાના વાઘોડિયા સ્થિત શૈક્ષણિક સંસ્થા ડૉ. એન. જી. શાહ સાર્વજનિક હાઈસ્કૂલના અમૃત મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે. આ સંસ્થાને ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરના ઉપલક્ષ્યમાં એક વર્ષ સુધી થનારી ઉજવણીના પ્રારંભે રાજ્યપાલશ્રીએ છાત્રોને સદવિદ્યા અને પ્રાકૃતિક કૃષિનો બોધ આપ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું કે, ભારતની પ્રાચીન પરંપરામાં વિદ્યાનું અનોખું મહત્વ રહ્યું છે. કોઈ પણ વ્યક્તિનું સાચું ધન વિદ્યા અને જ્ઞાન છે. આ ધન ચોરી શકાતું નથી. તે વાપરવાથી વધે છે. તેનો મસ્તિષ્ક ઉપર ભાર પણ લાગતો નથી. સંસ્કૃતિના વિવિધ સુભાષિતોનો ઉલ્લેખ કરી આચાર્ય દેવવ્રતએ જણાવ્યું કે, વિદ્યાથી વિનય આવે છે, વિનયથી સરળતા આવે છે. સરળતાથી પાત્રતા આવે છે. પાત્રતાથી ધન આવે છે અને ધનથી ધર્મ આવે છે. જીવનનું અંતિમ લક્ષ્ય ધર્મ હોવો જોઈએ. ધર્મથી જીવનમાં સુખ અને શાંતિ આવે છે. વિદ્યા એ



જીવનની સાચી મૂડી છે. છાત્રોને શીખ આપતાં રાજ્યપાલએ કહ્યું કે, વિદ્યા એ એવું દાન છે, જેનો જેટલો ખર્ચ કરીએ એટલી તેમાં વૃદ્ધિ થાય છે. સુશિક્ષિત બાળક પરિવારનું ભવિષ્ય સુધારી શકે છે. પરિવારનું ભવિષ્ય બદલતા સમાજમાં પરિવર્તન આવે છે.

# માણેકચોક અને રતનપોળમાં ટ્રાફિકની સમસ્યાથી લોકો પરેશાન

## લારી ગલ્લા અને વાહનોના પાર્કિંગ થતા હોવાથી ટ્રાફિક, માણેકચોક ચોકસી મહાજને મુખ્યમંત્રીને પત્ર લખ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 12

રાજ્યના વિવિધ શહેરો અને ગામડાઓમાંથી તમામ પ્રકારની ખરીદી કરવા માટે શહેરના માણેકચોક અને રતનપોળમાં મોટી સંખ્યામાં લોકો આવે છે, ત્યારે માણેકચોક અને રતનપોળમાં ગેરકાયદેસર રીતે દબાણોના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાય છે. માણેકચોકમાં દિવસ દરમિયાન ખાણીપીણીની લારીઓવાળા ઊભા રહી જાય છે. જેના કારણે અવરજવરમાં તકલીફ પડે છે. ગેરકાયદેસર લારીઓના દબાણોના કારણે માણેકચોક અને રતનપોળ તરફ જવાના રોડ ઉપર થતા ટ્રાફિકને લઈને 108 એમ્બ્યુલન્સને પણ નીકળવામાં તકલીફ પડે છે. ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેર ટ્રાફિક પોલીસ ચોકસી મહાજન સાથે સંકલન કરી આ સમસ્યામાંથી કાયમી ઉકેલ લાવે તેવી માગ કરવામાં આવી છે.



### પાણીપુરીની લારીના કારણે અડધો રોડ દબાઈ જાય છે

શહેરના માણેકચોક વિસ્તારમાં ખાણીપીણીની લારીઓ વાળાનું ખૂબ મોટું દબાણ છે. રાત્રે ખાણીપીણી બજારનું માર્કેટ ભરાતું હોય છે પરંતુ માણેકચોકના ખાણીપીણી બજાર વાળા સાંજે 7 વાગ્યાથી જ માણેકચોકમાં આવી જાય છે અને રોડ ઉપર લારીઓ ઊભી રાખી દેશે જેના કારણે અવરજવરમાં તકલીફ પડે છે. માણેકચોકમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કિંગની આગળના ભાગે ત્રણ પાણીપુરીની લારીઓ વાળા ઊભા રહી જાય છે જેના કારણે રોડ અડધો દબાઈ જાય છે.

**માણેકચોકમાં લારી ગલ્લા ખૂબ વધી ગયા છે :** માણેકચોક ચોકસી બજારના પ્રમુખ ચિનુભાઈ ચોકસીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યનું સૌથી મોટું બજાર માણેકચોક અને રતનપોળ છે. જ્યાં અલગ અલગ બજાર આવેલા છે. માણેકચોક વિસ્તારમાં લારી ગલ્લાઓ ખૂબ વધી ગયા છે અને રસ્તાઓ સાંકડા થઈ ગયા છે. કોર્પોરેશનમાં આ મામલે અરજી કરીએ છીએ તો માત્ર બેથી ત્રણ દિવસ કામગીરી કરે છે પછી જેવી પરિસ્થિતિ હતી તેવી ફરીથી થઈ જાય છે. રોડ ઉપરથી લારીઓ વાળા હટવા માંગતા નથી અને ત્યાં દબાણો દૂર કરવામાં આવતા નથી. જેના કારણે તકલીફ પડે છે. બીજી કોઈ તકલીફ નથી પરંતુ ટ્રાફિકની તકલીફ છે જેને દૂર કરવા માટે અમે પત્ર લખ્યો છે.

**CMને પત્ર લખી દબાણ દૂર કરવા જાણ કરી :** માણેકચોક ચોકસી મહાજન દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મ્યુનિસિપલ કમિશનર પોલીસ કમિશનર સહિતના અધિકારીઓને પત્ર લખીને માણેકચોક અને રતનપુર વિસ્તારમાં ગેરકાયદેસર લારીઓના દબાણોને દૂર કરવા માટે જાણ કરી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે શહેરના માણેકચોક અને રતનપોળ વર્ષો જુના બજારો આવેલા છે. આ બજારોમાં સસ્તી અને સારી વસ્તુ મળતી હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મોટી સંખ્યામાં આવે છે, પરંતુ છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને માણેકચોક વિસ્તારમાં ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે.

**દિવસ દરમિયાન ટ્રાફિકની સમસ્યા ખુબ વકરી :** અતિશય ગેરકાયદેસર રીતે લારી ગલ્લાઓ દબાણ ઊભા થઈ ગયા છે. તેના કારણે આ વિસ્તારમાં દિવસ દરમિયાન ટ્રાફિકની સમસ્યા ખુબ વકરી છે. ઘણા વર્ષો જુનું માણેકચોકમાં આવેલ સોના-ચાંદી બજારએ અમદાવાદની ઓળખ છે. આ બજારમાં દિવસ દરમિયાન જે ગેરકાયદેસર લારી ગલ્લા (ખાણી-પીણી) ઉભા રહે છે તેના કારણે આવનાર ગ્રાહકોને તકલીફ પડે છે. યોગ્ય રીતે લોકો અવરજવર કરી શકતા નથી. રોડ હોવા છતાં પણ લારીઓ વચ્ચે ઉભી રાખી દે છે.

**લોકો બહાર રોડ ઉપર વાહન પાર્કિંગ કરે છે :** માણેકચોક ચોકસી મહાજન દ્વારા અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેર ટ્રાફિક પોલીસને ટ્રાફિકની સમસ્યા નિવારણ માટે ગેરકાયદેસર રીતે પાર્કીંગ કરતા વાહનોને દુર કરવા માટે પણ ભાલમણ કરેલી હતી. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ અને ટ્રાફિક પોલીસ તેમજ ખાડિયા પોલીસ દ્વારા થોડા સમય માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આજે પણ માણેકચોક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે લોકો બહાર રોડ ઉપર વાહન પાર્કિંગ કરે છે અને લારીઓ ઉભી રહે છે. જેના કારણે માણેકચોકમાં 108 જેવી ઈમરજન્સી સેવા નીકળી શકતી નથી. આસપાસનાં રહિશો તેમજ વેપારીઓને ટ્રાફિકના કારણે હાલાકીનો સામનો કરવો પડે છે.